بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


**બરકાતે ખ્વાજા** *(માસિક)*

**તા. ૦૧-જાન્યુઆરી-૨૦૧૨**

મુહર્રમુલ હરામ-સફરુલ મુઝફ્ફર

હિજરી સન : ૧૪૩૩

વર્ષ : ૦૯, અંક : ૦૧, સળંગ અંક : ૯૭

સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |



માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૧ | "બરકાતે ખ્વાજા"ના ૯મા વર્ષમાં પ્રવેશની સાથે સાથે.. | ૦૨ |
| ૦૨ | મુસલમાનો ! ઈસ્લામ પર અડગતા અપનાવો ! | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૦૮ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૦ |
| ૦૫ | શિફા શરીફ | ૧૨ |
| ૦૬ | હુદાઈકે બખ્શિશ | ૧૩ |
| ૦૭ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૧૫ |
| ૦૮ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૧૭ |
| ૦૯ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૧૯ |
| ૧૦ | માનવતાની મહેક અને મહબૂબે ઈલાહી | ૨૦ |
| ૧૧ | ફતાવા રઝવિય્યહ્ની વિશિષ્ટતાઓની એક ઝલક ! | ૨૪ |
| ૧૨ | અહલે હદીષ કે ગંદે અકાઈદ | ૨૭ |
| ૧૩ | સુલેહ કુલ્લિયતના ઝંડાધારી : તાહિરુલ કાદરી | ૨૯ |
| ૧૪ | અરબોની ઊંઘ કેટલા ગદાફીઓની વિદાય પછી ઉડશે ? | ૩૯ |
| ૧૫ | મુસલમાનો ! ભલાઈ ચાહતા હોઉ તો મદ્રસાઓને જીવંત કરો ! | ૪૩ |
| ૧૬ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૮ |


**તેરે દામને કરમ મેં જિસે નીંદ આ ગઈ હૈ**

તેરે દામને કરમ મેં જિસે નીંદ આ ગઈ હૈ
જો ફના ન હોગી ઐસી ઉસે ઝિંદગી મિલી હૈ

મુઝે કયા પળી કિસી સે કરું અર્ઝે મુદઆ મૈં
મેરી લૌ તો બસ ઉન્હીં કે દરે જુદ સે લગી હૈ

દો જહાં ભર કે દાતા મુઝે ફેર દેંગે ખાલી
મેરી તૌબા ઐ ખુદા યે મેરે નફ્સ કી બદી હૈ

મૈં મરું તો મેરે મૌલા યે મલાએકહ સે કેહ દે
કોઈ ઉસ કો મત જગાના અભી આંખ લખ ગઈ હૈ

મૈં ગુનાહગાર હૂં ઔર બળે મર્તબોં કી ખ્વાહિશ
તૂ મગર કરીમ હૈ જો તેરી બંદા પરવરી હૈ

તેરી યાદ થપકી દેકર મુઝે અબ શહા સુલા દે
મુઝે જાગતે હુએ યૂં બળી દેર હો ગઈ હૈ

તેરા દિલ શિકસ્તા **'અખ્તર'** ઈસી ઈંતેઝાર મેં હૈ
કે અભી નવીદે વસલત તેરે દર સે આ રહી હૈ

માસિક બરકાતે ખ્વાજાના

## ૯મા વર્ષમાં પ્રવેશની સાથે સાથે....

કાર્યાલય

**કામ વો લે લીજીયે તુમકો જો રાઝી કરે-ઠીક હો નામે "રઝા" તુમપે કરોળોં દુરૂદ**

પ્યારા સુન્ની ભાઈઓ ! આપનુ પ્યારુ માસિક **"બરકાતે ખ્વાજા"** પોતાના સફરની નવમી મંઝિલમાં પ્રવેશ કરી ચૂક્યું છે તેની સાથે સાથે તીખા મીઠા અનુભવોને મમરાવતુ વાગોળતુ આગળ વધી રહ્યું છે. અક઼ીદા તથા અમલ બાબતે એલાને હક઼ક઼ કરવાને કારણે ક્યારેક પોલ ચલાવનારાઓ તરફથી પથ્થરોની વર્ષા વેઠવી પડે છે તો ક્યારેક હક઼ના ચાહકો ફૂલોના ગુલદસ્તાથી પણ નવાઝતા રહ્યા છે ! બંનેની વચ્ચે સંતુલન જાળવીને **"બરકાતે ખ્વાજા"**ની સફર જારી છે કે કોઈનાથી સત્ય વાત ન ઝીરવાતાં મંથલી બંધ કરી દેવાની ધમકી આપવામાં આવે છે ! તો ક્યાંક કોઈ સત્ય વાતોથી ખુશ થઈને જોશમાં આવીને "બરકાતે ખ્વાજા" માસિકના આશિક઼ બની જોશમાં આવીને ગ્રાહક બનવા તલપાપડ થતા જોવા મળે છે. ગાળોનો વરસાદ કરનારા પણ ભેટયા અને પ્રશંસાના પુલો બાંધનારા પણ મળ્યા, સૌ સહન કરીને "બરકાતે ખ્વાજા" આગળ વધતુ રહ્યું છે. અલ્હમ્દુલિલ્લાહ !

છતાંય એક વાત નિશ્ચિત છે કે આપણા સુન્ની ભાઈ બહેનોની દીની સાહિત્ય તથા ઈલ્મે દીન પ્રત્યેની સુસ્તી જોતાં તથા આપણા સુન્નીઓનો ઈલ્મી શોખ જોતાં એવું જણાય છે કે મંથલી ચાલુ રાખવું એ "લોખંડના ચણા ચાવવા" જેવું કઠીન કાર્ય છે. ઘણા લોકો ઝબાની રીતે વાહ વાહ કરીને અટકી જાય છે તો ઘણા સલાહો સૂચનોના ઢગલા વાળી આપે છે ! પણ માસિકને ઝિંદા રાખવા માટે **અસલ ચીજ ગ્રાહકો પૂરા પાડવાં** તથા **"આર્થિક સહાય"** કરી તેનો ફેલાવો વધારવા ટેકો આપવો એ કામ કરતું જવલ્લે જ કોઈ જોવા મળે છે જેના કારણે ઘણીવાર અમારી હિંમત તૂટવા લાગે છે, અને હાલ પણ અફસોસ કે ક્રમે ક્રમે ગ્રાહકોમાં જે વધારો થવો જોઈએ તેને બદલે ગ્રાફ નીચે ઉતરતો જણાય છે, જેથી દિલના ઊંડાણથી આજીજીભરી અપીલ સુન્નીભાઈઓ બહેનો તથા સખી દાતાઓને કરીએ છીએ કે અહલે સુન્નતના પયગામને જોરશોરપૂર્વક ફેલાવવા અને "મસ્લકે આ'લા હઝરત"ના પરચમને બુલંદ રાખવા લગનપૂર્વક કામ કરતા આપણા આ મંથલી **"બરકાતે ખ્વાજા"** માસિકને કેવળ અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَને રાજી કરવા ખાતર અવશ્ય સહકાર કરશો.

એક ગુઝારિશ **દરેક ગ્રાહક**ને છે કે જેનાથી શક્ય હોય તે જરૂર **નવમા વરસના પ્રવેશની યાદમાં ફક્ત નવ નવ ગ્રાહકો** "બરકાતે ખ્વાજા"નાં કરીને અમને મોકલે અથવા **"નવ ફ્રી ગ્રાહકો"** મસ્જિદો વગેરેને મોકલવા **ફક્ત રૂા. ૧૩૫૦/-** પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે મોકલી આપે. દુઆ છે રબ્બે કરીમ તેના હબીબે પાક صَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના સદક઼ામાં સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رَحْمَةُ اللهِ عَلَيْهના વસીલાથી તેમની આ નેકીઓનો તેમને બંને જહાનમાં તેની શાને આલી મુજબ બદલો આપે. અને જે લોકો ગ્રાહકો કરીને મોકલે છે તથા જે પણ સહાય કરે છે તેમને પણ અલ્લાહ બંને જહાનની નેઅમતોથી નવાઝે, તેમની બંને જહાનની પરેશાની દૂર ફર્માવે. (આમીન)

અંતિમ વિનંતિ કે જો ખરેખર તમને **"બરકાતે ખ્વાજા" માસિક** દીન તથા સુન્નિયતની મજબૂત ખિદમત કરતુ જણાતુ હોય તો સુસ્તી ન કરો અને ફક્ત અલ્લાહ વ રસૂલને રાજી કરવાની નિય્યતે તમારા મિત્રો, સગાં સંબંધીઓમાં તથા ઈમામ સાહબો પણ મુક઼્તદીઓમાં એલાન કરીને ગ્રાહકો કરી અમને પહોંચાડે, જરૂર રબ્બે કરીમ તેનો બેહતરીન બદલો આપશે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

(નોંધ : બેંકમાં ડાયરેક્ટ રકમ જમા કરાવવા **BOB 34620100000107** પટેલ શબ્બીર અલી અથવા **SBI 10328886242**માં રકમ જમા કર્યા પછી મોબાઈલ 94274 64411 પર સંપર્ક કરવા વિનંતિ.)

# મુસલમાનો ! ઈસ્લામ પર અડગતા અપનાવો !

**તંત્રી લેખ..........**

હે મુસલમાનો ! તમો કોઈપણ જગાએ ચાલ્યા જાવ, સફરમાં હોઉ તો વિવિધ વિસ્તારોમાં પણ તમને ઠેર ઠેર જોવા મળશે કે **દરેક કૌમની ઉગતી યુવા પેઢી પશ્ચિમી સ્વચ્છંદી કલ્ચરની આશિક઼ બની ગઈ છે.** આખા જગત પર આ નાપાક કલ્ચરની જડો મજબૂત થઈ રહી છે એટલુ જ નહીં પણ ખૂદ તમો તમારા જ મુસ્લિમ સમાજમાં તમારી પોતાની આબાદીમાં બલ્કે આપણા ઘરોમાં જ નજર કરો અને યુવાન યુવતીઓની જીવન પદ્ધતિ, પહેરવેશ, બોલચાલ તથા સ્ટાઈલો, વાણી વર્તન અને વિચારસરણીઓનું તેમની હરકતોનું નિરીક્ષણ કરો તો જો તમે ઈસ્લામનું ચાહક, મુસ્લિમોનું હમદર્દ દિલ ધરાવતા હશો તો તે રડવા કકડવા લાગશે કે આપણો સમાજ અને આપણી ક઼ૌમ જાણે કે ઈસ્લામથી બગાવત કરીને યહૂદી તથા ઈસાઈ નગ્ન, ગંદા, બિભત્સ કલ્ચરને ચાહવાવાળી બનતી જાય છે. ઈસ્લામી આદાબ તથા સંસ્કાર, શરમ તથા હયા અને વડીલોની શરમ તથા સંકોચ અને માન મર્યાદાનો જનાઝો ઉઠતો જોવા મળે છે, ક્યાંક તો મુસ્લિમ નામ સિવાય કોઈ લક્ષણ મુસલમાનનું તેમનામાં જોવા નથી મળતું. (ઈલ્લા માશાઅલ્લાહ !)

### ★ આ એજ્યુકેશન છે કે જહાલત છે ★

મુસ્લિમોની પ્રગતિ કાજે આજે એજ્યુકેશન માટે ખૂબ શોર મચી રહ્યો છે અને તેના માટે ખૂબ જ જોર આપવામાં આવે છે, પણ એજ્યુકેશન તથા વિદ્યા તેને જ કહેવાય જે માણસને સારા માર્ગે વાળે, સારા સંસ્કાર આપે, સારા નરસાની સમજ આપે, જૂઠ, વાયદા ખિલાફી, અપ્રમાણિક્તા, ચોરી, છેતરપિંડી, સ્વાર્થપણુ, બેશરમી તથા ઉદ્ધતાઈ, ધાંધલ ધમાલની વૃત્તિ વગેરેથી દૂર કરીને સુસંસ્કારી તથા પ્રમાણિક તથા સાચા ખોટાની સમજવાળો, શરમ સંકોચવાળો અને સમાજ ઉપયોગી લાગણીશીલ માનવતાવાળો માણસ બનાવે કે જે એક સુઘડ પુર અમ્ન સમાજનું ઘડતર કરવામાં સહાય રૂપ બને.

અમો એજ્યુકેશનના વિરોધી નથી, જરૂર એજ્યુકેશનમાં યુવાન યુવતીઓ આગળ વધે પણ સાથોસાથ દીની ઈસ્લામી સંસ્કૃતિને સાચવીને ચાલે, ઈસ્લામી જ્ઞાન, દીની ઈલ્મ અને **મુસલમાને કઈ રીતે જીવવું તે તેમના દિલો દિમાગમાં હોવું જોઈએ,** નહીં તો **ફક્ત સ્કૂલ કોલેજોનું શિક્ષણ તથા ત્યાંનો બગડતો જતો માહોલ તેને ડિગ્રીઓ તો અપાવશે પણ તેના જીવનમાંથી ઈસ્લામી રૂહ તથા મુસ્લિમ સંસ્કૃતિને શોષીને ફેંકી દેશે** અને પછી જતા દિવસે તે યુવાપેઢી દુનિયવી રીતે કદાચ પૈસાદાર બનીને સુખ સગવડવાળુ જીવન અને સુખી દુનિયવી લાઈફ તો બનાવી શકશે પણ **મુસલમાનનો અસલ ધ્યેય કે "આખેરતનું જીવન સમારવું"** તેનાથી વંચિત રહીને જહન્નમના માર્ગે ચાલી નીકળશે, અને એનું નામ જ જેહાલત છે.

આજે "એજ્યુકેશન ! એજ્યુકેશન !"ની બુમો ખૂબ ઉઠી રહી છે, કહેવાતા મુસ્લિમ લીડરો મુસ્લિમ કૌમની લાગણી દર્શાવી જગા જગા મુસ્લિમ જાગૃતિના પ્રોગ્રામો રચીને તથા સ્ત્રી શિક્ષણ પર જોર આપીને કૌમના પછાતપણા પર મગરનાં આંસૂ સારી રહ્યા છે, પણ જેટલો આધુનિક શિક્ષણનો વ્યાપ વધી રહ્યો છે એટલી જ ઈસ્લામથી દૂરી અને સાચા મુસલમાનનાં લક્ષણોથી, સુન્નતોથી, ઈસ્લામી લિબાસથી સુગ યુવાન યુવતીઓમાં વધતી જઈ રહી છે, ઈસ્લામી અખ્લાક઼ તથા અક઼ીદામાં પણ કમજોરી વધી છે જેથી

એનો પણ ઈલાજ થવો જોઈશે. જો યુવાન યુવતીઓ એજ્યુકેટેડ બનીને પોતાને બુદ્ધિશાળી સમજીને ઈસ્લામી તૌર તરીક઼ા તથા ઈસ્લામી આદેશો તથા સંસ્કારથી નફરત પેદા કરે અને તેને જૂનવાણી (ઓર્થોડોક્સ) સમજવા લાગે, ઈસાઈ, યહૂદી જેવા સ્વચ્છંદી મોડર્ન કલ્ચરને ચાહવાવાળાં બની જાય, **પોતે મુસલમાન દેખાવાને યુવાન શરમ અનુભવે તથા યુવતીને પર્દો પહેરવાની શરમ આવે અને નગ્નતાભર્યો પોશાક પહેરવામાં તેણી ગર્વ અનુભવે,** ઈસ્લામી આદેશો, કુર્આન હદીષના ફર્માનો વિરુદ્ધ ડાયરેક્ટ ઈન્ડાયરેક્ટ જબાન ખોલે, તો બતાવો આ એજ્યુકેશન કહેવાશે કે જેહાલત ? **આ જ કાર્ય તો ઈસ્લામના આગમન પહેલાં અરબ તથા અન્ય દેશોના લોકોનું હતું ! જેથી જ તો એને "જેહાલતનો યુગ" કહેવામાં આવે છે.** તો શું આ જેહાલતના યુગ પ્રતિ અધોગતિ નથી ? અફસોસ ! કે આજે એને જ (કુ)બુદ્ધિજીવીઓ પ્રગતિ કહી રહ્યા છે.

### ★ નવી પેઢીને દીની માહોલથી જોડી આપો ! ★

યુવા પેઢીને ઈસ્લામ વિરુદ્ધ ગલત માર્ગે જતી તથા સ્વચ્છંદી બનતી અટકાવવા માટે તેના દિલો દિમાગમાં ઈસ્લામ તથા ઈસ્લામી આદેશોની મહોબ્બત ઘર કરી જાય અને તેઓ ઈસ્લામી તૌર તરીક઼ાની સાથે આધુનિક એજ્યુકેશન પામવા આગળ વધે તે માટે દીની કિતાબોનું સતત વાંચન કરે, તેમજ નિયમિત સુન્નતે રસૂલ વિશે તથા સહાબા તથા બુઝુર્ગોનાં વર્ણનો, તેમના અખ્લાક઼ તથા કિરદાર, હઝરત ફાતિમા ઝહરા તથા અન્ય ઈસ્લામની નેક ખાતૂનો رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْنَનાં જીવન ચરિત્રોનો અભ્યાસ પણ સાથે સાથે મેળવે એ અનિવાર્ય છે. એના માટે તેહરીકે "સુન્ની દા'વતે ઈસ્લામી"થી જોડાયને તેના ઈજતેમા તથા અન્ય સુન્ની ઉલમાના તે પ્રોગ્રામો જ્યાં દીની તર્બિયત થાય તેવા પ્રોગ્રામોમાં જાય, યુવાનો તર્બિયતી કાફલાઓમાં હાજરી આપી દીનદારી અપનાવે, તો હાલના સંસ્કારિક ખરાબીમાં સબડતા માહોલમાં પોતે સંભલીને જીવી શકશે. ઈન્શાઅલ્લાહ ! અને દીની માહોલથી જોડાયેલ રહેશે તો યુવાન યુવતીઓ આવારગીથી બચી જશે. દીની માહોલની બરકતોથી કેટલાય માર્ગ ભૂલેલા યુવાનો યુવતીઓ તૌબા કરીને ઈસ્લામી ઢબથી જીવતાં થયાં છે. જો એમને એમના હાલ પર આઝાદ છોડી મૂકશો અને દીન તરફ વાળવા સતત કોશિશો નહીં કરો તો પૂરી શક્યતા છે કે યુવાની એવી ભટકી શકે છે કે માબાપે છેવટે પસ્તાવાનો સમય આવે, માટે તેમની શરૂથી જ દીની તર્બિયત કરતા રહો.

### ★ આ પણ મુસલમાન યુવાનો હતા ! ★

એક યુવાન સહાબીએ રસૂલ હઝરત સઅદ رضی اللہ عنہ શ્યામવર્ણના તથા ગરીબ હતા પણ તેમનું દિલ નૂરે ઈમાનથી મુનવ્વર અને કિરદાર પાકીઝા હતો. શાદી વિશે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના પૂછવા પર તેમણે અર્ઝ કરી કે કોઈ રિશ્તો કરવા તૈયાર નથી. તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, "મેં તમારી શાદી અમ્ર બિન વહબની પુત્રી સાથે કરી આપી, તમે તેમના ત્યાં જાવ અને બતાવો કે રસૂલુલ્લાહ ﷺએ તમારી પુત્રીના નિકાહ મારી સાથે કરી આપ્યા. હઝરત સઅદ ખુશ થઈને ત્યાં ગયા અને પયગામ સંભળાવ્યો તો હઝરત અમ્ર બિન વહબ અચંબામાં પડી ગયા, તેમની પુત્રી અતિ ખૂબસૂરત હતી તથા સામે શ્યામવર્ણ તથા ગરીબ સઅદ હતા જેથી તેમણે હઝરત સઅદને ના પાડી પરત કરી દીધા.

હઝરત સઅદ તથા અમ્ર બિન વહબ વચ્ચે થતી વાતચીત તેમની પુત્રી સાંભળી રહી હતી તેણે આ સાંભળ્યું તો બોલી કે જો રસૂલુલ્લાહ ﷺએ મારા નિકાહ તારી સાથે કરી આપ્યા છે તો એ મને મંઝૂર છે કે જેનાથી અલ્લાહ વ રસૂલ રાજી છે. પછી પોતાના પિતાને સંબોધીને બોલી કે એના પહેલાં કે વહીએ

ઈલાહી તમને દુનિયામાં તથા આખેરતમાં બેઈજ્જત કરી નાખે, જલ્દી જાવ ! અને રસૂલુલ્લાહ ﷺથી માફી માંગી લો ! એના પર હઝરત વહબ બિન અમ્રને એહસાસ થયો કે પોતે ઉતાવળમાં કેવી ગંભીર ભૂલ કરી બેઠા કે રસૂલે પાક ﷺના હુકમ સામે 'ના'' બોલી ઉઠયા ! જેથી દોડતા બારગાહે રિસાલતમાં પહોંચ્યા અને માફી માંગી લીધી.

હવે હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ સઅદ رضی اللہ عنہને પોતાની પત્ની પાસે જવા માટે કહ્યું તો હઝરત સઅદ પોતાની નવવધુ માટે તોહફા ખરીદવા બજાર પહોંચ્યા. હજી કાંઈ ખરીદવા ન પામ્યા હતા એવામાં એલાન સાંભળ્યું કે, ''હે અલ્લાહના સિપાહીઓ જેહાદના માટે સવાર થઈ જાવ ! અને જન્નતની ખુશખબરી મેળવો !''

જેહાદનું એલાન સાંભળતાં જ હઝરત સઅદ رضی اللہ عنہની શાદી માટેની સર્વ ભાવનાઓ ઠંડી પડી ગઈ અને અલ્લાહની રાહમાં કુર્બાન થવાનો જઝબો તેમના પર છવાઈ ગયો, જેથી તે દુલ્હન માટે તોહફા ખરીદવાને બદલે તલ્વાર, ભાલો અને ઘોડો ખરીદીને મુજાહિદોમાં સામેલ થઈ ગયા અને જંગ શરૂ થઈ તેમાં ખૂબ જ બહાદુરીપૂર્વક લડીને ઈસ્લામને ખાતર શહીદ થઈ ગયા. હુઝૂર ﷺએ મહોબ્બતભેર આપનુ સરમુબારક પોતાની ગોદમાં રાખી લીધું અને ફર્માવ્યું, સઅદના શસ્ત્રો તથા ઘોડો તેમની નવવધુને પહોંચાડી દેવામાં આવે. અને અમ્ર બિન વહબને ફર્માવ્યું કે અલ્લાહે સઅદની શાદી તમારી પુત્રીથી બેહતર પુત્રી (હૂર) સાથે કરી આપી. *(સીરતે ઈબ્ને હેશામ)*

એ જ પ્રમાણે નવયુવાન સહાબી હઝરત હન્ઝલા رضی اللہ عنہનો બનાવ વર્તમાન મુસલમાન યુવાનો માટે બોધદાયક છે. આપ મદીના પાકમાં હતા અને જંગે ઓહદની રાત્રે જ આપના નિકાહ થયા હતા. હજી રાતમાં આપનો નવવધુ સાથે મેળાપ થયો જ હતો અને સવાર થતાંમાં જ જેહાદ માટે એલાન સાંભળવામાં આવ્યું તો આપ એ જ હાલતમાં પત્નીને અલવિદા કહીને જેહાદમાં શરીક થઈ ગયા અને બહાદુરીપૂર્વક જંગમાં દુશ્મનોનો સામનો કરતા રહી શહીદ થઈ ગયા. તેમની શહાદત પછી હુઝૂર ﷺએ જોયું કે ફરિશ્તા તેમને ગુસ્લ આપી રહ્યા છે. હઝરત સહલ બિન સઅદ સાઅદી رضی اللہ عنہ હુઝૂર ﷺથી આ વાત સાંભળ્યા બાદ હઝરત હન્ઝલા رضی اللہ عنہની લાશ મુબારક પાસે ગયા તો જોયું કે તેમના માથેથી પાણીનાં ટીપાં ટપકી રહ્યાં છે. *(મદારિજુન્નબુવ્વત, ભાગ : ૨)*

આ તે પાકીઝા યુવાન સહાબીઓ હતા જેનાથી યુવાન યુવતીઓ બોધ લે અને સમજે કે રસૂલેપાક ﷺના હુકમ પર જાંનિસારી કોને કહેવાય અને મુસલમાન યુવાન યુવતી કેવાં હોય ?! અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَના હુકમ સામે પોતાની કોઈ હૈસિયત તેઓ સમજતાં ન હતાં. ત્યારે જ તો શ્યામવર્ણ ગરીબ સહાબી સઅદને માલદાર સુંદર યુવતી નસીબ થઈ છતાં દીનની રક્ષા ખાતર, ઈસ્લામની મહોબ્બતને ખાતર પોતાની ભાવનાઓને કુર્બાન કરી આપી અને શાદી કરવાને બદલે જંગમાં પહોંચી રાહે ખુદામાં શહાદત વહોરી લીધી. અને એ સહાબિયા પાકીઝા યુવતીના ઈમાન પર કુર્બાન જાવ કે કેવો મહોબ્બતે રસૂલનો જઝબો સીનામાં સમાયેલો હતો કે પિતાએ ના પાડી તો સામે ચાલીને કહ્યું કે, ''મને આ રિશ્તો મંઝૂર છે કે જેમાં અલ્લાહ વ રસૂલ રાજી છે !'' હું કયામતમાં સૌના પર ફખ્ર કરીશ કે મારા નિકાહ રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامએ કરી આપ્યા હતા ! તેમની જિંદગીનો મક્સદ જ અલ્લાહ વ રસૂલને રાજી કરવાનો હતો જેથી પોતાની મનેચ્છાઓને ખુદા વ રસૂલની ખુશી સમક્ષ કુર્બાન કરતાં હતાં.

એ જ પ્રમાણે ગસીલુલ મલાઈકા હઝરત હન્ઝલા رضی اللہ عنہનો પ્રસંગ જુઓ અને આજના યુવાનો અને આજની શાદીઓ તથા સુહાગ રાતના મોકાઓ પર યુવાનોની કૈફિયત જુઓ. **હાલ તો શાદીનો પ્રસંગ એટલે જાણે શરીઅતના નિયમોને સરે આમ તોડવાની આઝાદીનો પ્રસંગ ! (મઆઝલ્લાહ !) એ રીતે યુવાનો યુવતીઓ વડીલો વર્તી રહ્યાં છે.** અને સુહાગ રાત તથા શાદીના દિવસોમાં દીન

ખાતર જાન તો શું આપે, પણ બેધડક નમાઝો પણ છોડવામાં આવે છે. જ્યારે તે યુવાન સહાબા હતા કે શાદી શું ચીજ છે ? સુહાગ રાત શું ચીજ છે ? ઈસ્લામને ખાતર પોતાની જાનો નિછાવર કરવાને જ પોતાનું સદ્ભાગ્ય સમજતા હતા.

## ★ ધર્મોમાં ભેળસેળની વર્તમાન ગંભીર સ્થિતિ ★

નેક અમલો પર રહેવું, બુરાં કામો તથા હરામ ચીજોથી બચવું એ તો અલગ વાત છે પણ આજકાલ તો સ્કૂલ કોલેજોમાં અભ્યાસ કરતાં મુસલમાન યુવાન યુવતીઓ ગૈર કૌમો સાથે તેમના તહેવારો કે જે શિર્કમય પ્રવૃત્તિઓથી ભરપુર હોય છે તેમાં ઘણે ઠેકાણે શોખભેર જોડાય છે, વળી નવરાત્રીમાં માતાના ગરબા ગાવાના પ્રોગ્રામોમાં હાજર રહે છે, તો મુસ્લિમ બહેનો કેટલાક ઠેકાણે ગૌરીવ્રતમાં જોડાયને પૂજા વિધિમાં ભાગ લઈ ધન્યતા અનુભવે છે ! તેમજ બે ટકાની ખુરશી માટે તથા દુનિયાના જાઈઝ નાજાઈઝ માલ કમાવાની લાલચમાં તથા પ્રખ્યાત થવા માટે રાજકરણી મુસલમાન કહેવાતા યુવાનો, વડીલો, બની બેઠેલા લીડરો ગૈર મઝહબવાળાને તેમના બાતિલ મઅબૂદો એટલે મૂર્તિઓ જે તે રાજકીય પક્ષના લીડરોને ભેટ આપે છે, કુફ્રી કલામ લખેલા ખેસો પોતાના માનીતા નેતાઓને ખુશ કરવા ભેટ આપીને પોતાના ઈમાનનો સોદો કરી લે છે ! ક્યાંક નેતાના માનમાં ઈસ્લામી ટોપીઓ ઉતારવાનું કહેતાં બેગૈરત બની ટોપી કાઢી નાખે છે, તો ક્યાંક જૈન સ્વામીઓ સાથે ગૌપૂજામાં જોડાયને ગાયને માથે કુમકુમ તીલક કરીને કાયદેસર પૂજા કરીને ઈસ્લામને અલવિદા કહી આપે છે ! એવા કહેવાતા મુસ્લિમ યુવાનો તથા વડીલો માટે નીચેનો પ્રસંગ બોધદાયક છે, તેને વાંચે અને દીન, ઈમાન તથા ઈસ્લામનું મહત્વ સમજી આ નાશવંત દુનિયાની ક્ષણિક વાહ વાહ તથા મામૂલી દૌલત ખાતર હમેશાંની જિંદગી આખેરતને બર્બાદ કરી જહન્નમના પાત્ર ન બને.

## ★ ઈસ્લામ પર અડગતા તે આનુ નામ ! ★

હઝરત અબ્દુલ્લાહ બિન હુઝૈફા رضی اللہ عنہને રોમીઓએ કેદ કરી લીધા અને પોતાના સરદારની પાસે લઈ આવ્યા. તેણે આપને કહ્યું કે ઈસાઈ બની જાવ તો તમને મારી હુકૂમતમાંથી પણ હિસ્સો આપીશ અને મારી સુંદર પુત્રી પણ તમારી સાથે પરણાવી દઈશ. આપે ફર્માવ્યું, **તું મને તારી બધી જ દૌલત તથા સત્તા અને સર્વ અરબવાસીઓની દૌલત એ શર્ત પર આપે કે હું એક પળ માટે પણ અમારા નબી કરીમ علیہ الصلوٰۃ والسلامના દીનથી દૂર થાઉં, તો પણ હું એને કૂબૂલ કરીશ નહીં.** તો તેણે ધમકી આપી કે હું તમને કત્લ કરી દઈશ ! આપે ફર્માવ્યું, બહું જ ખુશીથી ! તે સરદારે આપને સૂળી પર લટકાવવાનો હુકમ આપ્યો અને તીરંદાઝોને કહ્યું કે તેમના હાથો તથા પગો પર ધીરે ધીરે ઈજા કરતા રહો. તેમણે એ પ્રમાણે કરવાનું શરૂ કર્યુ. ત્યારબાદ ફરી તેણે આપને ઈસાઈયત કૂબૂલ કરવાની ઓફર કરી તો આપે ના પાડી દીધી. તેણે આપને સૂળી પરથી ઉતારી લેવાનો હુકમ આપ્યો અને એક તાંબાની દેગને આગમાં ગરમ કરી અને એક મુસલમાન કેદીને હઝરત અબ્દુલ્લાહ બિન હુઝૈફા رضی اللہ عنہ સમક્ષ તે દેગમાં ફેંકી દીધો અને તે મુજાહિદે ત્યાં તડપી તડપીને જાન આપી દીધી. આ અમલી ધમકી પછી ફરી તે સરદારે કોશિશ કરી કે આપ ઈસાઈયત કૂબૂલ કરી લો પણ આપ સતત ના પાડતા રહ્યા, છેવટે આપને પણ દેગમાં ફેંકવાનો હુકમ આપ્યો. જ્યારે જલ્લાદ આપને લઈને એ તપતી દેગની તરફ જઈ રહ્યા હતા તો મજબૂતી તથા અડગતાના આ પહાડમાં બેચૈનીની રજમાત્ર પણ ઝલક ન હતી. જ્યારે દેગના કિનારે પહોંચ્યા તો આપની આંખોથી આંસૂ ટપકી પડયાં. સરદારને વિચાર આવ્યો કે કદાચ હવે એ ઈસ્લામ છોડીને મારા દીનને સ્વીકારી લેશે એટલે પાછા લાવવાનો હુકમ કર્યો અને રડવાનુ કારણ પૂછયું. આપે ફર્માવ્યું કે, હું એ કારણે રડી પડયો કે મારી એક જ જાન છે જેને અલ્લાહને રાજી કરવા માટે દેગમાં નાખવા જઈ રહ્યો છું, કાશ ! મારી પાસે એટલી જાનો હોત જેટલા મારા શરીર પર વાળ છે અને હું સૌને

મારા રબની ખુશ્નૂદી પામવા માટે આ દુનિયાના અઝાબમાં ઝોંકી દેત. સરદારે આપને કેદ કરી આપ્યા અને ખાવા પાણી બંધ કરી આપ્યું અને કેટલાક દિવસો સુધી ભૂખ્યા તરસ્યા રાખ્યા બાદ થોડોક શરાબ અને થોડોક સુવ્વરનો ગોશ્ત આપની પાસે મોકલ્યો, પરંતુ આપે હાથ સુદ્ધાં ન લગાડયો. સરદારે ફરી આપને બોલાવ્યા અને ન ખાવાનુ કારણ પૂછયું. આપે ફર્માવ્યું, મજબૂરીની હાલતમાં જો કે આ હરામ નથી પરંતુ હું તને એ મોકો નથી આપવા ચાહતો કે તું મારા ઈમાનની કમજોરીના કારણે ખુશી પ્રદર્શિત કરે. સરદારે કહ્યું, એવું કરો કે મારા માથાને બોસો આપો તો હું તમને આઝાદ કરી દઈશ ! આપે કહ્યું કે મારી સાથે મારા મુસલમાન સાથી ભાઈઓને જેઓ કૈદ છે તેમને પણ છોડી મૂકશો ? તેણે કહ્યું, હા ! આપે તેના માથાને ચૂમ્યું તો તેણે આપને તથા સર્વ મુસ્લિમ કેદીઓને આઝાદ કરી દીધા. જયારે આ હઝરાત હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની પાસે પહોંચ્યા અને તેમને સર્વ હકીકત સંભળાવી તો આપે ફર્માવ્યું, ''દરેક મુસલમાન પર ફર્ઝ છે કે અબ્દુલ્લાહ رضی اللہ عنہનું માથુ ચૂમે, અને હું શરૂઆત કરું છું. જેથી આપે ઉભા થઈને હઝરત અબ્દુલ્લાહ બિન હુઝૈફા رضی اللہ عنہનું માથુ ચૂમ્યું. *(તફસીરે ઈબ્ને કષીર)*

## ★ કહેવાતા બુદ્ધિજીવીઓની કુબુદ્ધિના રવાડે ન ચઢશો ! ★

હે મુસલમાનો ! આપણા બુઝુર્ગોની ઈસ્લામ તથા ઈમાન પરની આવી અડગતાએ જ આપણા સુધી ઈમાન તથા ઈસ્લામની નેઅમત પહોંચાડી છે. આજે આપણી પાસે તેની કદરો કિંમત નથી કે વાત વાતમાં ધર્મોમાં ભેળસેળ કરીએ છીએ, મુશ્રિકોની રથયાત્રાઓ તથા શિર્કિયા જુલૂસોમાં પૂજારીઓ તથા મૂર્તિઓને પણ ફૂલહાર થાય છે ! તો વળી ક્યાંક મુસ્લિમોની પ્રગતિ માટેની ઠેર ઠેર મિટિંગો કરીને સર્વ બાતિલ ફિર્કાઓ વહાબી, દેવબંદી, શીઆ..... વગેરેને એક થઈ જવાની હાકલ આપણા કહેવાતા રાજકીય લીડરો કરી બેસે છે, અને ''ફિર્કાબંધી દૂર કરો ! વાડાબંધી દૂર કરો !''ની બૂમો પાડી પોતાને મુસ્લિમ બુદ્ધિજીવીમાં ખપાવે છે. પોતે કોંગ્રેસ, ભાજપ, બસપની જુથબંધી કરે તો કાંઈ નહીં ! પણ અહીં ઈસ્લામમાં જાહેરી રીતે કૌમને દુનિયવી લાભો થાય તેની લાલચ દેખાડીને **જેઓના અકીદા કુર્આન હદીષની રૂએ કુફ્રી છે તેમને મુસલમાન ભાઈ સમજીને આખેરતને બર્બાદ કરવાનું કહે છે, તો એ બુદ્ધિજીવીનું કામ નથી પણ કુબુદ્ધિજીવીનું કામ છે.** ખાસ કરીને ''ગુજરાત ટુ ડે'' તથા સામાન્યતઃ અન્ય વર્તમાનપત્રોમાં એવા લોકોને બુદ્ધિજીવી દર્શાવીને મુસ્લિમ કૌમને સતત ગૈરમાર્ગે દોરવામાં આવે છે, પણ **સુન્ની મુસલમાનોએ અકીદાની બાબતે કોઈ બાંધછોડ કરવી જોઈએ નહીં અને ૧૪૦૦ વરસથી ઈસ્લામના બુઝુર્ગોએ અહલે સુન્નત વ જમાઅત સિવાય જે જે નવા ફિર્કા થયા તેને ઈસ્લામથી ખારિજ દર્શાવ્યા છે તેના પર જ અડગ રહેવું જોઈએ.** હા ! જેમાં સર્વનો ફાયદો હોય અને ગવર્નમેન્ટ તો સર્વ કલ્માગોને મુસલમાન સમજે છે જેથી જયારે ગવર્નમેન્ટ સામે એવા કોઈ પ્રશ્નની રજૂઆત પૂરતુ તેટલો સમય તે મકસદની કામયાબી માટે સામૂહિક રજૂઆતમાં સાથ સહકાર આપી શકાશે, નહીં તો ગુસ્તાખે સહાબા હોય કે ગુસ્તાખે નબી (શીઆ કે વહાબી) કે અન્ય બાતિલ ફિર્કાવાળા તેમની સાથે તેમને ખરેખર મુસલમાન સમજવા એ રીતે એક થઈ જવું એ દુનિયવી સુખ સગવડ પામવા ખાતર આખેરતનો સોદો કરવા સમાન છે. અંતમાં બરકત માટે રબ તઆલાના આ હુકમ પર વાતને ખત્મ કરું છું જેના પર નજાતનો આધાર છે કે રબ ફર્માવે છે : ''હે ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો જેવો તેનાથી ડરવાનો હક્ક છે, અને મરો તો મુસલમાન હોવાની હાલતમાં જ મરો.'' *(આલિ ઈમરાન, ૧૦૨/૧૦૩)*

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

إِذْ قَالَ اللّٰهُ يٰعِيسٰى إِنِّيْ مُتَوَفِّيْكَ
وَرَافِعُكَ إِلَيَّ وَمُطَهِّرُكَ مِنَ الَّذِيْنَ كَفَرُوْا
وَجَاعِلُ الَّذِيْنَ اتَّبَعُوْكَ فَوْقَ الَّذِيْنَ كَفَرُوْا
إِلٰى يَوْمِ الْقِيٰمَةِ ۚ ثُمَّ إِلَيَّ مَرْجِعُكُمْ فَأَحْكُمُ
بَيْنَكُمْ فِيْمَا كُنْتُمْ فِيْهِ تَخْتَلِفُوْنَ ﴿٥٥﴾ فَأَمَّا
الَّذِيْنَ كَفَرُوْا فَأُعَذِّبُهُمْ عَذَابًا شَدِيْدًا فِي
الدُّنْيَا وَالْاٰخِرَةِ ۫ وَمَا لَهُمْ مِّنْ نّٰصِرِيْنَ ﴿٥٦﴾ وَأَمَّا
الَّذِيْنَ اٰمَنُوْا وَعَمِلُوا الصّٰلِحٰتِ فَيُوَفِّيْهِمْ أُجُوْرَهُمْ ۗ
وَاللّٰهُ لَا يُحِبُّ الظّٰلِمِيْنَ ﴿٥٧﴾

**ત.....ર્જુ.....મો.....**

''અને યાદ કરો ! જ્યારે ફર્માવ્યું અલ્લાહે, હે ઈસા ! યકીનન હું પૂરી ઉમર સુધી પહોંચાડીશ તમને[૫૯] અને ઉઠાવનાર છું હું તમને પોતાની તરફ અને પાક કરનારો છું તમને[૬૦] એ લોકો (ના આક્ષેપો)થી જેમણે (તારો) ઈન્કાર કર્યો અને બનાવનારો છું તેમને જેમણે તારી પયરવી (અનુસરણ) કરી[૬૧] ગાલિબ (સવાર) કુફ્ર કરનારાઓ પર કયામત સુધી[૬૨]. પછી મારી તરફ જે તમારે પલટીને આવવાનુ છે, તો (એ સમયે) હું ફૈસલો કરીશ તમારા વચ્ચે (એ બાબતોનો) જેમાં તમે મતભેદ કરતા રહેતા હતા. તો તેઓ જેમણે કુફ્ર કર્યું તેમને હું અઝાબ આપીશ, સખ્ત અઝાબ ! દુનિયામાં અને આખેરતમાં, અને ન થશે એમના માટે કોઈ મદદગાર. અને તે જેઓ ઈમાન લાવ્યા અને નેક કામો કર્યા, તો અલ્લાહ તેમને પૂરે પૂરો બદલો આપશે, અને અલ્લાહ તઆલા નથી મહોબ્બત કરતો જુલ્મ કરનારાઓ સાથે.''

**તફસીર.........**

**૫૯.** ઈલ્મે મઆનીનો આ સિદ્ધ થયેલ કાયદો છે કે જો કોઈ શબ્દનો એક હકીકી અર્થ હોય અને બીજો મજાઝી, તો હકીકી અર્થને મજાઝી અર્થ પર અગ્રતા આપવામાં આવશે. હા ! જો કોઈ એવો કરીનો (પદ્ધતિ) જોવા મળે જેના હોવાથી હકીકી અર્થ મુશ્કેલ હોય તો એ વખતે હકીકી અર્થને ત્યજીને મજાઝી અર્થ મુરાદ લેવામાં આવશે, પરંતુ એવા મજબૂત કરીનાઓ મૌજૂદ હોય જે હકીકી અર્થ મુરાદ લેવા માટે જ સહાયક હોય તો એ હાલતમાં હકીકી અર્થને ત્યજીને મજાઝી અર્થ લેવા આગ્રહ રાખવો એ તો ઉલ્ટી ગંગા વહાવવા જેવું છે. હવે તમો શબ્દ توفی ના અર્થ પર વિચારણા કરો. તાજુલ ઉરૂસમાં શબ્દ وفی ની તેહકીક કરતાં લખે છે : ''પૂરેપૂરું લઈ લીધું અને એનાથી કોઈ ચીજ બાકી ન રહેવા દીધી.'' ઈમામ અબૂ અબ્દુલ્લાહ કુર્તબી અલ જામિઉલ અહકામિલ કુર્આનમાં લખે છે : ''મેં એનાથી સઘળો માલ પાછો લઈ લીધો.'' આ તો છે શબ્દ توفی નો હકીકી અર્થ. હા ! મૌતના અર્થમાં પણ વપરાય છે, પરંતુ એ એનો મજાઝી અર્થ છે. જેમ કે તાજુલ ઉરૂસના કર્તા લખે છે :–

ومن المجاز ادركته الوفاة اى الموت والمنية وتوفى فلان اذ مات وتوفاه الله عزّوجل اذاقبض روحه

હવે તમે ખૂદ ફેંસલો કરો કે એક શબ્દનો હક઼ીક઼ી અર્થ ત્યજીને ક઼રીના વિના એનાથી મજાઝી અર્થ કાઢવા પર આગ્રહ કરવો આ શબ્દની સાથે કેટલો નિરર્થક જુલ્મ છે. અને અહીં કેવળ એટલું જ નહીં કે મજાઝી અર્થ લેવાનો કોઈ ક઼રીનો મૌજૂદ નથી બલ્કે એવા મજબૂત ક઼રીના મૌજૂદ છે જે આ શબ્દનો હક઼ીક઼ી અર્થ લેવા માટે પૂરી પાડે છે. તમે પૂછશો કે તે કયા એવા ક઼રીના છે ? તો એના સંબંધે જણાવીએ કે એક તો એક આયતનો સિયાકો સબાક (આગળ પાછળનું વર્ણન) એ બાબતનો મજબૂત ક઼રીનો છે. અહીં ચર્ચા નજરાનના ઈસાઈઓ સાથે થઈ રહી છે જે હઝરત મસીહની ઉલૂહિય્યત (ખુદા હોવાના) માનનારા હતા. કલામ (ચર્ચા)નો હેતુ અલ્લાહની તૌહીદની સાબિતીનો અને મસીહની ઉલૂહિયતને બાતિલ કરાવવાનો છે. જો હઝરત ઈસા علیہ السلام મરી ચૂક્યા હોત તો કેટલી સાફ વાત હતી કે નજરાનના ઈસાઈઓને કહી આપવામાં આવતુ કે જેમને તમો ખુદા માનો છો તે તો મૃત્યુ પામી ચૂકેલ છે, અને જે મરી જાય તે પણ શું ખુદા થઈ શકે છે ? પરંતુ કુર્આનનું એ તરીક઼ાને ન અપનાવવું બલ્કે આ અંદાઝને અપનાવવું એ વાતની ઉઘાડી દલીલ છે કે કુર્આનની આ આયતનો હેતુ હઝરત ઈસા علیہ السلامના મૌતને વર્ણન કરવાનો નથી. બીજો સ્પષ્ટ ક઼રીનો હુઝૂર علیہ الصلوٰۃ والسلامનો આ ઈર્શાદે ગિરામી છે : રસૂલુલ્લાહ ﷺએ યહૂદીઓને ફર્માવ્યું કે ઈસા علیہ السلام મૃત્યુ પામ્યા નથી અને ક઼યામતથી પહેલાં તે તમારી તરફ પલટીને આવશે. આ સ્પષ્ટતાઓની મૌજૂદગીમાં હક઼ીક઼ી અર્થ છોડીને મજાઝી અર્થ મુરાદ નથી થઈ શકતો. એટલા માટે જમહૂર મુફસ્સિરો આ હક઼ીક઼ી અર્થને લક્ષમાં રાખતાં લખે છે : "તમને નિશ્ચિત મુદત સુધી જીવંત રાખશે અને તમને ક઼ત્લથી બચાવશે. *(બયઝાવી)*

ઈમામ ઈબ્ને જરીર લખે છે : મારી દષ્ટિએ સૌથી સહીહ ક઼ૌલ એ છે કે, હે ઈસા ! હું તને જમીનથી ક઼બ્ઝ કરનાર છે અને પોતાની તરફ ઉઠાવનાર છું. કેમ કે હુઝૂર કરીમ علیہ الصلوٰۃ والسلامની મુતવાતિર હદીષોથી એ જ ચીજ સાબિત છે કે આપને જીવતા આસ્માન પર ઉઠાવવામાં આવ્યા. (વધુ સ્પષ્ટતા માટે સૂરએ નિસાઅ્ની આયત ૧૫૬નો હાશિયો વાંચી લો)

**૬૦.** યહૂદી હઝરત ઈસા علیہ السلامની રિસાલતને પણ સ્વીકારતા ન હતા, તેમને વિવિધ પ્રકારની તકલીફો પહોંચાડયા કરતા અને વધુમાં આપ પર તથા આપનાં વાલિદા માજિદા (માં) હઝરત મરયમ رضی اللہ عنہا પર ગંદા આક્ષેપો લગાડયા કરતા હતા. અલ્લાહ તઆલા ઈસા علیہ السلامને ફર્માવી રહ્યો છે કે તારો દામન આ આક્ષેપોથી પાક કરી દેવામાં આવશે. તારી પાકદામની અને વિરોધીઓની બદ્બાતિનીને આખી દુનિયા જોશે.

**૬૧.** જે આપની નબુવ્વત તથા રિસાલતને સ્વીકારનાર હોય.

**૬૨.** જે આપની નબુવ્વતના મુન્કિર છે અને પોતાના દિલોમાં આપની અદાવત રાખતા હતા, એટલે યહૂદી. અને આ અગ્રતા તથા ઉચ્ચતાથી મુરાદ રાજનૈતિક ઉચ્ચતા તથા દલીલોની ઉચ્ચતા છે.

**દયાદરા** : શોહદાએ કર્બલાની યાદમાં ૯ મુહર્રમ શરીફની રાત્રે મોટા ચકલા પર જશ્ને શહાદતે ઈમામે હુસૈન મનાવાયો જેમાં બાવક઼ાર ખતીબ હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી દહેગામી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ ફઝાઈલે સાદાત તથા ઈમામે હુસૈન رضی اللہ عنہની શહાદતના મક઼સદ પર ઈબ્રતનાક બયાન કર્યું હતું. એ જ પ્રમાણે ૧૦ મુહર્રમ શરીફની રાત્રે એ જ સ્થળે હઝરત મૌલાના સાદિક઼ સાબરી દહેગામી સાહબે શહાદતના વાક્યાઓની સાથોસાથ શહાદતના હેતુને વણી લેતું અસરકારક બયાન કર્યું હતું અને ૧૦ મુહર્રમની સવારમાં ૮.૩૦ કલાકે મુખ્તારુલ મસાજિદ ઉર્ફે નૂરાની મસ્જિદ દયાદરામાં આશૂરાની ફઝીલત પર ખૂબ જ શાનદાર બયાન કર્યું હતું તથા દુઆએ આશૂરા પઢાવાઈ હતી. સૌ હાજરજનો નફ્લ નમાઝો પઢયા હતા તથા ૧૪ મુહર્રમના રોજ મસ્જિદમાં અસર બાદ "જશ્ને મુફતીએ આ'ઝમે હિંદ" رحمۃ اللہ علیہ મનાવાયો જેમાં પણ હઝરત મૌલાના સાદિક઼ સાહબે શાને મુફતીએ આ'ઝમ બયાન કરી હતી.

**હદીષ :** *હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે કુર્આન સાત તરીક઼ાઓ પર ઉતર્યુ[૧] એમાંથી દરેક આયતનું જાહેર પણ છે અને બાતિન પણ[૨] અને દરેક જાહેર તથા બાતિનની એક હદ છે જ્યાંથી ઈત્તેલાઅ (માહિતી મળવી) છે[૩]. (શરહુસ્સુન્નહ્)*

*હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવ્યું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ કે ઈલ્મ ત્રણ છે : જાહેર આયતો, સાબિત તથા મજબૂત સુન્નત એમના બરાબર ફરીઝો[૪], જે એમના સિવાય છે તે વધારાનુ છે[૫]. (અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*

*હઝરત ઔફ ઈબ્ને માલિક અશ્જઈ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે કિસ્સાગોઈ નથી કરતા પણ હાકિમ અથવા મહકૂમ અથવા મુતકબ્બિર (ઘમંડી)[૬]. એને અબૂ દાઊદે રિવાયત કરી અને દારમીએ હઝરત અમ્ર ઈબ્ને શોએબથી, તેમણે પોતાના વાલિદ, અને તેમણે પોતાના દાદાથી. અને તેમની રિવાયતમાં ''મુખ્તાલ'' (ઘમંડી)ને બદલે ''રિયાકાર'' છે.*

## સ....મ....જૂ....તી....

**૧.** તરીક઼ાઓથી મુરાદ ક્યાં તો અરબી લુગતો (શબ્દકોશો) છે, કેમ કે અરબમાં સાત કબીલા ફસાહત તથા બલાગત (ઉમદા વાણી)માં મશ્હૂર હતા. કુરૈશ, ષક઼ીફ, તય, હવાઝિન, મઝીલ, યમની, તમીમ. અને એમની બોલીઓનો આપસમાં થોડોક મતભેદ (ફેરફાર) હતો. દિલ્હી તથા લખનૌવાવાળાઓની ઉર્દૂ બોલીમાં કેટલાક અંશે ફરક છે. કુર્આનનો નુઝૂલ કુરૈશની બોલીમાં થયો જે અન્ય ક઼બીલાઓ પર અમુક અંશે ભારે હતી એટલા માટે એમને ઈજાઝત આપવામાં આવી કે પોત પોતાની બોલીમાં તિલાવત કરે. નબવી યુગમાં આમ (સામાન્યતઃ) તિલાવત કુરૈશી બોલીમાં થતી હતી પણ અમુક લોકો બીજી ક઼િર્અતોમાં પણ તિલાવત કરતા હતા. હુઝૂર صلی اللہ علیہ وسلم ના પર્દો ફર્માવ્યા બાદ આ મતભેદ ફસાદ (ખરાબી)નો સબબ બનવા લાગ્યો. ઉષ્માની યુગમાં જ્યારે કુર્આને પાકને કિતાબ સ્વરૂપમાં એકત્ર કરવામાં આવ્યું તો કુરૈશના લુગત (શબ્દકોશ)ને લક્ષમાં રાખવામાં આવ્યું જેમાં કુર્આનનું નુઝૂલ થયું હતું. અન્ય ક઼િર્અતો ખત્મ કરી દેવામાં આવી, જેથી મુસલમાનોમાં યહૂદી તથા ઈસાઈઓ જેવો મતભેદ ન પડે. એમાં કુર્આનની તબદીલી ન હતી બલ્કે ફિત્નાને દૂર કરવાનો હેતુ હતો. જેમ કે وَلَا تَقُلْ لَّهُمَا اُفٍّ માં શબ્દ اُفٍّ કુરૈશના લુગતમાં અલિફના પેશ, ફેની તશ્દીદ અને ઝેર તથા તન્વીનથી છે. અન્ય લુગતોમાં અલિફના ઝબર અથવા ઝેર ફેના ઝબર અથવા ઝેર તન્વીન વગર તશ્દીદ તથા તશ્દીદ વિના છે. અર્થ એક છે પણ શબ્દોમાં આટલી વિવિધતા. અથવા એનાથી મુરાદ સાત ક઼િર્અતો છે અથવા مَالِكِ مَلِكِ مَلِيْكِ يَوْمِ الدِّيْنِ વગેરે, અથવા મતલબ એ છે કે સાત અર્થો પર ઉતર્યું : અમ્ર, નેહી, દૃષ્ટાંત, ક઼િસ્સા, વાયદા, ચેતવણીઓ અને નસીહતો. અથવા સાત ચીજો લઈને ઉતર્યું : અક઼ીદા, હુકમો, અખ્લાક઼, હરામ, હલાલ, મોહકમ, મુતશાબિહ. અન્ય પણ એની ઘણી તફસીર

કરવામાં આવી છે.

**૨.** એટલે કે કુર્આનની દરેક આયતનો જાહેરી હેતુ (મુરાદ) પણ છે અને બાતિની પણ. જાહેરી હેતુ એનો શાબ્દિક તર્જુમો છે, બાતિન (આંત્રિક) હેતુ એનો મૂળ મક્સદ છે. અથવા જાહેર શરીઅત છે અને બાતિન તરીક્ત, અથવા જાહેર એહકામ છે અને બાતિન અસ્રાર (રહસ્યો) અથવા જાહેર તે છે જેના પર દરેક ઉલમા જાણકાર છે, અને બાતિન તે જેનાથી સૂફિયાએ કિરામ ખબરદાર છે. અથવા જાહેર તે જે નક્લથી જાણી શકાય અને બાતિન તે જે કશ્ફથી જાણી શકાય. જેમ કે :–

**يَاَيُّهَاالَّذِيۡنَ اٰمَنُوۡا قَاتِلُوا الَّذِيۡنَ يَلُوۡ نَكُمۡ مِنَ الۡكُفَّارِ**

એનો જાહેરી અર્થ એ છે કે તમારા નિકટના કાફિરો પર લોખંડની તલ્વાર વગેરે વડે જેહાદ કરો. બાતિન એ છે કે નજીકના કાફિર (એટલે) પોતાના નફ્સે અમ્મારા પર મુજાહિદાની તલ્વાર અને યારની મદદ વડે જેહાદ કરો.

**૩.** "હદુન મત્તલઅ" તે પહાડની ટોચ અથવા નીચી ટેકરી છે જ્યાંથી દૂર સુધી વસ્તુઓ જોઈ શકાય. એટલે કુર્આનના જાહેર તથા બાતિનને માલૂમ કરવાના અલગ અલગ સ્થળો છે, જેમ કે એનું જાહેર ઉલમાથી અને બાતિન મશાઈખથી માલૂમ પડે છે, અથવા જાહેર કાલથી અને બાતિન હાલથી, અથવા જાહેર નહ્વથી અને બાતિન ફના તથા મહ્વથી, અથવા જાહેર કિતાબોથી અને બાતિન કોઈકની નજરથી. સારાંશ કે જેવી રીતે કુર્આનના જાહેરી શબ્દો મિયાંજીથી, તજવીદ કારીથી, હિફ્ઝ હાફિઝથી, મઆની આલિમથી, અહકામ મુજતહિદથી શીખવામાં આવે છે, એ જ પ્રમાણે રહસ્યો મશાઈખથી હાંસલ કરવામાં આવે છે. દરેકની જાણકારીની એક હદ હોય છે. **યાદ રાખશો કે, "મશાઈખ" તે હઝરાત છે જેઓ શરીઅત તથા તરીકતના સંગમ હોય, નબી અકરમ ﷺના પરવાના હોય, આપના દીનના સાચા મુબલ્લિગ હોય. તે જાહિલ સૂફી નહીં જેઓ કેવળ વારસાગત વલી બની બેસે છે ! ફાસિક્ ફાજિર હોય છે,** તે મુરાદ નથી.

**૪.** એટલે કે ઈલ્મે દીન આ ચીજોનું જાણવું છે : એહકામ (હુકમો)ની ગૈર મન્સૂખ આયતો તફસીલ સાથે તથા સહીહ ગૈર મન્સૂખ હદીષો, ઈજમાએ ઉમ્મત તથા ક્યાસ જે કિતાબ તથા સુન્નતની જેમ વાજિબુલ અમલ છે. યાદ રાખશો કે અહીં ફરીઝાથી મુરાદ ફર્ઝ ઈલ્મો (વારસો) નથી કે તે કિતાબ તથા સુન્નતમાં આવી ગયો, બલ્કે ઈલ્મે ફિક્હ જ મુરાદ છે આદિલહ્ અદીલના તથા મિષ્લ. *(મિર્કાત વ અશ્અહ)*

**૫.** એટલે આ ત્રણેવ સિવાયના બાકી ઈલ્મો ઈલ્મે દીન નથી બલ્કે વધારાના અથવા ફુઝૂલ છે. યાદ રાખશો કે નહ્વ વગેરે કેવળ કુર્આન તથા હદીષ સમજવા માટે છે અને ઉસૂલે ફિક્હ તથા ઉસૂલે હદીષ વગેરે આ ઈલ્મોના ખાદિમો છે. જે એને પોતાનો હેતુ બનાવી લે તે મહાબેવકૂફ છે.

**૬.** આપ મશ્હૂર સહાબી છે. જંગે ખયબરમાં હુઝૂરની સાથે હતા. ફતહે મક્કાના દિવસે અશ્જઅ કબીલાનો પરચમ આપના હાથોમાં હતો. શામ (સીરિયા)માં રહ્યા અને હિ.સ. ૭૩માં ત્યાં વફાત પામ્યા.

**૭.** આમ બોલીમાં રાજનૈતિક લેકચર તથા આમ લેકચરોને કિસ્સા કહેવામાં આવે છે. જેમાં શરઈ હુકમોની તબ્લીગ હોય તેને વઅઝ, નસીહત કહે છે. આજકાલ રિવાજ પામેલ સામાન્ય વઅઝો કિસ્સા છે અને વાઈઝો કિસ્સા કરનારા. એટલે રાજનૈતિક લેકચર ક્યાં તો બાદશાહ કરે છે અથવા તેમના હેઠળના હાકિમો અથવા રાજકરણી ઘમંડી લીડરો કૌમમાં પોતાની પ્રતિષ્ઠા વધારવા માટે કરે છે, ઉલમાનુ એ કામ નથી. **ઉલમાની વઅઝ શરીઅતના હુકમોનુ ઝરણુ તથા તબ્લીગનો શ્રોત હોવો જોઈએ.** આ હદીષ હિદાયતનો ખજાનો છે.



# શિફા શરીફ

વિભાગ : ૨


**મૂળ લેખક :** ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

**ગુજરાતી અનુવાદક :** મર્હૂમ ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી (પાટડીવાળા)


## નબીના નામોમાં કરામત

ફખ્રે દો આલમ ﷺ નબુવ્વતની જાહેરાત પહેલાથી ''અમીન''ના લકબથી મશહૂર હતા અને તેના પછી પણ હઝરત અબ્બાસ رضی اللہ عنہ (વિસાલ : હિ.સ. ૩૨/ઈ.સ. ૬૫૨)એ પોતાના એક શેઅરમાં આપને મુહયમિન કહ્યું છે. તેમનો શેઅર આ છે :–

*સુમ્માહ તવા બયતુકલ્મુહયમિનુ મિન્*
*ખિન્ઝિફ અતયાઅ તહ્તહન્નતુક*

કહેવામાં આવ્યું છે કે અહીં બયતુકલ્મુહયમિનુથી યા અય્યતુહલ્મુહયમિનુ મુરાદ છે કયતબી رحمۃ اللہ علیہ અને ઈમામ અબૂ કાસિમ અબ્દુલકરીમ હવાઝન કુશૈરી رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૬૪૫/ઈ.સ. ૧૦૭૨) ઈર્શાદે બારી તઆલા يُؤْمِنُ بِاللّٰهِ وَ يُؤْمِنُ لِلْمُؤْمِنِيْنَમાં મુઅ્મિનીનને સાચા બતાવવું મુરાદ છે, નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે પોતાના સહાબાના માટે અમાન છું, પછી આ પણ મો'મિનના અર્થમાં છે.

અલ્લાહ તબારક વ તઆલાના મુબારક નામોમાં ''અલ્ કુદ્દૂસ'' પણ છે તેનો અર્થ બુરાઈઓથી અને પછીથી ઉદ્ભવ તથા નાશની નિશાનીઓથી પાક. બયતુલ્મુકદ્દસનું આ નામ એટલા માટે છે કે આદમીને તેમાં ગુનાહોથી પાક કરી દેવામાં આવે છે. વાદીએ મુકદ્દસ અને રૂહુલ કુદ્દુસ નામ પણ તેની (ઝાતે સુબ્બુહ અને કુદ્દુસ)થી સંબંધ રાખવાના કારણે અને પાછળના અંબિયાએ કિરામની કિતાબોમાં ફર્માવવામાં આવ્યું છે કે નબી આખિરુઝ્ઝમા ﷺનું નામ ''અલ્ મુકદ્દિસ'' પણ થશે એટલે ગુનાહોથી પાક કરી દેવાવાળો, જેવું કે અલ્લાહ તબારક વ તઆલાએ ફર્માવ્યું : ''જેથી અલ્લાહ તમારા કારણે તમારા આગળનાઓના અને તમારા પાછળનાઓના ગુનાહો માફ કરી દે.'' *(સૂ. ફતહ, આ. ૨)*

અથવા તે હસ્તી જેના દ્વારા આદમી ગુનાહોથી પાક થઈ જાય અને જેનું અનુસરણ કરવાના કારણે ગુનાહોથી બચતો રહે. જેવું કે અલ્લાહ તબારક વ તઆલાનો ઈર્શાદ છે : ''અને કિતાબ પાકુ ઈલ્મ શીખવે છે અને તેમને ખૂબ પાક કરે છે.'' *(સૂરએ બકરહ્, આ : ૧૫૧)*

અને આ સિલસિલામાં અલ્લાહ તબારક વ તઆલાએ આ પણ ફર્માવ્યું છે : ''તેઓને અંધારામાંથી નૂર (પ્રકાશ) તરફ કાઢે છે.'' *(સૂરએ બકરહ્, આ : ૨૫૭)*

કહેવામાં આવ્યું છે કે આ (અલ્ મુકદ્દિસ)નો અર્થ એ છે કે ખરાબ ચારિત્ર અને કમીનગી (હલકટ)ના ગુણોથી પાક અને બેઐબ. અલ્લાહ તઆલાના મુબારક નામોમાં એક નામ ''અલ્ અઝીઝ'' છે તેનો અર્થ છે ''ગાલિબ'' અથવા તેના જેવો બીજો કોઈ ન હોય અથવા બીજાઓને ઈજ્જત આપવાવાળો. જેમ કે અલ્લાહ عزوجلએ ફર્માવ્યું : ''અને આબરૂ તો અલ્લાહ અને તેના રસૂલ માટે જ છે.'' *(સૂરએ મુનાફિકૂન, આ : ૮)*

અલ્લાહ તઆલાએ પોતાની તારીફ ખુશખબરી આપવા અને ડર સંભળાવવાથી પણ ફર્માવી છે. જેમ કે ખુશખબરી દેતા અને ડર સંભળાવતા. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : ''તેમનો રબ તેમને પોતાની ખુશી અને રહમતની ખુશખબરી સંભળાવે છે.'' *(સૂરએ તૌબહ, આ : ૨૧)*

અલ્લાહ તબારક વ તઆલાએ (હઝરત ઝકરિયા علیہ السلامને ખુશખબરી આપતાં) આ પણ ફર્માવ્યું છે : ''બેશક ! અલ્લાહ આપને યહયા (ના જન્મ)ની ખુશખબર આપે છે. જે અલ્લાહ તરફના એક કલમાની સત્યતા જાહેર કરશે અને સરદાર અને સદા માટે સ્ત્રીઓથી દૂર રહેનાર અને નબી અમારા ખાસ બંદાઓમાંથી.'' *(સૂરએ આલે ઈમરાન, આ : ૩૮)*

અને અલ્લાહ તઆલાએ સરવરે કોનો મકાં ﷺનું નામ મુબશ્શિર, નઝીર અને બશીર રાખ્યું છે કેમ કે આપ ફર્માંબરદારને ખુશખબરી આપતા અને નાફર્માનોને ડર સંભળાવતા. કેટલાક તફસીરકારોએ અલ્લાહના મુબારક નામોમાં ''તાહા'' અને ''યાસીન'ને પણ ગણાવ્યા છે જ્યારે કે કેટલાય તફસીરકારોએ લખ્યું છે કે આ બંને ફખ્રે દો આલમ ﷺના મુબારક નામો પણ છે, આ અલ્લાહ તઆલાએ આપને મહાન સજજનતા અને બુઝુર્ગીથી નવાઝયાં છે.

## હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

**તૂબા મેં સબસે ઊંચી નાઝુક સીધી નિકલી શાખ**
**માંગું નઅતે નબી લિખને કો રૂહે કુદ્સ સે ઐસી શાખ**

*(તુબા = જન્નતનું એક વૃક્ષ, શાખ = ડાળી, રૂહે કુદ્સ = હઝરત જિબ્રઈલ علیہ السلام)*

**અર્થ :** "તુબા જન્નતની વૃક્ષની સૌથી ઊંચી અને નાઝુક ડાળી નીકળી હોય એવી જ ડાળી હઝરત જિબ્રઈલ અમીન علیہ السلامથી માગુ છું કે તે જન્નતની ખુશ્બુદાર ડાળીની ક઼લમ બનાવીને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની નઅતે પાક લખું."

**મૌલા ગુલબુને રહમત, ઝહરા સિબ્તૈન ઉસકી કલ્યાં ફૂલ**
**સિદ્દીક઼ વ ફારૂક઼ વ ઉષ્માન હૈદર હર એક ઉસકી શાખ**

*(મૌલા = પ્યારા નબી, આક઼ા ﷺ, ગુલબુને રહમત = રહમતના ગુલાબનો છોડ, ઝહ્‌રા = હઝરત ફાતિમા رضی اللہ عنہાનું ઉપનામ, લક઼બ, સિબ્તૈન = બે નવાસા હઝરત ઈમામ હસન અને હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہما, કલ્યાં : કળીઓ)*

**અર્થ :** "હુઝૂર ﷺ રહમતના ગુલાબના છોડ છે અને ફાતિમા رضی اللہ عنہا ફૂલ અને હઝરત હસનો હુસેન رضی اللہ عنہما બંનેવ નવાસા ફૂલની કળીઓ છે અને ખુલ્ફાએ રાશેદીન હુઝૂર સિદ્દીકે અકબર, હઝરત ફારૂકે આ'ઝમ, હઝરત ઉષ્માને ગની, હઝરત અલી હૈદર رضوان اللہ تعالیٰ علیہم اجمعین આ રહમતના ઝાડની ડાળીઓ છે. આ'લા હઝરત رحمۃ اللہ علیہએ આ શેઅરોમાં એહલે બૈત અને ખુલ્ફાએ રાશેદીનની મન્કબત અને હુઝૂર علیہ الصلوٰۃ والسلامની નઅત એક કાવ્યમાં બયાન ફર્માવી."

**શાખે ક઼ામતે શહમેં, ઝુલ્ફ વ ચશ્મ વ રુખ્સારો લબ હૈં**
**સુમ્બુલ, નર્ગિસ, ગુલ, પંખળિયાં કુદરત કી કયા ફૂલી શાખ**

*(ક઼ામતે શહ = બાદશાહ હુઝૂર ﷺનું મુબારક શરીર, ઝુલ્ફ = લાંબા વાળ, ચશ્મ = આંખ, રૂખ્સાર = ગાલ, લબ = હોટ, સુમ્બુલ= એક સુગંધિત ઘાસ, નર્ગિસ = એક ફૂલ જે આંખ જેવું હોય છે, ગુલ = ફૂલ, પંખળિયાં = ફૂલની પાંખડીઓ, ફૂલી = ફૂલ લાગ્યાં, કુદરત = ખુદાની શાન)*

**અર્થ :** "હુઝૂર علیہ الصلوٰۃ والسلامનું શરીર મુબારક ખુદાની કુદરતની ડાળી છે જેમાં ઝુલ્ફ (વાળ) સુમ્બુલ જેવી સુગંધિત છે અને આંખો નર્ગિસના સુંદર ફૂલ જેવી અને ચહેરો મુબારક ગુલાબના ફૂલ જેવા સુંદર અને હોઠ મુબારક ફૂલની પાંખડીઓ જેવા છે. ખુદાની કુદરતની ડાળ કેવાં ફૂલો ખિલાવી રહી છે !

**અપને ઈન બાગોં કા સદક઼ા વો રહમત કા પાની દે**
**જિસ સે નખ્લે દિલમેં હો પૈદા પ્યારે તેરી વિલા કી શાખ**

*(બાગો = બગીચાઓ, નખ્લ = ખજૂરનું વૃક્ષ, વિલા = પ્રેમ)*

**અર્થ :** "હે સરવરે કાઈનાત ! عليه الصلوة والسلام આપના આ બગીચાઓના સદકામાં રહમતનું એવું પાણી પીવડાવો કે જેનાથી મારા દિલના વૃક્ષ પર આપની મહોબ્બતની ડાળી પૈદા થાય."

**યાદે રુખ મેં આહેં કર કે બનમેં મૈં રોયા આઈ બહાર**
**ઝુમીં નસીમેં, નીસાં બરસા, કલ્યાં ચટકીં મહકી શાખ**

*(યાદે રૂખમેં = નબી પાક ﷺના હસીન ચહેરાની યાદમાં, આહેં કર કે = અફસોસ કરીને, બનમેં = જંગલમાં , મૈં રોયા = હું રડયો, બહાર = વસંત ઋતુ, નસીમે = ઠંડી ઠંડી હવાઓ, નીસાં = વરસાદ, કલ્યા ચટકીં = ફૂલની કળીઓ ખિલી, મહકી = સુગંધિત થઈ)*

**અર્થ :** "પ્યારા નબી عليه الصلوة والسلامના સુંદર ચહેરા મુબારકની યાદમાં રડયો તો વિરાન જંગલમાં વસંતઋતુ આવી ગઈ, ઠંડી ઠંડી હવા ઝુમવા લાગી, વરસાદ વરસવા લાગ્યો, કળીઓ ખિલવા માંડી અને ડાળીઓ સુગંધ ફેલાવવા લાગી."

**ઝાહિરો બાતિન અવ્વલો આખિર ઝૈબે ફુરૂઅ વ ઝૈને ઉસૂલ**
**બાગે રિસાલતમેં હૈ તૂહી ગુલ ગુન્ચા જળ પત્તી શાખ**

*(ઝાહિર = જાહેર, બાતિન = ગુપ્ત, આંત્રિક, અવ્વલો આખિર = આગળ પાછળ, ઝૈબે ફુરૂઅ = ડાળીઓની સજાવટ, ઝૈને ઉસૂલ = મૂળોની ઝીનત, ગુલ = ફૂલ, ગુન્ચા= કળી, જળ = થડ)*

**અર્થ :** "યા રસૂલલ્લાહ ! ﷺ આપ જ જાહેર અને બાતિન, પહેલા અને છેલ્લા છો. માનવવંશની ડાળીઓની આપ જ રોનક છો અને માનવવંશના મૂળોની ઝીનત પણ આપ જ છો. રિસાલતના બાગમાં આપ જ ફૂલ, કળી, થડ, પાંદડીઓ અને ડાળી છો, એટલે આ બધુ આપના જ સદકામાં છે, જો આપ ન હોત તો કશું પૈદા જ ન થાત."

**આલે અહમદ ખુઝ બેયદી યા સૈયદ હમ્ઝહ કુન મદદી**
**વક્તે ખિઝાને ઉમ્રે "રઝા" હો બર્ગે હુદાસે ન આરી શાખ**

*(આલે અહમદ = આ'લા હઝરત رحمۃ اللہ علیہના પીરો મુર્શિદ, અચ્છેમિયાં, ખુઝ બેયદી = મારો હાથ પકડો, યા સૈયદી = હે મારા સરદાર, હમ્ઝહ = હઝરત અચ્છેમિયાં આલે અહમદના વાલિદ સાહબ, કુન મદદી = મારી મદદ કરો, ખિઝાં = પાનખર ઋતુ, બર્ગે હુદા =હિદાયતના પાંદડા, આરી = નગ્ન–ખાલી)*

**અર્થ :** "હે મારા પીરો મુર્શિદ આલે અહમદ અચ્છેમિયાં ! અહમદ રઝાનો હાથ પકડો ! હે સૈયદી હમ્ઝહ ! મારી મદદ કરો ! જ્યારે અહમદ રઝાની ઉમરની પાનખર ઋતુ આવે એટલે કે મૌતનો સમય આવે ત્યારે નેકીઓના પાંદડાઓથી ડાળ ખાલી ન થાય."

## ઈલ્મની આવી ધગશ હોય તો ઈમામ બની શકાય !

હઝરત ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہને લોકોએ ખબર આપી કે આપનો બાળક મૃત્યુ પામ્યો છે. તે સમયે આપ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہની દર્સગાહમાં સબક પઢી રહ્યા હતા. એમ વિચારીને કે જો હું બાળકના કફન દફનના માટે ચાલ્યો જઈશ તો મારો આ સબક છૂટી જશે, જેથી આપે એક અન્ય વ્યક્તિને બાળકના કફન દફનની વ્યવસ્થા સોંપી દીધી અને પોતે દર્સગાહથી ઉઠયા નહીં અને એક સબક પણ જવા ન દીધો. *(મુસ્તરફ, ભાગ : ૧, પેજ : ૨૨)*

**નોંધ** :આ પરથી તાલિબે ઈલ્મોએ બોધ ગ્રહણ કરવો જોઈએ અને લગનથી પઢાઈ કરી ઈલ્મ હાંસલ કરીને દીનના મજબૂત સિપાહી બનવું જોઈએ.

**મુનાફિક઼ત તે આનુ નામ !**

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી—પુકારવું, મદદ કરવા તસર્રુફ઼ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી عليه الرحمه, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) —તંત્રી*

## થાનવીની અનેક સ્થળે એક જ સમયે હાજરી !

ખ્વાજા અઝીઝુલ હસન સાહબે "અશ્રફુસ્સવાનેહ" નામની એક કિતાબ ત્રણ જિલ્દોમાં (થાન્વી સાહબનું જીવન વૃત્તાંત) લખી છે જેને ખાનક઼ાહે ઈમ્દાદિયહ થાનાભવન (જિલ્લા મુઝફ્ફરનગર)એ પ્રકાશિત કરી છે. તેમણે પોતાની એ કિતાબમાં દેવબંદી પેશવા થાન્વીનો એક વિચિત્ર કિસ્સો નક઼લ કર્યો છે. જેમાં લખ્યું છે કે :

*"લાંબો સમય થયો એક શ્રીમાને ખૂદ મુઝ નાચીઝને અહીં ખાનક઼ાહમાં એક બનાવ કહી સંભળાવ્યો હતો કે, જાણે આપણને એમ લાગે છે કે હઝરતેવાલા (થાન્વી) અહીં બેઠા છે, પરંતુ શું ખબર અત્યારે તેઓ ક્યાં હોય ! કેમ કે હું એક વખત ખૂદ હઝરતેવાલા (થાન્વી)ને થાણા ભવનમાં હાજર હોવા છતાં અલીગઢમાં જોઈ ચૂક્યો છું ! અલીગઢ ખાતે ત્યારે પ્રદર્શન હતું અને તેની અંદર ભયાનક આગ ફાટી નીકળી હતી. હું પણ પ્રદર્શનમાં મારી પોતાની દુકાન લગાવવા ગયો હતો. જે દિવસે આગ લાગવાની હતી તે દિવસે રોજના નિયમ વિરુદ્ધ અસરની નમાઝ પહેલાંથી જ મારા દિલમાં ગભરાહટ પેદા થવા લાગી હતી, જેની એ અસર થઈ કે એ માલના વેચાણનો પણ સમય હતો, છતાં હું મારી દુકાનનો બધો માલસામાન સમયથી પહેલાં સમેટીને બોકસોમાં ભરવા લાગ્યો. જ્યારે મગરિબ પછી આગ લાગવાના અવાજો શરૂ થયા ત્યારે હું એકલો હતો, અને બોકસ પણ ભારી હતાં, એટલે હું એકદમ પરેશાન થયો કે, યા અલ્લાહ ! દુકાનથી બહાર કેવી રીતે લઈ જાઉં ! એટલામાં શું જોઉં છું કે, અચાનક હઝરતેવાલા (થાન્વી) જાહેર થયા અને એક એક બોકસ પાસે જઈને ફર્માવ્યું કે, જલ્દી ઉઠાવો ! એટલે એક તરફ તો મેં બોકસોને ઉઠાવ્યાં અને બીજી તરફથી તેમણે ઉઠાવ્યાં, આમ થોડીવારમાં એક એક કરીને બધા બોકસો બહાર રખાવી દીધાં. આ આગથી બીજા દુકાનદારોનું ખૂબ જ નુકસાન થયું પરંતુ અલ્લાહની મહેરબાનીથી મારો સામાન બચી ગયો. આ સાંભળ્યા પછી નાચીઝે (લેખકે) તેમને પૂછ્યું કે, તમે હઝરતેવાલા (થાન્વી સાહબ)ને એ કેમ ન પૂછ્યું કે, તમે અહીં ક્યાંથી ? તેના જવાબમાં તેણે કહ્યું કે, અરે ! પૂછવાનો મને ત્યારે હોશ પણ ક્યાં હતો ?! હું તો પોતે જ મારી પરેશાનીમાં સપડાયેલો હતો !" (અશ્રફુસ્સવાનેહ, ભાગ : ૩, પેજ : ૭૧)*

કિસ્સો વાંચીને દિગ્મુઢ ન થઈ ગયા હોય તો એક વખત ફરી વાર તેને બરાબર વાંચી જુઓ, **એક માનવીનું એક જ સમયે એકથી વધુ સ્થળે મૌજૂદ હોવું તેમાં સ્પષ્ટ રીતે જાહેર છે,** ક્યાંય તેમાં પ્રતીકથી કામ લેવાયું નથી, સ્પષ્ટ રીતે લખેલું છે. આ એ મંઝિલ છે જ્યાં દિલ ચાહે છે કે મીલાદની મેહફિલોમાં હુઝૂરે અન્વર ﷺની પધરામણીની શક્યતા સંબંધે મૌલ્વી અશ્રફઅલી થાન્વીનો જ સવાલ દોહરાવી દઉં, જેમાં લખ્યું છે કે :–

*"અગર એક જ સમયે એકથી વધુ સ્થળે મીલાદની મેહફિલો થાય તો તમામ સ્થળે આપ તશરીફ લઈ જશે અથવા એક સ્થળે ? એ તો દલીલ વિનાની વાત છે કે, ક્યાંક જાય અને ક્યાંક ન જાય, અને અગર તમામ સ્થળે જાય તો વજૂદ આપનો એક જ છે, હજાર જગા પર કઈ રીતે જઈ શકે છે ?! (ફતાવા ઈમ્દાદિયહ, ભાગ : ૪, પેજ : ૫૮)*

"કઈ રીતે જઈ શકે છે ?" હવે એ સવાલનો જવાબ આપણે આપવાની જરૂરત બાકી રહે છે ખરી ? જો કે આપણી એ ફર્ઝ પણ નથી અને આપણી માન્યતા પણ નથી કે, હુઝૂર ﷺ દરેક મીલાદની મેહફિલમાં તશરીફ લઈ જાય છે, અલબત્ત કોઈ તટસ્થ માનવી થાન્વીના ઉપરોક્ત બનાવ સંબંધે આ સવાલોનો સામનો કર્યા વિના રહી શકતો નથી જે અચાનક માનસપટ પર ઉભરી આવે છે.

પ્રથમ તો એ છે કે, દેવબંદી શ્રીમાનોને ત્યાં ખરા અને ખોટાને પારખવાનાં તોલ માપ જુદાં જુદાં કેમ છે ? વાત જો જૂઠી છે તો દરેક સ્થળે જૂઠી હોવી જોઈએ, જો સાચી છે, તો બીજાના સંબંધે તેની સચ્ચાઈનો સ્વીકાર શા માટે કરવામાં આવતો નથી ?! **એવું શા માટે કે, એક જ વાત રસૂલે અકરમ ﷺની બાબતમાં કુફ્ર, શિર્ક અને અશક્ય છે, પરંતુ પોતાના ઘરના બુઝુર્ગોને સંબંધે ઈસ્લામ, ઈમાન અને શક્ય કેવી રીતે બની જાય છે ?!**

બીજો સવાલ એ કે, **થાનાભવનમાં મૌજૂદ રહીને અલીગઢમાં બનનારા અકસ્માતને સમયથી પહેલાં જાણી લેવું શું ગયબના ઈલ્મની એ શક્તિ નથી જેનો પયગંબરે આ'ઝમ ﷺને સંબંધે દેવબંદી શ્રીમાનો લગાતાર ઈન્કાર કરતા ચાલ્યા આવે છે અને એ જ ઈન્કારની બુનિયાદ પર તેઓ પોતાની જમાઅત મુવહ્હિદીન (તૌહીદ પરસ્તો)ની જમાઅત કહેવડાવે છે !** જેમ કે એક તરફ દેવબંદી મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી પોતાની કિતાબમાં "તસર્રુફમાં શિર્ક"ની યાદીમાં લખે છે કે :–

*"મુસીબતો ટાળવી, સંકટ સમયે મદદે પહોંચવું અને વખત આવ્યે મદદ કરવી એ **ખુદાની જ શાન છે, અલ્લાહ સિવાય કોઈની આ શાન નથી,** ચાહે ગમે તેટલો મહાન ઈન્સાન (નબી, વલી વગેરે) કે ફરિશ્તો કેમ ન હોય, જો કોઈ માણસ અલ્લાહ સિવાય કોઈનામાં આવી શક્તિ સાબિત કરે............તો આવો માણસ **મુશ્રિક** થઈ જાય છે અને **શિર્ક ફિત્તસર્રુફ** કહે છે......(તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ–૩૯, પ્રકાશન નંબર : ૯૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

હવે ત્રીજો પ્રશ્ન એ ઉઠે છે કે, **શું મૌલ્વી થાન્વી મહાશયને ઈલ્મે ગયબથી પેલા આગમાં સપડાનાર વિશે ખબર થવી અને પછી તેની મદદે પહોંચી તેની મુસીબતને ટાળવી એને પણ કેવળ "ખુદાની જ શાન !" હોવું કંથારવી, મનુબરી, ભડકોદ્રવી તથા અન્ય દેવબંદીઓ કહેશે ?! કે પછી આ ઘરના શિર્કને હજમ કરી જશે ?! થાન્વીને શું તેઓ ખુદા માને છે કે ચુપ બેઠા છે ?!**



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

رحمۃ اللہ تعالی علیہم اجمعین

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

*(અનીસુલ અરવાહ : મલ્ફૂઝાતે ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہ)*

*(મજલિસ : ૨૭)*

### આખર જમાનામાં આલિમની હાલત

આલિમોનું વર્ણન કરતાં આપે ફર્માવ્યું કે હદીષમાં છે કે જ્યારે આખર જમાનો આવશે તો અમીર જબરદસ્ત થઈ જશે અને આલિમ રોજી કમાવા માટે મહેનત મજૂરી કરશે અને દુનિયામાં ફસાદ (હંગામા) ફેલાય જશે અને જમીનો તથા પહાડોમાં તેમના માટે એશ તંગ થઈ જશે.

પછી ફર્માવ્યું કે અમીર લોકો જબરદસ્ત થઈ જશે અને આલિમ લોકો આજિઝ, પછી ખુદા તઆલા મખ્લૂક઼થી પોતાની બરકત ઉઠાડી લેશે અને શહેરો વેરાન થઈ જશે અને દીનમાં ફસાદ ઉપસ્થિત થશે. તો તમે યાદ રાખશો કે તે લોકો દોઝખવાળા છે. (નઊઝુબિલ્લાહિ મિન્હા)

પછી સદક઼ાના બારામાં આપે ફર્માવ્યું કે એવા શખ્સને સદક઼ો આપો જે દરવેશોને મહેમાન રાખતો હોય, એમાં દસગણો સવાબ મળે છે. જેથી ઈન્સાનના માટે લાઝિમ છે કે સદક઼ો એવી રીતે આપે કે ખુદા તઆલા ખુશ થાય.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા.

اَلحَمدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

*(મજલિસ : ૨૮)*

### તૌબા વિશે ચર્ચા

તૌબાનું વર્ણન કરતાં આપે ફર્માવ્યું કે કુર્આન શરીફમાં અલ્લાહનો હુકમ આ પ્રમાણે છે :–

**یٰۤاَیُّهَا الَّذِیْنَ اٰمَنُوْا تُوْبُوْۤا اِلَى اللّٰهِ تَوْبَةً نَّصُوْحًا**

''હે ઈમાનવાળાઓ ! તૌબા કરો ! અને ખુદાની તરફ પાછા આવો કે ખુદા તૌબા ક઼બૂલ કરવાવાળો છે.''

પછી ફર્માવ્યું કે મેં હદીક઼ામાં લખેલુ જોયું છે કે મુસલમાનના માટે તૌબા કરવી ફર્ઝ છે.

પછી ફર્માવ્યું કે જ્યારે હઝરત આદમ علیہ السلام દુનિયામાં આવ્યા તો બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી કે હે ખુદાવંદ ! તેં શૈતાનને મારા પર મુકર્રર કર્યો છે અને મારામાં એ શક્તિ નથી કે એને મના કરી શકુ પણ તારી તૌફીક઼થી તો હુકમ આવ્યો કે જ્યારે હું તને અને તારી ઔલાદને મહેફૂઝ રાખીશ તો તે હરગિઝ ક઼ાબૂ પામી શકશે નહીં.

પછી આદમ علیہ السلامએ અર્ઝ કરી કે હે ખુદાવંદે તઆલા ! અધિક ખુલાસો કર ! અવાજ આવ્યો કે હે આદમ ! મેં તૌબા ફર્ઝ કરી આપી જ્યાં સુધી મખ્લૂક઼ આ જહાનમાં છે, જ્યારે તારા ફરઝંદ તૌબા કરશે તો હું તેમની તૌબા ક઼બૂલ કરીશ. પછી ફર્માવ્યું કે મૃત્યુ પહેલાં તમે તૌબા કરી લો, નહીં તો પાછળથી અફસોસ કરવામાં કાંઈ ફાયદો થશે નહીં.

પછી ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمથી હદીષમાં છે

કે ખુદાવંદે તઆલાએ પશ્ચિમની તરફ રાતની તૌબા કબૂલ કરવા માટે એક દરવાજો બનાવ્યો છે જેની વિશાળતા સિત્તેર વરસના અંતરના બરાબર છે.

પછી ફર્માવ્યું કે તૌબા બે પ્રકારની છે : એક તૌબા નસૂહી કે એના પછી માણસ ગુનાહ નજીક ન ફરકે. અને બીજા તૌબા એ છે કે દિવસ રાત તૌબા કરે અને તોડી કાઢે, અને આવી તૌબા સારી નથી.

પછી ફર્માવ્યું કે હે મુઈનુદ્દીન ! મેં તારી કમાલિયતના માટે આ વાતો પ્રતિ પ્રોત્સાહન આપ્યું છે તો જે કાંઈ મેં કહ્યું છે તેના પર દિલોજાનથી અમલ કરે જેથી કયામતમાં શર્મિદો ન થાય.

પછી ફર્માવ્યું કે લાયક ફરઝંદ તે છે કે જે કાંઈ પોતાના પીરની જીભેથી સાંભળે તો હોશના કાનો વડે સાંભળે અને એમાં મશ્ગૂલ થઈ જાય અને તેના પર અમલ કરે.

પછી ફર્માવ્યું કે લાયક ફરઝંદ તે છે કે જે કાંઈ પોતાના પીરની જીભેથી સાંભળે તેને પોતાના શજરામાં લખી લે જેથી કરીને શર્મિદો ન થાય.

જેવા કે ખ્વાજા ઉષ્માન હારૂની ادام الله بقاء આ વાત પર પહોંચ્યા, અસા (લાકડી) પાસે પડેલી હતી તે ઉઠાવી અને દુઆગોને અતા ફર્માવી અને ખિર્કા તથા લાકડીની ખરાવ (પગરખાં) અને મુસલ્લો અર્પણ કરીને ફર્માવ્યું કે આ સર્વ ચીજો અમારા પીરોની યાદગારો છે જે રસૂલુલ્લાહ ﷺથી અમારા સુધી પહોંચી છે તે અમે તમને આપી. મુનાસિબ છે કે જેવી રીતે અમે આ ચીજોને રાખી છે એવી જ રીતે તું પણ રાખે અને જે શખ્સને તું મર્દે ખુદા જાણે આ યાદગારો એને આપી દે. જ્યારે આવું ફર્માવી ચૂક્યા તો બંદા સાથે બગલગીર થઈને ફર્માવ્યું કે તને ખુદા તઆલાને સોંપ્યો. જેવું કે આવું ફર્માવ્યું તેવા આલમે તહય્યુરમાં મશ્ગૂલ થઈ ગયા.

જેવા કે ખ્વાજા (ઉષ્માની હારૂની) સાહબે પોતાના ફવાઈદ ખત્મ કર્યા તો યાદે ઈલાહીમાં મશ્ગૂલ થઈ ગયા અને લોકો તથા દુઆગો પાછા ચાલ્યા ગયા.

الحمد لله على ذلك *(અનીસુલ અરવાહ : સંપૂર્ણ)*

પેજ નં. **૪૨** નું ચાલુ...

કર્નલ ગદાફીનું ખાનદાન ચૂપ બેસી રહેશે જ્યારે કે ''સિર્ત'' તથા ''બની વલીદ''માં મોટા પાયે વિદ્રોહીઓએ નાટો સૈનાની મદદથી કત્લે આમ કર્યું છે. શું લીબિયા હવે બીજુ ઈરાક બની જશે અને ગૃહયુદ્ધ શરૂ નહીં થઈ જાય ? કેટલાયે પ્રશ્નો એવા છે જેનો ઉકેલ મુશ્કેલ છે. એવું નથી કે નાટો સેના મિશન પૂરુ થતાં જ ત્યાંથી રવાના થઈ જશે, બલ્કે કોઈને કોઈ બહાનુ શોધી ત્યાં જ રહેશે. લીબિયામાં શું થયું છે ? કેટલા લોકો માર્યા ગયા છે ? તે તો મોડેથી ખબર પડશે જયારે સ્વતંત્ર મીડિયા તથા સ્વતંત્ર માનવઅધિકારોના ઝંડાધારીઓ ત્યાં જશે, હમણા તો એ જ વાત દુનિયા સમક્ષ આવશે જે નાટો, પશ્ચિમી દેશો તથા વિદ્રોહીઓની હંગામી કૌમી કાઉન્સિલ જાહેર કરશે.

સૌથી વધારે ચિંતાની વાત એ છે કે છેવટે ક્યાં સુધી મુસ્લિમ દેશો પશ્ચિમીઓના સરળ શિકાર બનતા રહેશે. ઈઝરાયેલના હાથ લાખો બેગુનાહ પેલેસ્ટાઈનવાસીઓના લોહીથી રંગાયેલા છે, પશ્ચિમી દેશોએ ત્યાં નાટો સેનાને કેમ ન ઉતારી ? સંયુક્ત રાષ્ટ્રસંઘની સલામતી કાઉન્સિલ પેલેસ્ટાઈનની બેગુનાહ, અત્યાચારનો ભોગ બનેલી પ્રજા માટે સ્વતંત્રતાના અધિકારને શા માટે સ્વીકાર નથી કરતી ? શું સંયુક્ત રાષ્ટ્રસંઘની સ્થાપ્ના ફક્ત મુસ્લિમ દેશોને સજા આપવા માટે જ કરવામાં આવી છે ? અમેરિકા સિવાય સંયુક્ત રાષ્ટ્ર સંઘના ચાર આજીવન સભ્યો રશિયા, ચીન, ફ્રાંસ તથા બ્રિટને પેલેસ્ટાઈન તેમજ અન્ય વિદ્રોહ સ્થાનોને બચાવવા માટે પોતાના પાવરનો કેમ ઉપયોગ ન કર્યો ? આ દેશો અમેરિકા દ્વારા રજૂ કરવામાં આવેલ ઠરાવ સામે અવાજ કેમ નથી ઉઠાવતા ? આનો મતલબ એ જ છે કે આ બધો પૈસા તથા ઠેકેદારીનો ખેલ છે જે બધા જ મળીને ખેલી રહ્યા છે. પશ્ચિમી રણનીતિની નવી ફોર્મ્યુલા છે કે પહેલાં તબાહ કરો અને પછી નવા નિર્માણના નામે ત્યાંની દૌલતને લૂટી લો !

*(હવાલો : જામે નૂર–દિલ્હી, ડિસેમ્બર–૨૦૧૧ )*

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી

✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.sc. M.ed.)

### કૂતરાનું શરીર અથવા કપડાંને સ્પર્શવાનો મસ્અલો

કેટલાક લોકો સમજે છે કે કૂતરાનું શરીર જો ઈન્સાનના શરીર અથવા કપડાંને સ્પર્શી જાય (લાગી જાય) તો તે નાપાક થઈ જાય છે. આ તેમની ગલત ફહમી છે. કૂતરાનો ફક્ત સ્પર્શ નાપાકી નથી લાવતો, હા ! જો કૂતરાના શરીર ઉપર કોઈ નાપાકી લાગેલી હોય અને તમે જાણો છો કે તે નાપાક વસ્તુ છે અને તે તેના શરીર પરથી તમારા શરીર પર લાગી ગઈ તો જે જગ્યાએ લાગી છે તે જગ્યા નાપાક છે. આ જ પ્રમાણે "કૂતરાનો પસીનો અને કૂતરાની લાળ (થૂક) નાપાક છે આથી તે જ્યાં પણ લાગશે તેને નાપાક કરી દેશે." અને જો આવો કોઈ સંજોગ ન હોય તો ફક્ત સ્પર્શ થઈ જવું કે શરીરને લાગી જવું એ નાપાકી માટે પૂરતુ નથી.

જો કે કૂતરાને પાળવું ઈસ્લામમાં મના છે, હા ! જો શિકાર અને રક્ષણ માટે ખરેખર જરૂરત હોય તો ઈજાઝત છે, શોખ અને ખાસ જરૂરત ન હોય તો ઈજાઝત નથી. *(વિગત માટે જુઓ ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૧૦, પેટા વિભાગ : ૧, પેજ : ૧૯૬)*

### શું ઢેફા (ઠીકરું, પથ્થર)થી તહારત (ઈસ્તિન્જા) કર્યા પછી પાણીથી ધોવું જરૂરી છે ?

કેટલાક લોકો સમજે છે કે ઢેફાથી ઈસ્તિન્જા (તહારત) કર્યા પછી જો પાણીથી તહારત ન કર્યું અને અને ત્યાર બાદ વુઝૂ કરીને નમાઝ પઢી લીધી તો નમાઝ થશે નહીં. જો કે "ઢેફાથી તહારત કર્યા પછી પાણીથી ધોવું જરૂરી નથી." હા બંને કરવું અફઝલ છે. જો ફક્ત ઢેફાથી તહારત કરી લ્યે તો પૂરતું છે અને ફક્ત પાણીથી કરી લ્યે તો પણ પૂરતું છે અને બંનેથી તહારત કરવું બેહતર અને અફઝલ છે. અને આ હુકમ પાખાના (સંડાસ) અને પેશાબ બંને સંજોગ માટે છે.

હદીષમાં છે કે એક વખતે રસૂલુલ્લાહ ﷺએ પેશાબ ફર્માવ્યો (કર્યો). હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એક વાસણમાં પાણી લઈને પાછળ ઊભા રહી ગયા. હુઝૂર ﷺએ પૂછયું, "આ શું છે ?" અર્ઝ કરી, તહારત માટે પાણી છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું, "મારા પર આ વાજિબ કરવામાં આવ્યું નથી કે દરેક વખતે પેશાબ કર્યા પછી પાણીથી તહારત હાંસલ કરું." *(મિશ્કાત, પેજ : ૪૪, સુનને અબૂ દાઊદ, ભાગ : ૧, પેજ : ૭)*

ખુલાસો એ કે પાખાના (સંડાસ) અથવા પેશાબ કર્યા પછી ફક્ત મિટ્ટીના ઢેફાથી અથવા પથ્થર વગેરે કોઈપણ નજાસત (નાપાકી)ને શોષી લેવાવાળી અથવા ખુશ્ક (સૂકી) કરી દેવાવાળી વસ્તુથી તહારત કરી લેવું એ તહારત (પાકી) માટે પૂરતુ છે, પાણીથી ધોવું જરૂરી નથી. હા ! અફઝલ અને બેહતર છે. અથવા જો નાપાકી તહારતની વસ્તુ વડે એક રૂપિયા જેટલી શરીર પર ફેલાઈ જાય, તો પાણીથી ધોવું જરૂરી છે. *(આ મસ્અલાની વિગતપૂર્ણ જાણકારી માટે જુઓ : ફતાવા રઝવિય્યહ્, ભાગ : ૨, પેજ : ૧૬૫)*

નોંધ : જે લોકો મુસાફરીમાં રહે છે તેઓ પોતાની સાથે આ હેતુ (તહારત) માટે કોઈ જુનું કપડું હમેશાં સાથે રાખે. આ વસ્તુ પાણી ન મળવાના સંજોગોમાં તહારત માટે ખૂબ જ કામમાં આવે છે.

બઝ્મે અવલિયા

# માનવતાની મહેક અને મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સૂફિયાએ કિરામની જિંદગી હુઝૂર ﷺની જિંદગીનો નમૂનો હતી. એ લોકો પાસે જે કાંઈપણ ભેટ (હદિયો) તોહફા આવતા હતા એ ગરીબો તથા જરૂરતમંદોમાં વહેંચણી કરી આપતા. પોતે સાધારણ કાપડ અને ખાણુ વાપરતા પરંતુ બીજા લોકોનો વધુ ખયાલ રાખતા.

મહબૂબે ઈલાહી હઝરત નિઝામુદ્દીન અવલિયા رحمۃ اللہ علیہ (વફાત : હિ.સ. ૭૨૫) અલ્લાહના મહબૂબ બંદાંઓમાંથી છે. આપ હિંદમાં ચિશ્તી બુઝુર્ગોમાં ચોથા નંબર પર છે. તેમના જીવનમાં પણ આપની ખાનકાહથી લોકો ફાયદો પ્રાપ્ત કરતા હતા. આપના કારણે અને આપની દીનની તબ્લીગની કોશિશોના પ્રતાપે દિલ્હી શહેરમાં જે ધાર્મિક જાગૃતિ પૈદા થઈ હતી એનું દષ્ટાંત દૂર દૂર સુધી જોવામાં નથી આવતું. દિલ્હી તથા આસપાસના ઈલાકાઓ સિવાય દૂર દૂરથી પણ લોકો આપની ખિદમતમાં આવતા અને પોતાની દિલી મુરાદો પ્રાપ્ત કરી પાછા ફરતા. જ્યાં સુધી આપ બદાયૂમાં રહ્યા આપની જિંદગી ગરીબીમાં પસાર થઈ. એવું લાગે છે કે પિતાના મૃત્યુ પછી માલી હાલત બગડી ગઈ હતી અને એમના વાલિદ (પિતા) કાંઈ પણ છોડીને ગયા ન હતા. કોઈ કોઈ વખતે તો ઘરમાં ખાવાનું પણ ન રહેતું અને પોતે સબક પછી પાછા ફરતા તો આપનાં વાલેદા કહેતાં, આજે આપણે અલ્લાહ તબારક વ તઆલાના મહેમાન છીએ. મહબૂબે ઈલાહીને આ વાત ઘણી પસંદ આવતી હતી. અને કોઈક વાર હમેશાં ખાણુ મળતુ તો આપ એવું વિચારતા કે એ સમય ક્યારે આવશે જ્યારે અમો અલ્લાહ તબારક વ તઆલાના મહેમાન બનીશું. આ પરથી ગરીબી સાથે મહોબ્બત આપની આદત હોવાનું માલૂમ પડે છે. *(મુકદમા ફવાઈદુલ ફવાદ)*

સખાવતની પહેલાથી જ એ હાલત હતી કે જરૂરતમંદોની જરૂરતને પોતાની ગરીબીની હાલતમાં પણ પૂરી કરતા હતા. હઝરત બુરહાનુદ્દીન ગરીબ رحمۃ اللہ علیہ ફર્માવે છે, જવાનીના દિવસોમાં જ્યારે હઝરત દિલ્હી શરીફ આવ્યા એ સમયે એક મજઝૂબ સુલ્તાન મોઈનુદ્દીન હતા એ હઝરતથી મળ્યા અને જણાવ્યું કે અમારા માટે કાંઈક લાવો ! હઝરત પાસે એ સમયે કાંઈ પણ ન હતુ. આપ સુલ્તાનને બજાર લઈ ગયા અને પોતાની સદરી કે દસ્તાર લોકોને વેચીને માંગણી કરેલ વસ્તુ હઝરતને અર્પણ કરી દીધી. *(ઉપર મુજબ, પેજ : ૧૨૨)*

હઝરત બાબા ફરીદુદ્દીન رحمۃ اللہ علیہ (વિસાલ : હિ.સ. ૬૬૪)એ આપને સિલસિલામાં દાખલ કરીને હાજરજનોને ફર્માવ્યું, આજે મેં એવું ઝાડ રોપ્યું છે જેના પડછાયામાં ઘણી ખુદાની મખ્લૂકને આરામ પ્રાપ્ત થશે. મુરીદ બનાવ્યા પછી શૈખે વસિયત ફર્માવી. પહેલાં એ ફર્માવ્યું, જે આ ફકીરનો મુરીદ બન્યો એણે કર્ઝ (ઉધાર) ન લેવું જોઈએ. બીજી વસ્તુ ઘણા વખત ફર્માવી કે પોતાના દુશ્મનોને રાજી રાખવા જોઈએ, અને જેનો હક્ક હોય એને હક્ક આપવો જોઈએ. એ સમયે મહબૂબે ઈલાહીએ દિલમાં વિચાર્યું, મેં એક માણસ પાસેથી કપડુ ઉધાર લીધુ હતું એના ૨૦ રૂા. (તીન્કા) બાકી રહી ગયા છે અને એક માણસ પાસેથી એક કિતાબ પઢવા માટે લીધેલી જે ગુમ થઈ ગયેલ છે તો દિલ્હી જઈને પહેલુ કામ એ જ કરીશ કે આ બંનેવના હક્કને અદા કરીશ.

શૈખના ફર્માન પર ફક્ત દિલ્હી જઈ અમલ જ ન કર્યો બલ્કે પૂરી જિંદગી હક્કને અદા કરવાનો ખાસ ખ્યાલ રાખતા હતા બલ્કે જ્યારે અજોધનથી પાછા ફરી રહ્યા હતા તો રસ્તામાં એક ચાદર પડેલી જોઈ

રજૂકર્તા : મૌલાના ઈસ્માઈલ અમજદી રોઝાટંકારવી (સૂરત)

તો આપ ત્યાં જ રોકાઈ ગયા. એક જમાઅત નીકળી રહી હતી, જ્યાં સુધી એ નીકળી ન ગઈ ત્યાં સુધી આપ ચાદર પાસે ઊભા રહ્યા અને એની હિફાઝત કરતા રહ્યા, એટલા માટે કે બીજો કોઈ કબજો ન કરે અને જેનો હક્ક઼ છે એ બર્બાદ ન થાય.

એક વખતે એક વિદ્યાર્થી આપની ખાનક઼ાહમાં આવ્યો. આ તે સમય હતો જ્યારે આપનુ ઠેકાણુ ગયાસપૂરમાં હતું (ગયાસપૂર એ જ જગ્યાએ વસેલુ હતું જ્યાં હવે હુમાયુનો મકબરો છે) અને વસ્તુ ઘણી આવતી. પહેલાં એને ખાવા ખવડાવ્યું પછી આપે ખાદિમ ઈકબાલને જણાવ્યું એમને અડધુ તીનકુ (તે સમયનો રૂપિયો) આપી દો. ઈકબાલે જણાવ્યું હાલ મૌજૂદ નથી. આપે ફર્માવ્યું, કોઈની પાસેથી લઈને આપો. એ સમયે એવું બન્યું કે કોઈની પાસે પણ ન મળ્યું. ખાનક઼ાહમાં એક બળદ બાંધેલ હતો. હઝરતે ફર્માવ્યું, આ બળદને બજારમાં વેચી આવો. એ બળદ લઈ બજાર ગયા તો બજારનો સમય પૂરો થવાથી બળદ ન વેચી શક્યા અને એને પાછો લાવ્યા. તાલિબે ઈલ્મે જણાવ્યું, આ બળદ મને આપી દો હું એને વેચી લઈશ. એ પાંચથી છ તીનકાનો હતો. મુબારકે હઝરત પાસે જઈ જણાવ્યું કે તાલિબે ઈલ્મ કહે છે કે એને બળદ આપી દેવામાં આવે. આપે ફર્માવ્યું, હા ! એને આપી વિદાય કરો.

એક દિવસ એક માણસ મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની બારગાહમાં આવ્યો અને જણાવ્યું, મારા ઘરમાં બે કુંવારી છોકરીઓ છે અને મારી એ શક્તિ નથી કે એમની જરૂરત પૂરી કરી શકું. આ સાંભળી હઝરતે પોતાનાં ખાદિમાથી ફર્માવ્યું, કલમ લાવો ! પછી એક ચિટ્ઠી લખી :–

من جاء بالحسنة فله عشرۃُ امثالها આપે આ ચિટ્ઠી આપી ફર્માવ્યું, મલિક ક઼ીરબક પાસે જાવ અને એનાથી પોતાની હાલતનું વર્ણન કરજો અને આ ચિટ્ઠી એને આપી દેજો. એણે જઈને મલિકને ચિટ્ઠી આપી તો મલિકે મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની ચિટ્ઠી ઓળખી લીધી અને એની વાત ધ્યાનપૂર્વક સાંભળી. એ સમયે મલિક ક઼ીરકબની છોકરીની શાદી થવાની હતી અને એનું દહેજ ભેગુ થઈ રહ્યું હતું. એ બધા કપડાં અને ઘરેણા લઈને આવ્યા અને એને આપી દીધાં. બીજા દિવસે સુલ્તાન અલાઉદ્દીન ખીલજી પાસે હાજર થયો. તો બાદશાહે પૂછ્યું, ક઼ીરબક કાલની શું વાત હતી ? ક઼ીરબક વિચારમાં પડી ગયો કે બાદશાહને કેવી રીતે જાણ થઈ ! પછી એણે શૈખની ચિટ્ઠીની વાત કરી. તો બાદશાહે ઘણા શોખથી પૂછ્યું કે શૈખે શું લખ્યું હતું ? એણે ચિટ્ઠીના લખાણનું વર્ણન કર્યું. બાદશાહે ક઼ીરબકના કામની તારીફ કરી અને કહ્યું, તમે જે દહેજ તૈયાર કર્યુ હતું એની લિસ્ટ લાવો. ક઼ીરબકે લિસ્ટ આપી. હવે એ વિચારી શકાય છે કે બાદશાહો તથા અમીરોની છોકરીઓનું દહેજ શું હશે, અને તુર્કી અમીરો તો ઘણા સખી હતા. બાદશાહે ઝવેરાતની લિસ્ટ પોતાના ખજાનચીને આપીને કહ્યું, એને દસ ઘણુ કરીને મલિક ક઼ીરબકને આપી દો.

હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની સખાવતનો અંદાજ પણ અનોખો હતો. કોઈને એ જાણકારી પણ ન થતી કે કોને શું આપ્યું. પરંતુ કોઈક વખતે આ ભેદ ખુલી જતો હતો. એક વખતે કોઈ માણસ માટે આપે ખ્વાજા ઈકબાલને કહ્યું, એને ખાંડની એક પડીકી આપી દો. એ માણસ અદબ સાથે સલામ કરી ખાંડની પડીકી લઈ ચાલતો થયો. ઘરે જઈ પડીકી ખોલી તો એમાં દસ તીનકા (એ જમાનાના સિક્કા) રાખેલા હતા. એ સમજ્યો કે આ પડીકી મને ઈકબાલે ભૂલથી આપી દીધી છે, પછી ખાનક઼ાહ પર પાછો આવ્યો અને હઝરતની ખિદમતમાં એ પડીકી આપી કહ્યું, આ મને ભૂલથી આપી દીધી હતી, એમાં તો તીનકા નીકળ્યા જેને પાછા આપવા માટે આવ્યો છું. હઝરતે હસીને ફર્માવ્યું, હે ખ્વાજા ! આ તો અલ્લાહ તબારક વ તઆલા તમોને આપી રહ્યો છે, અમો વચ્ચે કોણ હોઈએ છીએ ! તમે એને રાખો અને જે જીવમાં આવે ખર્ચ કરો !

મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہના મખ્લક઼ની ખિદમતના અલગ અલગ અંદાઝ હતા. એ કોઈપણ હાલતમાં અલ્લાહ તબારક વ તઆલાના બંદાને

પરેશાનીમાં જોઈ શકતા ન હતા. હઝરતની ખાનક઼ાહના દરવાજા સમંદર તરફ હતા. સમંદર પર પાણી ભરવાવાળાઓની ભીડ રહેતી અને ખેંચતાણમાં અમુક લોકોનાં માટલાં તૂટી જતાં તો એમને તુરંત હઝરતની ખાનક઼ાહથી નવાં મટકાં મળી જતાં. એ રીતે દરરોજ ઘણા માટલાંઓની વહેંચણી થતી. પરંતુ કોઈને પણ ખાનક઼ાહમાં પાંચ સાત માટલાંઓ પણ રાખેલ ન મળતાં ! એના પર આશ્ચર્ય થતું હતું કે નવાં માટલાં તુરંત ક્યાંથી આવી જાય છે ?!

મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની ખાનક઼ાહમાં ખાણાનું લંગર ચાલુ રહેતુ જેનાથી ઘણી બધી અલ્લાહ તઆલાની મખ્લૂક઼ પોતાની ભૂખ મિટાવતી. આપે એક સમયે ફર્માવ્યું, ખલ્કે ખુદા માટે આ લંગર અમો ફકત ઝબાનના સ્વાદ માટે નથી કરતા, આ તો અમારા ખ્વાજા બાબા ફરીદ رحمۃ اللہ علیہની રહમત છે. મારું તો દિલ થાય છે કે અહીંથી દિલ્હી સુધી દરેક જગ્યાએ ભઠ્ઠીઓ લગાડી આપું અને અલગ અલગ નેઅમતો દરેક સમયે હાજર રહે અને એનાથી અલ્લાહ તબારક વ તઆલાના બંદા વિના પરેશાનીએ ફાયદો પ્રાપ્ત કરે, ખાય અને સાથે પણ લઈ જાય.

મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની આદત હતી કે જુમેરાતની સવારે અથવા જુમેરાતે ઈશા પછી સામાન જે કાંઈ પણ હોય એનાથી અલગ થઈ જતા અને બધો સામાન ગરીબો અને જરૂરતમંદોમાં વહેંચણી કરી દેતા. એમનો નિયમ એ હતો કે શહેરથી આવેલ જે લોકો હાજર રહેતા એમને દસ દસ, વીસ વીસ માણસોના હિસ્સાનું આપી હિદાયત કરતા, એની વહેંચણી કરી દો. આ રીતે ખાનક઼ાહમાં કાંઈ પણ બાકી ન રહેતું, પરંતુ સવારે ફજરની નમાઝ પછી પાછા ફરવાવાળા મુસાફરોને વિદાય કરવા માટે હઝરત તશરીફ લાવતા તો એમને પણ કાંઈક આપીને વિદાય કરતા. જોવાવાળાઓને આશ્ચર્ય થતું કે રાત્રે તો બધાની વહેંચણી કરી દીધી હતી હવે આ ક્યાંથી આવ્યું છે ?!

સખાવત માટે હઝરતે અમુક નિયમો પણ બનાવ્યા હતા. ગયાસપૂર અને નજીકના રહેવાવાળાઓને દરરોજ મળતુ હતું, અને જે લોકો શહેરના હતા એમને અઠવાડીયે વઝીફો મળતો, અને આજુબાજુના કસ્બાથી આવનારના માટે મહિને વઝીફો આપતા. દૂરથી આવવાવાળાઓ માટે વાર્ષિક વઝીફો નક્કી કરેલ હતો.

મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ માટે મજબૂરોને કામ આવવું અને એમના દુઃખ દર્દમાં ભાગીદાર થવું બધાથી મોટી ઈન્સાનિયત છે. કોઈને મુસીબતમાં સપડાયેલ જોતા તો પોતે બેચૈન થઈ જતા કે જાણે એ તકલીફ એમને પહોંચી હોય. એક દિવસ ખાનક઼ાહમાં લોકોની ભીડ હતી, તડકો ઘણો હતો અને છાયડામાં જગ્યા ન મળવાથી અમુક લોકો તડકામાં બેઠા હતા. હઝરતે જોયું તો લોકોથી ફર્માવ્યું, મલીજુલીને બેસી જાવ ! તો બીજાઓ માટે પણ જગા નીકળી આવે, તડકામાં તો લોકો બેઠેલ છે અને બળી હું રહ્યો છું !

હઝરત ફરીદુદ્દીન ગંજે શકર رحمۃ اللہ علیہના ભાણયા શૈખ શરફુદ્દીનને હઝરત શૈખુલ ઈસ્લામ રુકનુદ્દીન ફિરદૌસીના ખલીફા શૈખ બદરુદ્દીન સમરકંદીના ઉર્સમાં દા'વત આપવામાં આવી જ્યાં ઘણા મોટા સૂફિયાએ કિરામ હાજર હતા. એમાં એક સૂફીએ કહ્યું કે હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ એકલા છે, ઘર અને બાળકોની એમને કોઈ ચિંતા નથી, એમને એવી ફરાગત છે કે એમને તદ્દન ગમ નથી. શૈખ શરફુદ્દીન શૈખ નસીરુદ્દીન ચિરાગ દહેલ્વીના નવાસા મેહફિલથી ઊભા થઈ મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ પાસે આવ્યા કે આ વાતનું વર્ણન કરે. હઝરતે એમને જોઈને ફર્માવ્યું, શરફુદ્દીન ! મને જે તકલીફ સમયે સમયે પડે છે કદાચ જ બીજા કોઈને પડતી હશે, જે માણસ મારી પાસે આવે છે અને પોતાની હાલતનું વર્ણન મારી પાસે કરે છે એનાથી ઘણી તકલીફ મને પહોંચે છે, ઘણો સખત દિલવાળો છે એ માણસ જેના પર પોતાના દીનીભાઈની તકલીફ સાંભળી ગમ અસર ન કરે.

એક વખતે ફર્માવ્યું, મને સ્વપ્નમાં એક કિતાબ આપવામાં આવી એમાં લખેલું હતું, જ્યાં સુધી શક્ય હોય લોકોને રાહત આપો કે મો'મિનનું દિલ ઈસરારના મક઼ામે છે. કોઈ બુઝુર્ગે સરસ ફર્માવ્યું છે,

**"પ્રયત્ન કરો કે કોઈ માણસને તમારાથી આરામ મળે અથવા જે ખાલી હાથ છે એમને તમારા થકી રોટી મળે."**

એક વખતે ફર્માવ્યું, **કયામતના બજારમાં કોઈના અમલની એટલી કિંમત નહીં હોય જેટલી બીજાનો ખયાલ રાખવાવાળાના અમલની હશે.**

એક સમયે ફર્માવ્યું, ઈતાઅત બે પ્રકારની હોય છે : (૧) તાઅતે લાઝમી (૨) તાઅતે મુતઅદ્દી. તાઅતે લાઝમી તો એ છે કે જેનો ફાયદો એ એક જ પૈરવી કરવાવાળાને મળે છે, અને એ નમાઝ, રોઝા, હજ્જ, વઝીફાઓ, તસ્બીહ અને પ્રકારની અન્ય વસ્તુઓ છે. પરંતુ તાઅતે મુતઅદ્દી એ છે જેનાથી ફાયદો અને રાહત બીજાને મળે, ખર્ચ કરવાથી અને જ્યાં સુધી શક્ય હોય બીજાઓ પર મહેરબાની કરવાથી. આને તાઅતે મુતઅદ્દી કહે છે અને એનો સવાબ ઘણો છે. અને તાઅતે લાઝમીમાં તો ખુલૂસ હોવો જોઈએ જેથી કરીને કબૂલ થઈ જાય, પરંતુ તાઅતે મુતઅદ્દી તો જે રીતે પણ હોય, જે રીતે પણ કરવામાં આવે એમાં સવાબ છે.

આપે ફર્માવ્યું, સોના ચાંદીથી આરામ એના ખર્ચ કરવામાં છે કેમ કે આદમીને કોઈ વસ્તુથી આરામ નથી મળતો જ્યાં સુધી રૂપિયા ખર્ચ ન કરે. દા.ત. જો એ ચાહે છે કે સારાં કપડાં પહેરે અથવા એને સારા ખાણાની તમન્ના છે અથવા એ જ રીતે બીજી કોઈ ઈચ્છા હોય તો જ્યાં સુધી રૂપિયા ખર્ચ ન કરે એની ઈચ્છા પૂર્ણ ન કરી શકે. જેથી જાણવા મળ્યું કે સોના ચાંદીથી ત્યારે જ આરામ મળે છે જ્યારે એને ખર્ચ કરવામાં આવે.

એ પછી ફર્માવ્યું, સોના ચાંદી ભેગુ કરવામાં નિય્યત એ હોવી જોઈએ કે એનાથી બીજાઓને ફાયદો પ્રાપ્ત થાય.

એ દરમ્યાન ફર્માવ્યું, મારા દિલમાં પહેલાંથી જ કોઈ વસ્તુ ભેગી કરવાની ઈચ્છા ન હોતી, દુનિયા પ્રાપ્ત કરવાની તદ્દન ઈચ્છા ન હતી. એ પછી જ્યારે શૈખુલ ઈસ્લામથી મુરીદ થયો તો આ વાત એવી દિલમાં બેસી ગઈ કે દુનિયા પ્રાપ્તિની ઈચ્છા તદ્દન છોડી દીધી.

ત્યાર બાદ ફર્માવ્યું, એના પહેલાં મને માલની કમી હતી પરંતુ ખુશીથી ગુઝારો કરતો હતો. એક દિવસ એક માણસ વિના જરૂરતે મારી પાસે અડધુ તીનકુ લાવ્યો એ વિચારીને કે આજે તો સમય પસાર થઈ ગયો છે અને જે કાંઈ જરૂરત હતી એ પૂરી થઈ ગઈ છે, એને કાલે ખર્ચ કરીશ. જ્યારે રાતનો સમય થયો અને હું ઈબાદતમાં મગ્ન થઈ ગયો તો એ અડધા તીન્કાએ મારા દામનને પકડી લીધું અને નીચે ખેંચવાનું શરૂ કર્યું. જ્યારે મેં આ હાલ જાયો તો કહ્યું, હે અલ્લાહ ! સવાર ક્યારે થશે કે એનાથી નજાત મળે અને એને ખર્ચી નાખું !

મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ મોટા ભાગે રોઝાની હાલતમાં રહેતા હતા, પરંતુ એ રીતે કે કોઈકવાર સહેરી ખાતા. ખ્વાજા અબ્દુર્રહીમ જેમની ડયુટી હઝરતની સહેરીનું ખાણુ લાવવાની હતી. અર્ઝ કરતા, મખ્દૂમ ! તમે ઈફતારીમાં ઘણુ ઓછુ ખાધેલ છે, જો સહેરીના સમયે પણ નહીં ખાવ તો કમજોરી વધી જશે અને તાકત ખતમ થઈ જશે ! ખ્વાજા અબ્દુર્રરહીમની વાત સાંભળી હઝરત મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ રડવા લાગ્યા અને ફર્માવ્યું, ઘણા ગરીબો અને ફકીરો મસ્જિદના ખૂણામાં અને દુકાનોમાં ભૂખા પડેલા છે, આવી હાલતમાં આ ખાવા મારા ગળા નીચે કેવી રીતે ઉતરી શકે છે ?!

મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہની ઉપર વર્ણન કરેલ વાતો અને તેમના અમલ અને જિંદગીથી જાણી શકાય છે કે એમની આદતો કેટલી સારી હતી અને લોકોનું દર્દ એમના દિલમાં કેટલું હતું. આજે જરૂરત છે કે આપણે પોતાની જિંદગીમાં એમની આદતો પૈદા કરીએ, કારણ કે કામયાબ બનવાનો નુસ્ખો એમાં જ છુપાયેલ છે. અલ્લાહ તબારક વ તઆલા આપણને સારા અખ્લાક એ મખ્લૂકની ખિદમતનો જઝબો આપે. (આમીન)

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, નવે. ૨૦૧૧, મુંબઈ)*



# ફતાવા રઝવિય્યહની
## વિશિષ્ટતાઓની એક ઝલક


અઝ : **મુફ્તી મુહમ્મદ ઈબ્રાહીમ ક઼ાદરી** (સિખ્ખર–પાક.)

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)


કેટલીક ફતાવાની કિતાબો એવી છે જેમાં સવાલ તથા જવાબની પદ્ધતિથી હટીને સંક્ષિપ્તપણે મોટાભાગના ફિક઼હના મસાઈલ વર્ણન કરવામાં આવ્યા છે, જેમ કે ફતાવા આલમગીરી, ફતાવા કા઼ઝીખાન તથા ખુલાસતુલ ફતાવા વગેરે. અને અમુક ફિક઼હની કિતાબો એવી છે જેમને સવાલ તથા જવાબની પદ્ધતિમાં સંપાદિત કરવામાં આવી છે, જેમ કે ફતાવા ખૈરિયહ્, ફતાવા હામિદિયહ્, ફતાવા અઝીઝી, ફતાવા હુમાયૂની વગેરે. ફતાવાની કિતાબોનો આ જ તે પ્રકાર છે જેમાં સામાન્યતઃ દલીલો રજૂ કરવામાં આવે છે. ફતાવા રઝવિય્યહ્નો સંબંધ પણ ફતાવાની કિતાબોના આ જ પ્રકારથી છે.

પ્રિય વાંચકો ! જો તમે ફતાવાની કિતાબોના સર્વ ઝખીરાઓ ફેંદીને કોઈપણ શાનદારથી શાનદાર કિતાબની પસંદગી કરો, પછી તેને ફતાવા રઝવિય્યહ્ સમક્ષ રજૂ કરો તો તમે મેહસૂસ કરશો કે આ કિતાબ પોતાની ખાસ વિશિષ્ટતાઓ તથા ખૂબીઓના કારણે દરેક ઉમદા મોટીથી મોટી અને જૂનાથી જૂની કિતાબ પર આ'લા તથા બાલા (ઉચ્ચ) બલ્કે ખાતિમુલ ફતાવા છે. હું આ સંક્ષિપ્ત લેખમાં ટૂંકમાં ફતાવા રઝવિય્યહ્ની વિશિષ્ટતાઓ આપની સમક્ષ રજૂ કરું છું.

### ★ પ્રથમ વિશિષ્ટતા ★

ફતાવા રઝવિય્યહ્નો તે લાજવાબ ખુત્બો છે જેમાં વિષયને અનુરૂપ ઉમદા શૈલીને અપનાવીને ફિક઼્હે ઈસ્લામના છ ઈમામો તથા હનફી ફિક઼હની ૮૪ વિશ્વસનીય કિતાબોનાં નામો એ અંદાઝથી લેવામાં આવ્યાં છે કે એ ખુત્બો જોતજોતામાં નઅતે નબીનો ગુલદસ્તો બની ગયો.

હું ચાહું છું કે એ ગુલદસ્તાની ખુશ્બુ વડે થોડીવાર માટે આપ પણ ફૈઝયાબ થાવ. ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ પોતાના આક઼ા વ મૌલાની સમક્ષ દુરૂદો સલામ પેશ કરતાં લખે છે : ''દુરૂદો સલામ એમના પર જે તમામ મોઅઝ્ઝઝ્ રસૂલોના ઈમામે આ'ઝમ છે. મારા માલિક, મારી શફાઅત કરનાર, અત્યંત કૃપાવન અહમદ, હુસ્ન વિના સંકોચ કહે છે કે મુહમ્મદ કરીમ صلی اللہ علیہ وسلم હુસ્નો જમાલમાં હઝરત યૂસુફના બાપ છે.''

### ★ બીજી વિશિષ્ટતા ★

ફતાવા રઝવિય્યહ્માં જ્યાં ક્યાંક કોઈ મસ્અલાનો વિસ્તારપૂર્વક જવાબ લખ્યો અને સવાલના મહત્વને લક્ષમાં રાખી પૂરી કિતાબ લખી તો તેના શરૂમાં એવો ખુત્બો લાવે છે કે વાંચક ખુત્બો પઢીને આખા લખાણનો ખુલાસો જાણી લે છે. ટૂંકાણને લક્ષમાં રાખી અહીં કેવળ એક દ્દષ્ટાંતથી સંતોષ માનીશું.

આ'લા હઝરત رحمۃ اللہ علیہને સવાલ કરવામાં આવ્યો કે અમુક ઉલમા ઈદની નમાઝ બાદ દુઆ માગવાને બિદઅત કહે છે, કેમ કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم તથા સહાબાએ કિરામ અને તાબઈનથી એ કોઈ રીતે સાબિત નથી.

એના જવાબમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ ''સુરૂરુલ ઈદ''ના નામથી એક કિતાબ લખી. તમે એનો ખુત્બો સાંભળો અને જાતે જ ફૈસલો કરો કે જવાબ દુઆ કરવાના જાઈઝ હોવામાં હશે કે નાજાઈઝ હોવામાં.

**ખુત્બો આ પ્રમાણે છે** : (અર્થ) : ''સર્વ વખાણો અલ્લાહ તઆલાના માટે છે જેણે આપણા માટે ઈદને મહબૂબ બનાવી, અને તેને દરેક દૌરને નજીક કરનાર

બનાવી અને **આપણને તે મુબારક દિવસમાં દુઆનો હુકમ આપ્યો** અને **કુર્આન મજીદમાં એની ક઼બૂલિયતનો વાયદો ફર્માવ્યો** અને દુરૂદો સલામ થાય તે ઝાતે કરીમ પર જેનો ચહેરો ઈદ, દીદાર ઈદ, મીલાદ ઈદ છે.

## ★ ત્રીજી વિશિષ્ટતા ★

સામાન્યતઃ ફતાવાની કિતાબોમાં જવાબનું લખાણ સવાલ કરતાં અધિક ટૂંકું હોય છે. અને અમુક ફતાવા તો હા, ના, નાજાઈઝ છે, હલાલ છે, હરામ છે, સવાબ છે નો સમૂહ હોય છે, જેમ કે ફતાવા રશીદિયહ.

એનાથી ઉલટુ ફતાવા રઝવિય્યહ્‌માં આપ દરેક સવાલનો સ્પષ્ટ વિગતવાર દલીલયુક્ત જવાબ આપે છે અને અમુક સવાલોના જવાબમાં પૂરી કિતાબ તમને જોવા મળશે.

**દષ્ટાંત-૧** : ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે કોઈ શખ્સ ઊંઘમાંથી જાગૃત થયો તો તેણે શરીર અથવા કપડા પર તરી (ભીનાશ) જોઈ અથવા ખ્વાબ જોયો અને તરી ન જોવા મળી, તો એના પર ગુસ્લ કરવું વાજિબ છે કે નહીં?

આ કેવળ એક લીટીનો સવાલ છે, એનો ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ જે જવાબ લખ્યો તે ફતાવા રઝવિય્યહ્‌ના ૧૧૪ પેજીસ પર ફેલાયેલો છે. *(જુઓ ફતાવા રઝવિય્યહ્‌, ભાગ : ૧, પેજ : ૪૬૫ થી ૫૭૮, પ્રકાશક : રઝા ફાઉન્ડેશન-લાહોર)*

**દષ્ટાંત-૨** : આ'લા હઝરતને પૂછવામાં આવ્યું કે ગુસ્લ તથા વુઝૂમાં પાણીની શરીઅતની રૂએ કેટલી માત્રા નિશ્ચિત છે? આ પ્રશ્ન કેવળ અડધી લીટીનો છે. કોઈ અન્ય મુફતી હોત તો જવાબમાં બે ચાર લીટી કહી આપત. અને તેહક઼ીક઼વાળો કહેત તો બે ચાર પેજીસ પૂરતાં હતાં. પણ ઈલ્મના આસ્માનનો આ નૈયરે આ'ઝમ (મહાન ચમકતો સિતારો) આ ટૂંકાટચ સવાલ પ્રતિ ધ્યાનિત થાય છે તો તેનો દામન ૨૧૧ પેજીસો પર ફેલાવી આપે છે. *(જુઓ : ફતાવા રઝવિય્યહ્‌, પેજ : ૫૭૯ થી ૭૯૦, પ્રકાશક : રઝા ફાઉન્ડેશન-લાહોર)*

**દષ્ટાંત-૩** : ઈમામ અહમદ રઝાને એક પ્રશ્ન મોકલવામાં આવ્યો જેમાં તયમ્મુમ વિશે ત્રણ સવાલ હતા જેનું લખાણ પાંચ લીટીથી વધુ ન હતું. ઈમામ અહમદ રઝાનો ક઼લમ કમાલ દેખાડે છે તો બુદ્ધિ દંગ રહી જાય છે કે ૭૫૦ પેજીસનું અંતર કાપતાં સુધી ક઼લમ રોકાવાનું નામ નથી લેતો.

પ્રિય વાંચકો ! હું તમને એ કેમ ન જણાવું કે ફતાવા રઝવિય્યહ્‌, ભાગ : ૧, (જેની આધુનિક આવૃત્તિ પછી ત્રણ જિલ્દો બની છે)માં **કુલ ૧૧૪ સવાલો નોંધાયેલા છે જેમને એક જગાએ ભેગા કરવાથી મુશ્કેલીથી ત્રણ પેજા બને,** મેં જ્યારે **જવાબ**ની સાડા ત્રણ જિલ્દોના પેજોનો હિસાબ લગાડયો તો **૨૫૮૦ પેજીસ** થયા !

તમે સમુદ્રને કૂજામાં બંધ કરતાં તો કોઈને જોયું હશે પણ બંધ કૂજાને સમુદ્ર પર ફેલાવતાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ સિવાય કોઈને અન્ય નહીં જોયો હોય.

## ★ ચોથી વિશિષ્ટતા ★

ફતાવા રઝવિય્યહ્‌માં તેહક઼ીક઼ તથા સંશોધનના તે દરિયા વહાવવામાં આવ્યા છે કે અન્ય ફતાવાની કિતાબો એનાથી વંચિત છે, એનાં પણ અમુક દષ્ટાંતો જોઈ લો :-

**દષ્ટાંત-૧** : મસ્અલો એ છે કે માણસ પાણીનો ઉપયોગ કરવા માટે શક્તિમાન ન હોય તો વુઝૂ તથા ગુસ્લ ફર્ઝ છે અને જો પાણીથી લાચાર હોય તો તયમ્મુમ કરે.

પાણી વાપરવાથી લાચાર હોવાની સામાન્યતઃ ફિક઼્હની કિતાબોમાં **દસ બાર** સ્થિતિઓ વર્ણન થયેલી છે પણ ફતાવા રઝવિય્યહ્‌માં પાણીથી લાચાર હોવાની **૧૭૫ સ્થિતિઓ** વર્ણન કરવામાં આવેલી છે. *(જુઓ : ફતાવા રઝવિય્યહ્‌, ૧/૪૧૧-૪૪૦)*

**દષ્ટાંત-૨** : ફિક઼્હના મસ્અલાઓમાંથી એક મશ્હૂર મસ્અલો "મસ્અલએ લમ્અહ્‌" છે. તેની વિગત એ છે કે એક શખ્સ પર ગુસ્લ ફર્ઝ થયું તેણે ગુસ્લ કર્યું, પણ શરીરનો અમુક હિસ્સો સૂકો રહી ગયો અને પાણી પણ ખત્મ થઈ ગયું. પછી તેને હદ્‌ષ થયું જેનાથી વુઝૂ તૂટી જાય છે. હવે હદષ તથા જનાબત બંનેવ એકત્ર થઈ ગયાં. પછી તેને પાણી મળ્યું પણ એટલું નહીં કે તે વુઝૂ

પણ કરી શકે અને ગુસ્લમાં છૂટેલા શરીરના હિસ્સાને પણ ધોઈ શકે છે. બલ્કે એ પાણી વડે એક જ કામ શક્ય છે ક્યાં તો વુઝૂમાં વાપરી શકે છે અથવા ગુસ્લમાં શરીરનો છૂટેલ હિસ્સો ધોઈ શકે છે. પ્રશ્ન એ ઉપસ્થિત થઈ ગયો છે કે આવી સ્થિતિમાં એ શખ્સનું શું કરે ?

આપણા ફક઼ીહોએ મસ્અલએ લુમ્અહ્‌ની અમુક સ્થિતિઓ વર્ણન કરી છે. સૌથી વધુ આ મસ્અલાની તફસીલ શરહે વક઼ાયામાં છે જેમાં **૧૫ સ્થિતિઓ** વર્ણન છે.

પણ ફતાવા રઝવિય્યહ્‌માં "મસ્અલએ લુમ્અહ્‌"ની **૯૮ સ્થિતિઓ** વર્ણન કરવામાં આવી છે.

**દષ્ટાંત–3** : ફતાવા રઝવિય્યહ્‌ના કર્તા (આ'લા હઝરત) رحمۃ اللہ علیہને સવાલ કરવામાં આવ્યો કે હલાલ જાનવરોમાં કેટલી ચીજો મકરૂહ છે ? એનો સમૃદ્ધ જવાબ તમને ફતાવાના ઝખીરાઓમાં ફતાવા રઝવિય્યહ્‌ સિવાય ક્યાંય મળશે નહીં. લગભગ ફિક઼્હની દરેક કિતાબમાં ચાહે તેનો સંબંધ મતનો કે શરહો સાથે હોય અથવા ફિક઼્હની કિતાબોથી હોય, **સાત ચીજો** મકરૂહ લખેલી છે.

અમુકે ચાર પાંચનો વધારો કર્યો છે પણ ફતાવા રઝવિય્યહ્‌ના કર્તાએ હદીષો, આષાર તથા ફક઼ીહોનાં વિવિધ લખાણોને લક્ષમાં રાખીને હલાલ જાનવરોમાં મકરૂહ ચીજોની સંખ્યા ૨૨ સુધી પહોંચાડી છે. *(જુઓ : ફતાવા રઝવિય્યહ્‌, ૮/૩૨૬, પ્રકાશક : અલ્મજદ વ ઈમામ અહમદ રઝા એકેડમી)*

**દષ્ટાંત–૪** : અહમદપુર શરકિયહ જિ. રહીમયારખાંના એક આલિમ મૌલાના નિઝામુદ્દીને ફત્વો બહાર પાડયો હતો કે ઘેટાની કુર્બાની તો જાઈઝ છે પણ ભેળ (બકરી)ની કુર્બાની જાઈઝ નથી.

એ આલિમે પોતાના દાવા પર જાહેરી રીતે એવી જબરદસ્ત દલીલો સ્થાપિત કરી હતી કે ઉસ્તાઝુલ મઅકૂલાત અલ્લામા અહમદ હસન કાનપૂરી رحمۃ اللہ علیہ (ઉસ્તાદે ગિરામી અલ્લામા મુહમ્મદ ઘોટવી શૈખુલ જામિઆ અબ્બાસિયા બહાવલપુર) જેવી શખ્સિયત પણ એ દલીલો સમક્ષ મુંઝવણમાં મૂકાઈ ગઈ. અલ્લામા હસન કાનપૂરીએ આ મુશ્કેલીના હલને માટે ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના દરે ફય્ઝ પર દસ્તક આપી.

ઈમામ અહમદ રઝાએ મૌલાના નિઝામુદ્દીનની દલીલોનો ઘેરાવ કર્યો પછી કુર્આની આયતો વડે અને ૧૭ કિતાબોના હવાલાઓ વડે સાબિત કર્યું કે ઘેટાની જેમ ભેળ (બકરી)ની પણ કુર્બાની જાઈઝ છે.

## ★ પાંચમી વિશિષ્ટતા ★

સામાન્યતઃ ફતાવાની કિતાબોમાં આપને સવાલોના જવાબો હવાલા વિનાના મળશે, અથવા એક બે કિતાબોના હવાલા પર સંતોષ કરવામાં આવે છે.

ફતાવા રઝવિય્યહ્‌માં ૧૨ થી ૧૫ કિતાબોના હવાલા આપવા એ સામાન્ય વાત છે, કેવળ મસ્અલએ "સમાએ મૌતા" (મુડદાના સાંભળવા વિષય) પર ચારસો કિતાબોના હવાલા રજૂ કર્યા.

એક દિલચસ્પ વાત એ છે કે બીમારીના કારણે આબોહવા બદલવા માટે ભવાલી પર્વત પર જવું પડયું, તેમ છતાં કે એમની પાસે કિતાબ નામની કોઈ ચીજ મૌજૂદ ન હતી ત્યાં એક સવાલના જવાબમાં ૧૧ કિતાબોના હવાલા લખાણોની સાથે લખ્યા. પ્રશ્નના જવાબના શરૂમાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના મઅઝેરત (મજબૂરી દર્શાવતા) શબ્દો જોઈ લો : "ફક઼ીર ૨૯ શાબાનથી બીમારીના કારણે રમઝાન કરવા અને સખત ગરમીના દિવસો પસાર કરવા માટે પહાડ પર આવી ગયો છે. વતનથી દૂર, કિતાબોથી દૂર, જેથી શરહો તથા બસ્તથી મઅઝૂર છું, પણ મસ્અલાનો હુકમ બિહમ્દિલ્લાહિ તઆલા સ્પષ્ટ તથા સરળ છે.

પ્રિય વાંચકો ! આ સંક્ષિપ્ત લેખમાં અમો કેવળ પાંચ વિશિષ્ટતાઓ રજૂ કરી શક્યા, નહીં તો ફતાવા રઝવિય્યહ્‌ની વિશિષ્ટતાઓ ગણાવવાના માટે દફતર જોઈએ. ફતાવા રઝવિય્યહ્‌ના કર્તાએ ફતાવા રઝવિય્યહ્‌ શરીફમાં તેહક઼ીક઼ તથા સંશોધનના તે દરિયા વહાવ્યા છે જેને જોઈને વાંચક અનાયાસે પોકારી ઉઠે છે :–

**મુલ્કે સુખન કી શાહી તુમ કો "રઝા" મુસલ્લમ**
**જિસ સમ્ત આ ગયે હો સિક્કે બિઠા દિયે હૈ**

*(તજલ્લિયાતે રઝા, ઈમામ અહમદ રઝા એકેડમી–બરેલી શરીફ)*

# અહલે હદીષ કે ગંદે અક઼ાઈદ

રજૂકર્તા : **જનાબ અલી મુહમ્મદ અહમદ બાબી–પોરબંદર**

પાક વ હિંદમેં જબ અંગ્રેજ કે મનહૂસ ક઼દમ આએ તો ઉસ કાફિર હુકૂમત કે ઝેરે સાયા એક ગૈરમુક઼લ્લિદ (અહલે હદીષ) આલિમને એક કિતાબ લિખી જિસકા નામ ''નુઝૂલિલ્ અબરાર મન ફિક઼્હે નબીયુલ મુખ્તાર'' રખ્ખા. ઉસ કિતાબ કે કુછ મસાઈલ નીચે લીખે ગયે હૈં :–

**૦૧.** ખુદા જિસ શક્લમેં ચાહે તજલ્લી ફર્મા સક્તા હૈ.

**૦૨.** અર્શ ખુદા કા મકાન હૈ.

**૦૩.** ખુદા કા ચેહરા, આંખ, નાક, કંધા, પસલી, ટાંગ, પાઉં, ઉંગલીયાં, સબ કૂછ હૈ.

**૦૪.** મર્દ ઔરત નંગે હો કર શર્મગાહેં મિલએં તો વુઝૂ નહીં તૂટતા.

**૦૫.** ખૂન, પીપ ઔર કૈ (ઉલ્ટી)સે વુઝૂ નહીં તૂટતા. સહીહ યે હૈ કિ (ઉલ્ટી) કે નાપાક હોને પર કોઈ દલીલ નહીં.

**૦૬.** સહીહ યે હૈ કિ શરાબ નાપાક નહીં હૈ.

**૦૭.** નમાઝ મેં બાલિગ આદમી કહકહા લગા કર હંસે તો વુઝૂ નહીં તૂટતા.

**૦૮.** અગર શર્મગાહ મેં લકળી દાખિલ કી અગર ખુશ્ક નિકલ આઈ તો વુઝૂ નહીં તૂટા.

**૦૯.** ઔરત કી શર્મગાહ કા બયરૂની હિસ્સા મિસ્લ ઈન્સાન કે મુંહ કે હૈ.

**૧૦.** આંખો મેં નાપાક સૂરમા ડાલા તો આંખો કા ધોના ગુસ્લ વ વુઝૂ મેં ફર્ઝ નહીં.

**૧૧.** ગુસ્લ ફર્ઝ હો ઔર પર્દા કી જગા ન હો તો મર્દ કો મર્દો કે સામને ઔર ઔરત કો ઔરતોં કે સામને નંગે હો કર ગુસ્લ કરના જરૂરી હૈ.

**૧૨.** જાનવર કી શર્મગાહ મેં જિમાઅ કિયા તો ગુસ્લ ફર્ઝ નહીં.

**૧૩.** આદમી કે પાખાને કે મક઼ામ મેં જિમાઅ કિયા તો ગુસ્લ ફર્ઝ નહીં.

**૧૪.** મુર્દા ઔરત સે જિમાઅ કિયા તો ગુસ્લ ફર્ઝ નહીં.

**૧૫.** કિસીને અપના આલાએ તનાસુલ (ગુપ્તેન્દ્રિય) અપની દુબર મેં દાખિલ કર લિયા તો ગુસ્લ ફર્ઝ નહીં.

**૧૬.** કિસી ઔરતને કિસી ગૈર મર્દ કા આલાએ તનાસુલ અપની શર્મગાહ મેં દાખિલ કરાયા તો ગુસ્લ ફર્ઝ નહીં હોતા.

**૧૭.** ઔરતને કિસી ખુસરે સે જિમાઅ કરાયા તો ગુસ્લ ફર્ઝ નહીં.

**૧૮.** અગર કિસી કંવારી લળકી સે જિમાઅ કિયા ઔર કંવારપટ્ટી ન તૂટી તો ગુસ્લ ફર્ઝ નહીં.

**૧૯.** (ગૈર મુક઼લ્લિદ) મર્દ ભી અપની દુબર મેં લોહે, લકળી યા મુર્દે યા જાનવર કા આલાએ તનાસુલ દાખિલ કરે તો ગુસ્લ ફર્ઝ નહીં.

**૨૦.** અહલે હદીષ કે નઝદીક બેવુઝૂ શખ્સ કુર્આન કો હાથ લગા સકતા હૈ.

**૨૧.** કુર્આન પળ્હનેવાલે બચ્ચે, પળ્હાનેવાલે ઉસ્તાદ બેવૂઝુ કુર્આન કો પકળ સકતે હૈ.

**૨૨.** કુર્આન પર ગિલાફ હો તો સર કે નીચે (તકીયા કી જગહ) યા પીઠ કે પીછે રખ લેના મકરૂહ નહીં.

૨૩. ફલસફા, મન્તિક ઔર કલામ (અક઼ાઈદ) કી કિતાબોં સે ઈસ્તિન્જા કરના જાઈઝ હૈ.

૨૪. પાખાના કરતે વક્ત યા ઈસ્તિન્જા કરતે વક્ત દિલ મેં કુર્આન પળ્હતે રહને મેં કોઈ હર્જ નહીં.

૨૫. મુસ્તમિલ ઔર ગૈર મુસ્તમિલ પાની મેં કોઈ ફર્ક નહીં.

૨૬. ઈન્સાન, ખિન્ઝીર, કુત્તે વગૈરાહ હર જાનદાર કી ખાલ રંગને સે પાક હો જાતી હૈ.

૨૭. મુર્દાર જાનવર ઔર ખિન્ઝીર કે બાલ, હડ્ડિયાં, પઠ્ઠે, ખુર ઔર સીંગ પાક હૈ.

૨૮. કુત્તા ઔર ઉસકા લુઆબ (લાળ) મોહક્કિ઼ક઼ીને અહલે હદીષ કે નઝદીક પાક હૈ.

૨૯. કુત્તે કી ખાલ કા ડોલ ઔર જાએનમાઝ બનાના જાઈઝ હૈ.

૩૦. ભીગે કુત્તે કે છીંટેં બદન યા કપળોં પર પળે તો બદન ઔર કપળા પાક હૈ.

૩૧. કુત્તેને કાટા અગર ચે જિસ્મ યા બદન કો ઉસકા લુઆબ ભી લગ ગયા તો ભી જિસ્મ ઔર કપળા પાક હૈ.

૩૨. કુત્તે ઔર ખિન્ઝીર કા જૂટા પાની, દૂધ વગૈરા ભી પાક હૈ.

૩૩. કુત્તે કો ઉઠા કર નમાઝ પળ્હે તો નમાઝ જાઈઝ હૈ.

૩૪. શરાબ કી મૈલ આટે મેં ગૂંદ કર રોટી પકાઈ વો ભી જાઈઝ હૈ ઔર હલાલ હૈ.

૩૫. કુત્તે કા પેશાબ ઔર પાખાના ભી પાક હૈ.

૩૬. હાએઝા ઔર જનાબતવાલે કો બિસ્મિલ્લાહ ઔર કુર્આની દુઆએ ઉનકા ઉઠના, છૂના સબ જાઈઝ હૈ.

૩૭. મની પાક હૈ ખુશ્ક હો યા તર, પતલી હો યા ગાળ્હી.

૩૮. હર હલાલ ઔર હરામ જાનવર કા પેશાબ પાક હૈ.

૩૯. ઈસ્તિન્જા કરતે વક્ત કિબ્લા કી તરફ મુંહ યા પુશ્ત કરના મકરૂહ નહીં.

૪૦. ચૂહા શરાબ મેં ગિરા, ફિર વો શરાબ સુરકા બન ગઈ તો પાક હૈ.

૪૧. ખાના હાઝિર હો તો ખાના ખાને સે પહલે જો નમાઝ પળ્હી વો નમાઝ નહીં હૂઈ.

૪૨. નજાસત લગે હૂએ કપળે મેં નમાઝ પળ્હી તો નમાઝ સહી હૈ.

૪૩. જિસ્મ પર નજાસત લગી થી. ઈસ તરહ નમાઝ પળ્હી લી તો નમાઝ સહીહ હૈ.

૪૪. શૌકાની, નવાબ સિદ્દીક઼ હસન ફર્માતે હૈં, કપળા હોતે હૂએ નંગે નમાઝ પળ્હી તો ભી નમાઝ સહી હૈ.

૪૫. ઔરત કી આવાઝ કા પર્દા નહીં.

*(હવાલા : કિતાબ મુતાલાએ ગૈર મુક઼લ્લિદિય્યત, મકતબા અલ્ હક્ક઼, જોગેશ્વરી, મુંબઈ–૧૦૨)*

**શાદી મુબારક**

**પોરબંદર** : થી મુહમ્મદ બશીર યુસુફ ગોડીલ જણાવે છે કે તેમના નેક ફરઝંદ મુફ્તી મુહમ્મદમુઝમ્મિલ (દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદના મુફ્તી સાહબ)ની શાદી મુહમ્મદ રફીક અ.સત્તાર તાબાની–ગોંડલની નેક દુખ્તર ગઝાલા સાથે તા. ૨૪–૧૨–૨૦૧૧ના રોજ ગોંડલમાં રાખવામાં આવ્યા છે જેમાં ઘણા ઉલમા, હાફિઝો હાજરી આપશે. મુફ્તી સાહબને તથા આપનાં વાલિદ સાહબ કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ એડવાન્સમાં પાઠવીએ છીએ. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કોલવણા** : મુકામે તા. ૧૨–૧૨–૨૦૧૧ સોમવારે જનાબ ઈસ્માઈલ મુહમ્મદ વટાનીયાના નેક દુખ્તર શબાનાના નિકાહ જનાબ વલી ઈસ્માઈલ ઉઘરાદારના નેક ફરઝંદ મુહમ્મદ રફીક઼ સાથે રાખવામાં આવ્યા. દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**કાવી** : જનાબ સુલેમાન માસ્તર દોલા બરેલ્વીના નેક ફરઝંદ મુહમ્મદ જુનેદના નિકાહ જનાબ વલીભાઈ પીરાની નેક દુખ્તર શાહીનબાનુ સાથે તા. ૧૨–૧૧–૨૦૧૧ના રોજ નગીના મસ્જિદ કાવી ખાતે મૌલાના મુબારક સાહબે પઢાવ્યા. દુલ્હા દુલ્હન કુટુંબીજનોને મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# સુલેહ કુલ્લિયતના ઝંડાધારી : તાહિરુલ કાદરી

અઝ : હઝરત અલ્લામા મુફ્તી વલી મુહમ્મદ **રઝવી**, સુન્ની તબ્લીગી જમાઅત–બાંસની

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી
*(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

આજે **અહલે સુન્નત વ જમાઅત**ના અકીદા તથા માન્યતાઓની રક્ષા કરવી એ મહત્વની જરૂરતમાંથી છે. સુલેહ કુલ્લિયત તથા ગમરાહિતથી હિફાઝત અધિક મહત્વની થઈ ગઈ છે. દરેક તે ઈલ્મ તથા અમલનો પયકર જેને ખુદાએ કરીમે નબી અકરમ ﷺના તુફૈલ દીન તથા સુન્નિયતની સમજ અતા કરી છે તે સારી રીતે વાકેફ છે કે કેવા કેવા ફિત્ના ઉપસ્થિત થઈ રહ્યા છે જેમનો નિશાનો ખાસ કરીને "અહલે સુન્નત વ જમાઅત" એટલે "ચારેવ મઝહબો" (હનફી, શાફઈ, માલિકી, હંબલી) જ છે જેથી જે હિદાયતના મીનારા આપણને અહલે સુન્નતના અકાબિર તથા અસ્લાફ (અગ્રગણ્ય ઉલમા તથા પૂર્વજ બુઝુર્ગો)એ ઘણી કુર્બાનીઓથી અતા કર્યા છે અને કૌમ (મિલ્લત) સદીઓથી જેની રક્ષાને જાનથી અધિક પ્રિય સમજે છે તે પવિત્ર તથા પાકીઝા અકીદાઓ તથા ખયાલોથી નાજિયહ (નજાત પામનાર) ઉમ્મત એટલે અહલે સુન્નત વ જમાઅત હાથ ધોઈને સુલેહ કુલ્લિયતના ઝંડાધારીઓના હાથે ચઢી જાય અને તેઓ તેમને પૂર્વજ બુઝુર્ગોથી કટ કરીને શૈતાનની ચુંગાલમાં ફસાવીને તબાહ કરી નાખે.

## ★ ગુમરાહીના સમય વિશે હદીષ અને તાહિરુલ કાદરી ★

પણ ખુદાની મદદ તથા સહાય વડે અને નબીએ રહમતે આલમ ﷺની નઝરે ઈનાયતથી હક્ક ગો ઉલમાએ કિરામે દરેક દૌરમાં એ ફિત્નાઓનું માથુ કચુંડીને ઉમ્મતને ફસાદ તથા ફિત્નાથી બચાવેલ છે. અને કેમ ન બચાવે, કે હદીષે પાકમાં ફર્માવવામાં આવ્યું : **"જ્યારે ફિત્ના તથા ગુમરાહી જાહેર થાય અને મારા સહાબાને બુરા કહેવામાં આવે તો આલિમ પર ફર્ઝ છે કે ઈલ્મ જાહેર કરે. અને જેણે આવુ ન કર્યું તો એના પર અલ્લાહની, સર્વ ફરિશ્તાઓની તથા સર્વ ઈન્સાનોની લઅનત છે. અલ્લાહ તેનો ન ફર્ઝ કબૂલ કરશે ન નફલ."** *(મિર્કાત, ૮/૫૧૮)*

પણ આજે **સુલેહ કુલ્લિયત**ના ખયાલોને ફેલાવવા માટે પૂરું જોર વાપરવામાં આવી રહ્યું છે અને "તાહિરુલ કાદરી" નામના પાકિસ્તાની પ્રોફેસરે એના માટે કમર કસી લીધી છે અને તે દૂધ તથા પેશાબ, ઝહેર તથા મધ, હક્ક તથા બાતિલ, હિદાયત તથા ગુમરાહી, સુન્ની તથા ગૈરસુન્ની, મુકલ્લિદ તથા ગૈર મુકલ્લિદ, વહાબી, નજદી, કાદયાની, શીઆ વગેરે સર્વને ભેગા કરીને એ જ **નદવાવાળી સુલેહ કુલ્લિયતને** જીવંત કરવા મંડી પડેલ છે જેનો તે દૌરમાં ઉલમાએ હક્ક દા.ત. આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝાખાં કાદરી, તાજુલ ફુહૂલ અલ્લામા શાહ અબ્દુલકાદિર બદાયૂની, અમીરુલ મો'મિનીન ફિશશયખ વસી અહમદ મુહદ્દિષે સૂરતી, મુહદ્દિષે આ'ઝમે હિંદ, સદરુલ અફાઝિલ અને સદરુશ્શરીઅહ رضوان الله تعالىٰ عليهم اجمعين જેવા **સેંકડો ઉલમા તથા મુફ્તિયાને કિરામે રદિયો આપીને અહલે સુન્નતની હિફાઝત કરી હતી** અને એક ફિત્નાને રોકી આપ્યો હતો જેના પરિણામે આજે આપણે હિદાયત પર ડગ માંડીને ચાલીએ છીએ અને ગુમરાહો તથા બદ્‌મઝહબોથી નફરત ધરાવીએ

છીએ. પણ મઝહબે અહલે સુન્નતની આ વિશિષ્ટતા તથા અનોખાપણુ તાહિરુલ કાદરીને મંઝૂર નથી જેથી તેમણે લગભગ ૧૦૦ પેજીસની એક કિતાબ "ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?" લખી નાખી ! તે લખે છે :–

*એશિયાખંડમાં ફિર્કાવારાના ખેંચાખેંચીનો પ્રારંભ વિવિધ મસ્લકોની દીની દર્સગાહો તથા મદ્રસાઓની અલગ અલગ સ્થાપ્નાથી થયો. આ અતિશય અફસોસનાક વાત હતી કે એ દૌરમાં વિવિધ મકાતિબે ફિક્ર (વિચારશ્રેણી)ના અલગ અલગ મદરસા અસ્તિત્વમાં આવી ગયા. એ દર્સગાહોથી તા'લીમ તથા કેળવણી પામેલા વિદ્યાર્થીઓ ખાસ માહોલમાં ઈલ્મ પ્રાપ્ત કર્યા બાદ જ્યારે બહાર નીકળ્યા અને ઈલ્મ તથા ઈર્શાદના સ્થાને બેઠા તો તેમના દિલો દિમાગ મસ્લકના માળખાંઓમાં ઢળેલાં હતાં અને તેમના અમલો તથા કિરદાર પર એ નિસ્બતોની ગાઢ છાપ તરી આવતી હતી. ઉલમાની એ ખેપ મસ્જિદોના મેહરાબ તથા મિમ્બરથી દીનના પાયાની માન્યતાઓથી નજર હટાવીને પોતપોતાના મસ્લક તથા અકીદાઓનો પ્રચાર કરવા લાગી. ઉપર ઉપરની બાબતોમાં ઉલઝીને ઉલમા એકબીજાને ઝઘડાળુ એતબારથી ટીકા ટીપ્પણનું નિશાન બનાવવા લાગ્યા. આ રીતે મસ્લકી રવાદરી (દરગુઝરવૃત્તિ)થી ઉલ્ટુ કટ્ટરવાદપણુ મજબૂત થતુ ગયું અને ફિર્કાપરસ્તી અને ભાગલાવૃત્તિની આગ ભડકી ઉઠી. જેનાથી વિવાદ તથા વિખવાદ, ફિત્ના ફસાદ અને નાઈત્તેફાકીએ જન્મ લીધો અને મિલ્લતની એકતાના ખયાલને અસહ્ય નુકસાન પહોંચ્યું જેના પરિણામે ઉમ્મત ગૃપો તથા ટુકડાઓમાં વહેંચાઈ ગઈ એનાથી ઈસ્લામની સામૂહિક હૈસિયત કમજોરી તથા પડતીની શિકાર થઈ ગઈ. (ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?, પેજ : ૫૯)*

### ★ ઉમ્મતમાં વિભાજન કરનારા કોણ ? ★

આં જનાબ (તાહિરુલ કાદરી) વિભાજન થવા પર મગરનાં આંસૂ વહાવી રહ્યા છે, પણ એ પાયાની વાત પર નજર ન ઉઠી કે આ મતભેદ પેદા કરનારા, ઉમ્મતનું વિભાજન કરનારા, ટુકડા પડાવનારા કોણ મૂઝી લોકો છે ?! **તે કયા સબબો તથા કારણો હતાં જેના કારણે મકતબો તથા મદ્રસાઓ મસ્લકોના રૂપે અસ્તિત્વમાં આવ્યા ?** એના પર ચુપકીદી સાધી લીધી છે, કેમ કે એ રાઝ ખુલી જાય તો તેમનો સુલેહ કુલ્લિયતનો મહેલ જમીનબોસ થઈ જાય ! અને સુલેહ કુલ્લિયતના સર્વ મન્સૂબા માટીમાં ભળી જાય ! જેની માયાજાળ રચીને પ્રો. તાહિર સૌને એક સાથે મિલાવવા ચાહે છે અને પૂર્વજ બુઝુર્ગોથી રિશ્તો તોડીને નવા માર્ગે દોડતા કરવા ચાહે છે.

પ્રોફેસર તાહિર સાહબે કેવળ અખંડ ભારતનો ઉલ્લેખ કર્યો છે, **હકીકત એ છે કે વહાબી ફિર્કો અરબથી અજમ સુધી ફેલાયો અને તેણે અહલે સુન્નત પર જુલ્મો તોડયા,** અરબમાં એ ફિર્કો પેદા થયો અને ત્યાં હજારો ઉલમા તથા સુલહા (સાલેહ લોકો)ને કત્લ કર્યા, **બાદમાં મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ "તકવિયતુલ ઈમાન" લખીને અહીં (હિંદમાં) એ ફિત્નાને ઉત્તેજન આપ્યું અને ઘરે ઘર વિખવાદ તથા વિવાદની આગને ભડકાવી દીધી.**

આ બાતિલ ફિર્કાનો પર્દો ફાશ કરનાર આલિમ અલ્લામા શામી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ દુર્રે મુખ્તાર, ભાગ–૩, બાબુલ બગાતના શરૂમાં લખે છે :–

"જેવો કે આપણા જમાનામાં અબ્દુલ વહ્હાબના માનવાવાળાઓનો બનાવ ઉપસ્થિત થયો કે એ લોકો નજદથી નીકળ્યા અને મદીના શરીફ પર તેમણે કબ્જો જમાવ્યો. પોતાને હંબલી મઝહબ પ્રતિ સંબંધિત કરતા પરંતુ એમનો અકીદો એ હતો કે કેવળ અમો જ મુસલમાન છીએ, અને જેઓ અમારા અકીદાની વિરુદ્ધ છે તે મુશ્રિક છે, એટલા માટે તેમણે અહલે સુન્નત વ જમાઅતના કત્લને જાઈઝ ઠરાવ્યું અને એમના ઉલમાને કત્લ કર્યા, ત્યાં સુધી કે અલ્લાહે વહાબીઓની શૌકત તોડી નાખી અને તેમનાં શહેરોને વિરાન કરી નાખ્યાં અને ઈસ્લામી લશ્કરોને એમના

પર ફતહ આપી.''

આ બનાવ હિ.સ. ૧૨૩૨માં બન્યો. આ તો અરબસ્તાનના ફિત્નાની ઐતિહાસિક સચોટ ગવાહી હતી જેના પ્રતિ વિચારણા કરવામાં પ્રો. તાહિરના (સર્વ ફિર્કાનો શંભૂમેળો કરવાના) મિશન તથા મનસૂબાની તબાહી જોવામાં આવે છે. હવે આવો અખંડ ભારતની તરફ જેની ચિંતા પ્રો. તાહિરુલ કાદરી સાહબને છે જેથી તેઓ સુલેહ કુલ્લિયતનો પાયો મજબૂત કરે અને અહલે સુન્નતને તબાહ કરવામાં કામયાબ થઈ જાય. **પણ દીન તથા સુન્નિયતના ખુદાથી ડરનારા હક્ક઼ ગો આલિમો આ સુલેહ કુલ્લિયતના કિલ્લાને વેરવિખેર કરવાને પોતાનો ફરીઝો સમજે છે, દૂધનું દૂધ અને પાણીનું પાણી કરવાનું અલ્લાહના ફઝ્લથી જાણે છે.** મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ ''તક઼્વિયતુલ ઈમાન'' લખી જેનાથી ઘરે ઘર ફિત્ના તથા નાઈત્તેફાકી ફેલાઈ જેનો સ્વીકાર પ્રો. તાહિરને પણ હતો. જરા ઈન્સાફ તથા બુદ્ધિ તેમજ શાણપણની નજરથી જુઓ કે મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીએ પોતાની કિતાબની ઓળખ કઈ રીતે કરાવી છે :–

''અમુક ઉલમા સમક્ષ 'તક઼્વિયતુલ ઈમાન' રજૂ કરી અને ફર્માવ્યું કે, **મેં આ કિતાબ લખી છે, અને હું જાણું છું કે એમાં અમુક જગાએ જરા તેજ શબ્દો પણ આવી ગયા છે અને અમુક જગાએ સખ્તી પણ થઈ ગઈ છે. દા.ત. તે બાબતોને જે શિર્કે ખફી (નાનુ શિર્ક) હતું તેને શિર્કે જલી (મોટુ શિર્ક જેને કરનાર ઈસ્લામથી બહાર થઈ જાય છે) લખી દેવામાં આવ્યું છે. એના કારણે મને ડર છે કે તેના પ્રસિદ્ધ થવાથી હંગામો જરૂર થશે ! પણ આશા છે કે લડી ઝઘડીને આપોઆપ ઠીક થઈ જશે.''** *(દેવબંદી કિતાબ : હિકાયાતે ઔલિયા, પેજ : ૧૮)*

અલ્લાહુ અકબર ! મિલ્લતની બદ્‌ખ્વાહી, અશાંતિ, દુશ્મની માટે કમર કસી છતાંય ન ખુદાનો ખૌફ રહ્યો ન આખેરતના ખૌફ પ્રતિ દિમાગ દોડયું ! છેવટે આ કિતાબ છપાઈને લાખોની સંખ્યામાં વહેંચાઈ, સેંકડો ઉલમાએ એના બાતિલપણાનો રદિયો આપ્યો, પણ દેવબંદી ફિર્કાએ તેના સમર્થનમાં કમર કસી લીધી, જયારે કે એમાં ફાસિદ તથા ગુસ્તાખીપૂર્ણ લખાણો ભરેલાં પડયાં છે. જેમ કે એમાં છે :–

- ''અલ્લાહની સમક્ષ લાચાર હોવામાં, બેઈખ્તિયાર હોવામાં આપણે તથા **મૂર્તિઓ** તથા **અવલિયા** તથા **પયગંબર સૌ સરખા** છે.'' *(નસીહતુલ મુસ્લિમીન, પેજ : ૧૩)*
- ''જેમ કે દરેક કૌમનો ચૌધરી અને ગામનો જમીનદાર, તો એ અર્થોમાં દરેક પયગંબર પોતાની ઉમ્મતનો સરદાર છે.'' *(પેજ : ૭૨)*
- ''સર્વ અંબિયા તથા અવલિયા, અલ્લાહ સમક્ષ નાચીઝ રજકણથી પણ કમતર (તુચ્છ) છે.'' *(પેજ : ૬૩)*
- ''દરેક મખ્લૂક઼ અલ્લાહની શાનની સમક્ષ ચમાર (મોચી)થી પણ વધુ નીચ છે.'' *(પેજ : ૧૬)*
- ''રસૂલના ચાહવાથી કાંઈ થતુ નથી.''
- ''જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક તથા મુખ્તાર નથી.''
- ''હુઝૂર ﷺના માટે પોતાના તરફથી ઘડીને આ કથન લખ્યું છે કે, ''હું પણ એક દિવસ મરીને માટીમાં ભળી જવાનો છું.'' *(પેજ : ૬)* વગેરે....વગેરે.

તે ઉપરાંત અન્ય કિતાબોમાં છે :–

- ''હુઝૂર ﷺના ઈલ્મ કરતાં શૈતાનનો ઈલ્મ વધુ છે.'' *(તઝહીરુન્નાસ)*
- ''હુઝૂર ﷺનો ઈલ્મ બાળકો, પાગલો અને ચોપગાં જાનવરો જેટલો છે.'' *(હિફઝુલ ઈમાન)*

શું આ વાતો ફુરૂઈ (ઉપર ઉપરના) મતભેદમાં ગણાશે ? બેઅદબી તથા ગુસ્તાખીની કોઈ હદ નથી જેને વાંચીને અને સાંભળીને કલેજુ મોઢે આવી જાય છે. જયારે કે આ મહાન મર્તબાવાળા નબીએ

મોઅઝ્ઝમ ﷺની શાને અક઼દસ એટલી મહાન છે કે કુર્આન જેના મર્તબા બયાન કરે છે, જેમના માટે જહાન પેદા કરવામાં આવ્યું છે અને જેમની બારગાહના આદાબ ખૂદ રબ તઆલાએ બતાવ્યા છે.

*અદબ ગાહેશ્ત ઝેરે આસ્માં અઝ અર્શ નાઝુક્તર*
*નફ્સ ગુમકર્દા મી આયદ જૂનૈદો બાયઝીદ ઈંજા*

### ★ તાહિરુલ ક઼ાદરીની ટેઢી વાત ! ★

પણ અફસોસ ! પ્રો. તાહિર સાહબ કહે છે કે, કાંઈ નહીં ! સર્વ એક થઈ જાવ ! સર્વ મદ્રસા તથા મક્તબો એક કરી લો જ્યાં ક઼દયાની, વહાબી, શીઆ, દેવબંદી તથા ગૈર મુક઼લ્લિદ સર્વ હોય, સુન્ની પણ હોય, સૌ એક જગાએ બેસો, ગુસ્તાખે રસૂલ સાથે આશિક઼ે રસૂલ (ﷺ) પણ રહે ! **આ ઈબ્લીસી સોચ છે જેનું પોતાની કિતાબમાં તેમના થકી વારંવાર પ્રદર્શન કરવામાં આવ્યું છે.** ઉલમાએ અહલે સુન્નત પર ક઼લમનો આ નશ્તર જુઓ લખે છે કે :–

*"ફરાગત પ્રાપ્ત કરનારા આલિમો મૌલ્વીઓ તો બની ગયા જેમનું કામ નિકાહખ્વાની તથા મુડદાંઓની કફન દફન ક્રિયા સિવાય કાંઈ ન હતું." (ફિર્ક઼ાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ? પેજ : ૬૩)*

*આંખવાલા તેરે જાબેનકા તમાશા દેખે*
*દીદએ કોર કો કયા આએ નઝર ક્યા દેખે !*

અને અમે સાબિત કરી આપ્યું છે કે વહાબિયતની ફાસિદ તથા બાતિલ માન્યતાઓએ તેમની કિતાબો વડે ઉમ્મતમાં વિખવાદ ફેલાવ્યો છે અને દેવબંદીઓએ એ જ ફસાદને ફેલાવવા માટે "તક઼વિયતુલ ઈમાન" જેવી કિતાબને સમર્થન કર્યું. વહાબી દેવબંદીઓના પેશવા મૌલ્વી રશીદ અહમદ ગંગોહીએ આ કિતાબના બારામાં લખ્યું છે :–

"ખૂબ જ ઉમદા કિતાબ છે અને શિર્ક તથા બિદઅતના વિષયમાં લાજવાબ છે, એની દલીલો તદ્દન કિતાબુલ્લાહ અને હદીષો થકી છે. એને રાખવું તથા પઢવું અને અમલ કરવો અયને ઈસ્લામ છે." *(ફતાવા રશીદિયહ, પેજ : ૧૧૫)*

યાદ રાખો ! સર્વ ફિત્નાઓમાં જબરદસ્ત ફિત્નો અને સર્વ મુસીબતોમાં ખતરનાક મુસીબત તે છે જેની ખબર મુખ્બિરે સાદિક઼ ﷺએ પહેલેથી આપી દીધી હતી અને આ ફિત્નાથી મુસ્લિમોને ચેતવી દીધા હતા. મિશ્કાત શરીફ, ભાગ–૨, બાબુ ઝિક્રિલ્‌યમનુ વશ્શામમાં બુખારીના હવાલાથી રિવાયત છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ ફર્માવે છે :–

એક દિવસ દરયાએ રહમતે મુસ્તફા ﷺ જોશ મારી રહ્યો હતો. બારગાહે ઈલાહીમાં હાથ ઉઠાવીને હુઝૂરે દુઆ ફર્માવી : "હે અલ્લાહ ! અમારા યમનમાં બરકત આપ !" હાજરજનોમાંથી અમુકે અર્ઝ કરી કે, યા રસૂલલ્લાહ ! ﷺ અમારા નજદમાં બરકતના માટે દુઆ ફર્માવો. તો ફરી હુઝૂરે દુઆ ફર્માવી પણ નજદનો ઉલ્લેખ ન કર્યો. સારાંશ કે ત્રણવાર યમન તથા શામના માટે દુઆ ફર્માવી. વારંવાર ધ્યાનિત કરવા છતાં નજદના માટે દુઆ ન ફર્માવી, બલ્કે ઈર્શાદ ફર્માવ્યો, "હું આ અઝલી મેહરૂમ વિસ્તારને કેવી રીતે દુઆ આપુ ! ત્યાં તો ધરતીકંપો તથા ફિત્ના થશે અને ત્યાં શૈતાની ગિરોહ પેદા થશે." *(ભાવાર્થ)*

આ પરથી જાણવા મળ્યું કે સરકાર મુસ્તફા ﷺની નજરો સમક્ષ નજદનો ફિત્નો હતો જેની આ પ્રમાણે ખબર આપી. **જ્યારે પ્રો. તાહિર સાહબ જિદ્દી, આઝાદ ખયાલ, સુલેહ કુલ્લિયતના ઝંડાધારી આ દૌરના એવા મુફક્કિર બની બેઠા કે સૌને મિશ્ર કરીને એક બનાવવા ચાહે છે.** અલ્લાહ પાક એમની આઝાદખયાલીથી અહલે સુન્નતને બચાવે. (આમીન)

### ★ પ્રો. તાહિરનો ખયાલ હદીષથી વિરુદ્ધ ! ★

હવે સાંભળો ! પ્રો. તાહિરની વાણી :–

*"એ વાત પણ સારી પેઠે દિમાગમાં બેસાડી લેવી જોઈએ કે ખુદા તથા રસૂલે કોઈ પણ ફિર્ક઼ા તથા મસ્લકના નામ પર જન્નતનો પરવાનો બહાર નથી પાડયો. જો કોઈ એ ભરમમાં સંડોવાયેલો હોય કે તે ફલાણા મસ્લકથી સંબંધિત હોવાના કારણે જન્નતનો હક્ક઼દાર છે તો એ તેનો ફોગટનો ખયાલ તથા*

*સ્વજાતને ધોકો આપવું છે." (ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?, પેજ : ૨૪)*

જનાબ તાહિરનો આ અંગત ખયાલ છે તથા પોતાનો ખયાલ છે, પણ અમે હદીષે મક઼બૂલ ﷺથી રજૂ કરીએ છીએ કે તેમનો આ ખયાલ હદીષ શરીફની વિરુદ્ધ છે, અને જે પણ હદીષની વિરુદ્ધ કથન છે અમે તેને રદ કરીએ છીએ, ભલે સુલેહકુલ્લિયત તડપી તડપીને મરી જાય !

"યક઼ીનન ! બની ઈસ્રાઈલ ૭૨ ફિર્કાઓમાં વહેંચાઈ ગયા અને મારી ઉમ્મત ૭૩ ફિર્કાઓમાં વહેંચાઈ જશે, સિવાય એક મિલ્લતના સર્વ દોઝખી થશે. લોકોએ પૂછયું, યા રસૂલલ્લાહ ! ﷺ તે કયો ફિર્કો થશે ? ફર્માવ્યું, જેના પર હું છું અને મારા સહાબા છીએ." *(તિર્મિઝી, અહમદ, અબૂ દાઊદ અન મુઆવિયહ્)*

મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ આ હદીષની શરહમાં ફર્માવે છે કે એમાં દર્શાવવામાં આવ્યું છે કે જન્નતી થવા માટે બે ચીજોની જરૂરત છે : સુન્નતની પયરવી તથા મુસ્લિમોની જમાઅતની સાથે રહેવું, એટલા માટે મઝહબનું નામ "અહલે સુન્નત વ જમાઅત" છે. જમાઅતથી મુરાદ મુસલમાનોનો મોટો ગિરોહ છે જેમાં ફક઼ીહો, આલિમો, સૂફીઓ તથા અવલિયા છે. અલ્હમ્દુલિલ્લાહ ! આ શરફ (મહાનતા) પણ "અહલે સુન્ન્ત વ જમાઅત"ને જ હાંસલ છે. અહલે સુન્નત સિવાય કોઈ ફિર્કામાં નથી. યાદ રાખશો કે ૭૩ની સંખ્યા ઉસૂલી ફિર્કાની છે આ ઉસૂલી ફિર્કો એક જન્નતી બાકીના ૭૨ જહન્નમી. જેમ કે અહલે સુન્નતમાં હનફી, શાફઈ, માલિકી, હંબલી, ક઼ાદરી, નક્શબંદી, સુહરવર્દી, ચિશ્તી એવી જ રીતે અશાએરા, માતુરિદિયા એ સર્વ દાખલ છે, કેમ કે અક઼ીદા સૌના એક છે અને તેમની ગણના એક જ ફિર્કાથી છે. એવી જ રીતે ઘણા જ નારી (જહન્નમી) ફિર્કાઓનો હાલ છે કે એમાં એક ફિર્કાના ઘણા ટોળાં છે. દા.ત. રાફઝી એક ફિર્કો છે જેનાં ઘણા ટોળાં છે : બારા ઈમામયે, છ ઈમામયે, એ જ પ્રમાણે અન્ય ફિર્કાઓની હાલત છે. એનું વિગતે વર્ણન મિર્ક઼ાત વગેરેમાં છે. *(પેજ : ૧૭૦, ભાગ : ૧)*

પ્રો. તાહિર પોતાની કિતાબ "ફિર્કા પરસ્તી કા ખાત્મા ક્યૂં કર મુમ્કિન હૈ ?"માં આગળ લખે છે :–

*"કોઈ હુઝૂર ﷺના વજૂદને મતભેદનું સ્થાન બનાવે છે, કોઈ આપની હક઼ીક઼ત તથા હૈસિયતને, તો કોઈ આપના ઈલ્મ તથા ઈર્ફાનને મતભેદનો સબબ બનાવે છે, કોઈ આપના તસર્રુફ તથા શક્તિને, કોઈ આપની શફાઅત તથા મદદને, કોઈ આપની સુન્નત તથા સીરતને કોઈ આપના નામને મતભેદનો આધાર બનાવે છે અને કોઈ આપ ﷺના મક઼ામને." (ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?, પેજ : ૨૬)*

**જોયું તમે ?** ફરિયાદ જ ફરિયાદ છે ! પણ **એવું કહેવાની હિંમત નથી કે એમાં હક્ક શું છે, અને બાતિલે શું ગુમરાહી કરી છે અને હિદાયત શું છે ?** કેમ કે બાતિલના બાતિલપણાને માર્ગથી ફેરવવું એમનો ખાસ હેતુ છે, પરિણામ એ છે કે **શફાઅતનો મુન્કિર (નકારનાર) પણ ઠીક છે અને શફાઅત તથા તસર્રુફને માનનારો પણ સહીહ છે ! રસૂલની અઝમત (મહાનતા)ને માનનારો પણ સાચો છે અને અઝમતે મુસ્તફા ﷺને નકારનારો પણ બરાબર છે ! પ્રોફેસરી સોચ એ છે કે સૌ ભેગા થઈ જાવ ! સૌ એક થઈ જાવ ! બસ આ યુગની સૌથી મોટી જરૂરત "સુલેહ કુલ્લિયત"ને ક઼બૂલ કરવું છે, પ્રોફેસરના ખયાલોને સમર્થન કરવું છે જે સૌ મહાન ઉલમા તથા સૂફિયાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینથી અલગ થલગ દોઢ ઇંટની મસ્જિદ (અલગ ચોકો) છે જેના સૌ મુક્તદી બની જાય અને ઈમામ (મુક્તદા) ખૂદ બની બેઠેલ આં જનાબ ! બસ, મુરાદ પૂરી થઈ ગઈ, જેનો પાયો ઈદારો મિન્હાજુલ કુર્આન છે જે આ જનાબ પ્રો. તાહિરનો સ્થાપેલો છે**

**જેમાં સર્વ ફિર્કા મુસલમાન, યહૂદી, નસરાની, ક઼ાદયાની, શીઆ, વહાબી તથા દેવબંદી વગેરે છે. એમનું એ જ મિશન છે કે આ પદ્ધતિના ઈદારા ચો તરફ ખુલી જાય પછી સરળતાપૂર્વક સુલેહ કુલ્લિયત ફેલાઈ શકે,** તેના ઝહેરીલા ઝાડમાં શક્તિ આવે અને તેનાં દુર્ગંધ મારતાં પાંદડાં પેદા થાય અને અતિશય જીવલેણ ફળો એનાથી બહાર પડે.

### ★ પ્રો. તાહિરની સદંતર જૂઠી રજૂઆત ! ★

સુલેહ કુલ્લિયતનો પાયો નાખવા માટે જનાબે ભાત ભાતની બોલીઓ બોલી છે, પ્રથમ કાંઈ કહ્યું, પછી કાંઈ કહ્યું, એમાં આપસમાં વિરોધાભાસ પણ કેમ ન હોય! કેમ કે થોડા અભ્યાસવાળો આં જનાબની આઝાદ સોચનો કોઈ પણ રીતે શિકાર થઈ જ જશે. જુઓ શું બકવાસ કરી રહેલ છે ! :–

*"બિહમ્દિલ્લાહ! મુસલમાનોના સર્વ મસ્લકો તથા મકાતિબે ફિક્ર (વિચારશ્રેણીના કેન્દ્રો)માં અક઼ીદાઓના બારામાં કોઈ પાયાનો મતભેદ મૌજૂદ નથી, અલ્બત્ત ફુરૂઈ (સામાન્ય) મતભેદો કે જુઝઈય્યાત તથા તફસીલાત (પાયાના અક઼ીદા સિવાયની બાબતો)ની હદ સુધી છે." (ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?, પેજ : ૩૭)*

પછી થોડી લીટીઓ બાદ લખે છે :–

*"અત્યારે સ્થિતિ એ છે કે આપણા અક઼ીદા મુર્દા તથા બેજાન થઈ ચૂક્યા છે તેને આપણી અમલી જિંદગીમાં વહેમોથી વધીને કોઈ સ્થાન નથી આપ્યું. તૌહીદનો અક઼ીદો હોય કે રિસાલતનો અક઼ીદો, આખેરતનો ખયાલ હોય કે જઝા તથા સજાનો એમાં તિરાડો પડી ચૂકી છે." (હવાલો : ઉપર મુજબ, પેજ : ૩૭)*

આવા જ મૌક઼ા પર બુઝુર્ગોએ કહ્યું છે કે : *દરોગ ગો રા હાફિઝા ન બાશદ* એટલે "જૂઠુ બોલનારને યાદ શક્તિ નથી હોતી !" અને આ દષ્ટાંત ડો. તાહિર પર ફિટ બેસે છે. એક તરફ તો એ દાવો કે પાયાના અક઼ીદા સૌના સરખા છે અને બીજી તરફ તરત જ એ એલાન કે, "અક઼ીદા મુર્દા તથા બેજાન થઈ ચૂક્યા છે !" તો એમાંથી કઈ વાત સાચી ?! સારી રીતે વિચારણા કરવામાં આવે તો **બંનેવ વાતો સાચી નથી,** કેમ કે **અત્યારે મિલ્લતમાં પાયાના મતભેદો છે કેમ કે એક ગિરોહ શાને રિસાલત ﷺમાં બેઅદબ તથા ગુસ્તાખ છે અને બીજી જમાઅત શાને રિસાલતના આદાબ તથા એહતેરામને જાન તથા ઈમાન અને રૂહે ઈમાન, અસ્લે ઈમાન માને છે :–**

*અલ્લાહ કી સર તા બક઼દમ શાન હંય પર*
*ઈન્સા નહીં ઈન્સાન વહ ઈન્સાન હંય યહ*
*કુર્આન તો ઈમાન બતાતા હય ઈન્હેં*
*ઔર ઈમાન યહ કહતા હય મેરી જાન હંય યહ*

મુસ્તફા ﷺની અઝમતો રિફઅત (ઉચ્ચતા) બયાન કરનારા ખતીબો આં જનાબ (પ્રો. તાહિર)ની ટીકાનો નિશાનો બને છે જયારે કે એમના થકી મહોબ્બત તથા ઉલ્ફતનો ચિરાગ ઔર રોશન થાય છે. જાહેર છે કે આવા બયાનોથી તેમને પોતાની સુલેહ કુલ્લિયતની ચળવળમાં કમજોરી મેહસૂસ થતી જોવા મળે છે. સાંભળો ! કહે છે :–

*"આ સામાન્ય અનુભવ છે કે મદ્રસાઓના ફાઝિલ આલિમો નૂર તથા બશર, હાઝિર તથા નાઝિર જેવા વિષયો પર તો કલાકો સુધી તક઼રીર કરી શકે છે પરંતુ મુસ્લિમ ઉમ્મતને ઉભા થનારા અર્વાચીન મસાઈલ જેમ કે ઈસ્લામી આર્થિક વ્યવસ્થા, ઈસ્લામી અર્થતંત્રનું બંધારણ સંબંધે ખૂબ જ ઓછું જ્ઞાન ધરાવે છે."*

**જોયું ?!** જે તેમના ખયાલો તથા વિચારો સાથે સહમત નથી થતો તેની સાથે તે આવા જ અંદાઝથી વાત કરે છે, તે ન તેમની નજીક સારો ખતીબ છે અને ન સારો આલિમ ! બસ ગણત્રીની અમુક વાતો સુધી જ તેની જાણકારી છે. અને જો અન્ય વિષયો પર આલિમોએ લખ્યું પણ છે તો તે પણ આ જનાબ પ્રો. તાહિરની નજરમાં કોઈ મહત્વ નથી ધરાવતુ, કેમ ?! સર્વ કાબેલિયતો તો એમની જ અંદર છે ! વરસોનો ઈલ્મી ખજાનો બુઝુર્ગોએ મુસ્લિમ કૌમને આપ્યો તેની

તો કોઈ હૈસિયત જ નથી ! કદાચ શયખ સાઅદીએ એટલા માટે જ કહ્યું હતું : (અર્થ)''દુનિયાને રોશન કરનાર સૂરજ આંધળા છછુંદરને બુરો લાગે છે.''

હક્ક મસ્લકની વિશિષ્ટ અનોખી હૈસિયત તો પ્રો. તાહિરને તદ્દન માન્ય નથી જેથી પેંતરા બદલી બદલીને હુમ્લો કરે છે **એની (હક્ક મસ્લકની) વિશિષ્ટ નિશાનીઓને મિટાવવાને જ પોતાનો જીવન ધ્યેય દર્શાવતાં પૂરી કિતાબ (ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?)માં સૌથી વધુ ટીકા ટીપ્પણી એના પર કરવામાં આવી છે જેઓ હક્ક મસ્લક તથા હક્ક મઝહબ પર જામેલા છે. તે સૌથી મોટો ખતરો એને જ સમજે છે.** જુઓ ! કહી રહ્યા છે :–

*''ઉઘાડી ફિર્કાપરસ્તીના શિકાર એવા લોકો થયા જેમની તા'લીમો તર્બિયત ખાસ મસ્લકી માહોલમાં થઈ અને દીની મદ્રસાઓમાં તા'લીમ હાંસલ કરીને પછી તેઓ અમલી જિંદગીના મેદાનમાં પ્રવેશ્યા તો તેમણે મસ્લકની હિફાઝત અને પોતાના અકીદા તથા માન્યતાઓની તબ્લીગને જ પોતાનો જીવન ધ્યેય બનાવી લીધો. આ રીતે ફિર્કાપરસ્તીની જડો ઊંડી થતી ગઈ.'' (ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?, પેજ : ૩૭)*

આજ સુધીના ઉલમા તથા ફકીહો જેઓ મસ્લક તથા મઝહબની તબ્લીગ તથા પ્રચારમાં લાગેલા છે તે આં જનાબ (પ્રો. તાહિર)ની નજરમાં મુજરિમ છે ! અને ''ફિર્કાપરસ્ત''ના લેબલ વડે યાદ કરવા પાત્ર છે, ભલે પછી હુબ્બે રસૂલ (મહબ્બતે રસૂલ ﷺ)માં તેમની પળે પળ ઉજ્જવળ થઈ ગઈ હોય, પણ મસ્લક તથા મઝહબના પાબંદ થઈને રહેવું સુલેહ કુલ્લિયત માટે ગંભીર ખતરો છે એટલા માટે તેમની ઈજ્જત તથા હુર્મત સાથે ખેલવાને પ્રો. તાહિર પોતાનો અખ્લાકી ફર્ઝ સમજે છે.

*ખિઝર કે ભેસમેં યાં સેંકળોં રહઝન ભી રહતે હૈં*
*અગર દુન્યામેં રહના હય તો કુછ પેહચાન પેદા કર*

મસ્લકોને ખત્મ કરવા માટે પ્રો. તાહિરે પ્રથમ તો તેમની ખરાબીઓ વર્ણવી, તેમની વિરુદ્ધ નફરત તથા અદાવત ફેલાવી, પછી જાતે જ સુલહે કુલ્લિયતનો ઈદારો ખોલીને અમલી નમૂનો પૂરો પાડયો, પછી વારંવાર એવા બયાનો આપ્યાં કે કેટલાય ઈદારા અન્ય ખોલાવ્યા અને સુલેહ કુલ્લિયતને ફેલાવવામાં લાગી ગયા. જુઓ ! શું કહે છે :–

*''વિવિધ વિચારશ્રેણી (સર્વ ફિર્કાવાળા)ના આલિમોની બનેલી એક કાઉન્સિલ બનાવવામાં આવે જેમાં સામૂહિક રીતે અખ્લાકનું બંધારણ ઘડવામાં આવે જેથી દરેક મસ્લકના વઅઝ કરનારા, મુકર્રિરો, આલિમો, લેખકો આ અખ્લાકી બંધારણ હેઠળ રહીને દીનની દા'વત તથા મસ્લકના પ્રચારનું કામ કરે. આ અખ્લાકી બંધારણ થકી એ બાબતની જિમ્મેદારી (જમાનત) પૂરી પાડે કે કોઈ શખ્સ કોઈપણ મસ્લકની વિરુદ્ધ ડાયરેક્ટ કે ઈન્ડાયરેક્ગ કીચડ ન ઉછાળે. આ કાઉન્સિલ એવા પ્રભાવશાળી આગેવાનોની બનેલી હોય કે એમના વિશે તેમના મસ્લકોના આલિમો, મુબલ્લિગો તેમની હિદાયત પર સખ્તીપૂર્વક અમલ કરવાના પાબંદ હોય. એમના આલિમો થકી એ બાબતનું યકીન કરાવવામાં આવે કે આ અખ્લાકી બંધારણના વિરુદ્ધ કરનાર કોઈપણ ખતીબ તથા મુકર્રિર ન કેવળ પોતાના આગેવાન સમક્ષ જવાબ આપવા બંધાયેલ રહેશે, બલ્કે તેની વિરુદ્ધ મસ્લકી તથા તન્ઝીમી કક્ષાએ કાયદેસર કાર્યવાહી પણ કરવામાં આવશે. દા.ત. તેમને મસ્લકના સંબંધે કોઈપણ હોદ્દા પર રહેવા, દેવામાં નહીં આવે. તેના સભ્યપદને રદ કરી દેવામાં આવશે. મઝહબી ઈજતેમાઓમાં તેને સામેલ થવાથી બાકાત રાખવામાં આવશે. તેને તેની મસ્જિદમાં બયાનથી, ઈદારાના સંચાલન તથા મેનેજમેન્ટથી દૂર કરીને તેના પર અખ્લાકી દબાણ લાદવામાં આવશે.'' (ફિર્કાપરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?, પેજ : ૭૮)*

(એ પણ કહી દોને કે....) અને તેમ છતાં પણ તે મસ્લક સંબંધી (બાતિલ ફિર્કાઓની રદ તથા સુન્નિયતની હિમાયત)ની તકરીરોથી દૂર ન થયો તો મુજરિમ ફિલ્અર્દ ફસાદ ફિન્નાસ (જમીન પર ફસાદ

ફેલાવનારા)ની કલમ લગાડીને તેને પૃથ્વીના પટ પરથી નષ્ટ કરી દેવામાં આવે ! અને બતાવી દેવામાં આવે કે, "સુલેહ કુલ્લિયત"ને કબૂલ ન કરનારાનો આખરી અંજામ આ થશે ! વાહ રે પ્રોફેસર ! કમર તો એટલા માટે કસી હતી કે કૌમ સુધારક થવાની સદ્‌નસીબી હાંસલ કરે, પણ એમાં આટલા પ્રમાણમાં સખ્તી તથા જુલ્મ તથા ફસાદનો કોઢ નીકળ્યો કે છેવટમાં જો કત્લ કરાવવાની જરૂરત મેહસૂસ થાય તો તે પણ કરવાથી ખચકાટ ન અનુભવવામાં આવે ! અને દષ્ટાંતમાં હુઝૂર ﷺના મસ્જિદે દ્દર્રારને તોડી પાડવા વિશેનો બનાવ રજૂ કર્યો ! જયારે કે તે કતઈ–નિશ્ચિત, યકીની ફસાદ હતો અને એના સિવાય એને રોકવાનો માર્ગ ન હતો. પ્રો. તાહિરનું એ કહેવું કે જયારે આ મસ્જિદને તોડી પાડવામાં મસ્જિદની પવિત્રતાને આંચ ન આવી તો જનાબની માન્યતા પ્રમાણે, એટલે કે જે સુલેહ કુલ્લિયત પર પૂરો ન ઉતરે તે મુજરિમ ફસાદ ફિલ અર્દ (જમીન પર ફસાદ કરનાર)ની મંઝિલે આવી ગયો ! જયારે કે તે કેવળ આ પ્રોફેસર તાહિર અથવા તેના સમર્થકોનું ગુમાન તથા ખયાલ જ ગણાશે જે કલ્પિત સબૂત છે અને એ યકીનન શરીઅતમાં સ્વીકારપાત્ર થશે નહીં. પણ જનાબનું એ કહેવું કે, *"એનાથી ઉલમાની પવિત્રતા પર કોઈ આંચ નહીં આવે." (પેજ : ૯૨)*

ઈબ્ને અબ્દુલ વહ્‌હાબ નજદી તથા ઈસ્માઈલ દહેલ્વીના મિશન પર ચાલીને પોતાની સુલેહ કુલ્લિયતને ફેલાવવા માટે મઝહબો તથા મસ્લકો પર અડગ કરાવવાવાળા ઉલમાની કત્લ કરવી પડે તો એવું પણ તમો જરૂર કરશો ! (જેમ કે વહાબી ઈતિહાસમાં છે કે સેંકડો ઉલમા તેમણે કત્લ કર્યા.)

### ★ સુલેહ કુલ્લિયતને કુર્આન હદીષનો રદિયો ★

હવે આવો સુલેહ કુલ્લિયતની રદમાં કુર્આન તથા હદીષથી દલીલો જુઓ. કુર્આને પાકમાં ફર્માવવામાં આવ્યું : "જયારે તને શૈતાન ભૂલાવી આપે તો યાદ અપાવ્યા બાદ જાલિમ કૌમની સાથે ન બેસ." આ સુલેહ કુલ્લિયતને કુર્આનનો રદિયો છે.

મશ્હૂર મુફસ્સિર મુલ્લા અહમદ જીવન رحمۃ اللہ علیہ તફસીરાતે અહમદિયામાં લખે છે : "જાલિમનો મતલબ ગુમરાહ, ફાસિક, કાફિર સાથે બેસવું કુર્આનના ફર્માનથી મના છે." આ સુલેહ કુલ્લિયતની તફસીરી રદ છે.

ઓકૈલી બિન અબૂ હન્નાન હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહે મને પસંદ કર્યો અને મારા સહાબા તથા અસ્હારને ચૂંટી લીધા અને નજીકમાં જ એક કૌમ આવશે કે તેમને બુરા કહેશે અને એમની શાન ઘટાડશે. તમે એમની પાસે ન બેસશો, એમની સાથે ન પીશો ન ખાશો ન શાદી કરશો."

અને ફર્માવે છે નબી علیہ الصلوٰۃ والسلام કે, "કદરીઓ (કદરિયા ફિર્કાવાળા) પાસે ન બેસો ન તેમની સાથે સલામ કલામ શરૂ કરો." *(ફતાવા રઝવિય્યહ, ૩/૨૯૪)*

આ સુલેહ કુલ્લિયતનો રદ છે હદીષો થકી. સાંભળો ! સરકાર ﷺ ફર્માવે છે : "અહલે બિદઅત (નવા અકીદાવાળા) દોઝખીઓના કૂતરા છે." *(ઉપર મુજબ)*

પણ પ્રો. તાહિર ઘણા જ જોર શોરપૂર્વક એમની સાથે મળવા જુલવાની વકાલત કરી રહ્યા છે ! મુસલમાન તો કેવળ મદની સરકાર ﷺના ગુલામ છે, તેમના ફર્માન પર અમલને નજાતનો આધાર સમજે છે, ભલે કોઈ બળી મરે તો બળતો રહે ! તેની પરવા નથી. મો'મિનના માટે ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيۡهِ وَسَلَّمَની રઝા પૂરતી છે, કોઈ અયરા ગૈરા નથ્થુ ખૈરાની ખુશીની શું પરવા કરવી ?!

### ★ સુલેહ કુલ્લિયતથી બચવા ઉલમાનાં કથનો ★

ફાઝિલ અલ્લામા સૈયદી અહમદ મિસ્રી તહતાવી عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَانُ દુર્રે મુખ્તારના હાશિયામાં નકલ કરે છે : "જે શખ્સ જમહૂર (બહુમતિ) ઈલ્મવાળા તથા ફકીહો તથા સવાદે આ'ઝમ (અહલે સુન્નત)થી

અલગ થઈ જાય, એવી ચીજની સાથે એકલો હોય જે તેને દોઝખમાં લઈ જાય તો હે મુસ્લિમોના ગિરોહ ! તમારા પર નાજી (નજાત પામનાર) ફિર્કા અહલે સુન્નતનું અનુસરણ અનિવાર્ય છે કે ખુદાની મદદ તથા હિફાઝત તથા કામોનું બનવું અહલે સુન્નત સાથે રહેવામાં છે અને એને ખુદાનુ છોડી આપવું, ખુદાના ગઝબનો શિકાર થવું તથા (ખુદાના) દુશ્મન બનવું સુન્નીઓની વિરુદ્ધતામાં છે. અને આ નજાત પામનારો ગિરોહ આ ચાર મઝહબોના સમૂહમાં છે : હનફી, માલિકી, શાફઈ તથા હંબલી (અલ્લાહ એમના પર રહમત વર્ષાવે) આ જમાનામાં આ ચારથી બહાર થનારો બિદઅતની જહન્નમી છે."

તેમજ હઝરત મુજદ્દિદ અલ્ફેષાની رحمۃ اللہ علیہ ફર્માવે છે : "બદ્અક્રીદાની સોહબત હજાર કાફિરોની સોહબતથી બુરી છે." *(મક્તૂબાતે ઈમામે રબ્બાની, કુલ્લિયાતે મકાતિબે રઝા, પેજ : ૧૩૧)*

હઝરત શાહ અહમદ નકશબંદી મુજદ્દિદી (વિસાલ : રબીઉલ અવ્વલ, હિ.સ. ૧ ૨૭૭)ના હવાલાથી હઝરત મુફતીએ આ'ઝમ શાહ મઝહરુલ્લાહ મુજદ્દિદી رحمۃ اللہ علیہ મુહાજિરે મદની લખે છે : "હઝરત શાહ અહમદ સઈદ સાહબ ફર્માવ્યા કરતા હતા કે **વહાબીઓની સોહબતની મા'મૂલી અસર એ થાય છે કે નબી અકરમ علیہ الصلوٰۃ والسلام ની મહોબ્બત જે દીનનો એક મહાન સ્તંભ (રુકન) છે તે પળે પળે ઓછી થતી જાય છે, ત્યાં સુધી કે કેવળ નામો નિશાન બાકી રહી જાય છે.** જ્યારે મામૂલી નુકસાનની આ હાલત છે તો મોટા નુકસાનનો આલમ શો થશે ?!" *(રસાઈલે ફઝ્લે રસૂલ, પેજ : ૧૫)*

તાજુશ્શરીઅહ્ અલ્લામા મુફતી અખ્તર રઝાખાં ક્રાદરી مدظلہ العالی થી સવાલ થયો કે ડો. તાહિરુલ ક્રાદરીના મુરીદો ચાહકોનો વાંધો છે કે સૈયદી તાજુશ્શરીઅહ્ તથા અન્ય ઉલમાને ડો. તાહિરુલ ક્રાદરીના બારામાં ગલત માહિતીઓ લોકોએ આપી જેના લીધે તેમણે તેહકીક્ વિના ફત્વો બહાર પાડયો. તો હઝરત એના બારામાં શું ફર્માવે છે અને તે કયા કારણો છે જેના લીધે તાહિરુલ ક્રાદરી સુન્ની નથી ? શું કેવળ દિયતના બારામાં જ ફત્વો આપવામાં આવે છે કે કાંઈ અન્ય બાબતો પણ છે ? વિગતવાર જવાબ અર્પણ કરશો.

ફર્માવ્યું : "તાહિરુલ ક્રાદરીએ દિયત (ખૂનના બદલે વળતર)ના મામલામાં હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ના મઝહબની વિરુદ્ધ લખ્યું અને તાહિરુલ ક્રાદરીના ઉસ્તાદ હઝરત અલ્લામા સઈદ અહમદ કાઝમીએ તાહિરુલ ક્રાદરીનો રદ લખ્યો. અને કેવળ દિયતનો જ મસ્અલો નહીં, **દિયતના મસ્અલામાં મતભેદ એ તો "ગૈર મુક્લ્લિદિયત" છે,** પણ એના ઉપરાંત તાહિરુલ ક્રાદરીએ "ફિર્કા પરસ્તી કા ખાત્મા ક્યૂંકર મુમ્કિન હૈ ?" એક કિતાબ લખી જે ખૂદ મૈં જોયી તેમાં તાહિરુલ ક્રાદરીએ સ્પષ્ટપણે સાફ શબ્દોમાં લખ્યું છે કે, "દેવબંદિયત, બરેલ્વિયત, શીઆઈયત એમાં કોઈ ફરક નથી, કેવળ તાબીરી (સમજફેર) મતભેદ છે અને સૌ એક છે." અને એમાં એ પણ લખ્યું કે હુઝૂર સરવરે આલમ ﷺ એ કોઈ એક ફિર્કાને નજાતનો પરવાનો નથી આપ્યો."

અને સાઉથ આફ્રિકામાં હું તથા અલ્લામા ઝિયાઉલ મુસ્તફા આઝમી અમે લોકો ત્યાં મૌજૂદ હતા. અમે લોકોએ તાહિરુલ ક્રાદરીને મુનાઝરાની દા'વત આપી પણ તે અમારા સવાલોના જવાબો આપ્યા વિના ત્યાંથી ભાગી છૂટયા."

અને હવે તો એવું પણ વિવિધ લોકો થકી સાંભળવામાં આવી રહ્યું છે કે તે ઈસાઈ, યહૂદીઓને બીલિવર્સ (Belivers) એટલે "ઈમાનવાળા" બતાવે છે અને તે એવું પણ કહે છે કે અમારી મસ્જિદો ઈસાઈ ભાઈઓના માટે ઉઘાડી છે. પોતાની પુસ્તિકા "દીદો શુનીદ"માં સાફ સાફ લખ્યું છે કે મારી નમાઝ દેવબંદીઓ, નજ્દીઓ તથા વહાબીઓ પાછળ થઈ જાય છે" અને એમનો અમલ પણ એ જ છે કે બિનોરી ટાઈમ ટાઉન જાય છે તો ત્યાં નમાઝ પઢાવે છે અને મિન્હાજુલ કુર્આનમાં બિનોરી ટાઈમ ટાઉનના લોકો આવે છે તો તાહિરુલ ક્રાદરી તેમની

પાછળ નમાઝો પઢે છે. **આ સર્વ વાતો તેહકીક પામેલી છે, માલૂમ છે અને તેમના બારામાં આ સર્વ વાતો મુતવાતિર છે. આ બાબતોને લીધે અમે તાહિરુલ કાદરીને સુન્ની સમજતા નથી, અને એ ગલત છે કે અમને કોઈએ ગલત માહિતી આપી છે."**

વધુમાં તાજુશ્શરીઅહ્ ફર્માવે છે : "તાહિરુલ કાદરી જે એવું કહી રહેલ છે કે તે (ઈસાઈ) બીલિવર્સ્ છે એટલે તે તેમને ઈમાનવાળા દર્શાવી રહેલ છે, જ્યારે **કુર્આન તો સરકાર** علیہ الصلوٰۃ والسلام **પર જે યહૂદી તથા ઈસાઈ ઈમાન નથી લાવ્યા તેમને કાફિર કહી રહ્યું છે અને આ તેમને બીલિવર્સ (ઈમાનવાળા) કહી રહેલ છે ! તો એ કુર્આનને જૂઠાડવું છે** અને તેમનું કથન પોકારી પોકારીને કહી રહેલ છે કે જે કુર્આનને જૂઠલાવે તે ઈમાનવાળો નથી થઈ શકતો. યહૂદી તથા ઈસાઈની જેમ બલ્કે એમનાથી અધિક કુફ્રના કીચડમાં ફસાયેલો છે, યહૂદીઓએ તો પહેલેથી જ કલ્મો નથી પઢયો." *(ઓન લાઈન)*

**પ્રિય વાંચકો !** આ ઈમાન અફરોઝ બાતિલસોઝ ઈર્શાદો સુલેહ કુલ્લિયત પર વીજળી ફેંકનારા છે, તેના મિશનને માટીમાં ભેળવી દેનાર છે, મસ્લક તથા મઝહબ વિરુદ્ધ એની ચળવળનાં તાણા વાણા વેરવિખેર કરનાર છે, અને હકીકત તો એ છે કે આપણા સેંકડો અગ્રેસર આલિમો, ફકીહો, સૂફીઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેઓ આપણી અકીદતનાં કેન્દ્રો છે, જેમ કે અલ્લામા શાહ ફઝ્લે રસૂલ બદાયૂની, અલ્લામા શાહ અબ્દુલ કાદિર બદાયૂની, સૈયદ શાહ અલીહુસૈન અશરફી, ઈમામ અહમદ રઝા બરેલ્વી, મુહદ્દિષે આ'ઝમે હિંદ, રઈસુલ મુહદ્દિષીન અલ્લામા વસી અહમદ મુહદ્દિષે સૂરતી, સદરુલ અફાઝિલ સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી, સદરુશ્શરીઅહ અમજદઅલી ખાં, અલ્લામા હામિદ રઝા, હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, મલિકુલ ઉલમા અલ્લામા મુફતી મઝહરુલ્લાહ મુજદ્દિદી, અલ્લામા દીદાર અલી અલ્વરી, અલલમા દીદાર તથા અલ્લામા શાહ રુકનુદીન અલ્વરી رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરે, જેઓ દીનનો સરમાયો છે, મઝહબના ચિરાગ છે, **પ્રોફેસર તાહિર સમક્ષ તેઓ તમામે તમામ સૌ ગલત બલ્કે હિદાયતથી દૂર હતા,** જેથી સાબિત થયું કે એ પોતે જ ગુમરાહ છે અને સુલેહ કુલ્લિયતને ફેલાવીને બેદીનીને આમ કરવાનુ બીડુ ઝડપનાર છે જેથી આપણે ખૂદ તેનાથી બેઝારી જાહેર કરીએ, એની કિતાબથી દૂર રહીએ, તેનાં બયાનોથી બચીએ અને તેની ગુમરાહીથી લોકોને પણ બચાવીએ, અને આ યુગનો એ સૌથી મહાન ફિત્નાગર છે. મૌલા તઆલા તેની બુરાઈઓ તથા ખરાબીઓથી આપણી હિફાઝત ફર્માવે. અહલે સુન્નત મસ્લકે આ'લા હઝરત પર મજબૂતીથી અડગતા અતા ફર્માવે. આમીન ષુમ્મ આમીન બિજાહિન્નબી કરીમ صلی اللہ علیہ وسلم.

*(સુન્ની દુન્યા મંથલી, નવે. ૨૦૧૧, બરૈલી શરીફ)*

**નબીપુરમાં મેહફિલે નઅત :** તા. ૯–૧૨–૨૦૧૧ જુમ્આના રોજ ઈશાબાદ નબીપુર (જીન રોડ) મુકામે યુનુસભાઈ ભોભાની નેક દુખ્તર ફરજાનાબાનુના નિકાહ દયાદરા નિવાસી દાઉદ મુહમ્મદ ઘંટીવાળાના નેક ફરઝંદ ઝાકિર સાથે રાખ્યા તે નિમિત્તે "મેહફિલે નઅત" રાખવામાં આવી જેમાં મશ્હૂર નઅતખ્વાં **અલ્હાજ કારી રિઝવાનખાન સાહબ** (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)એ હાજરી આપી નઅતો મન્કબતના ગુલદસ્તા પેશ કર્યા તેની સાથોસાથ હાજરજનોની દીની તર્બિયત કરતું બયાન પણ પોતાની અનોખી અદામાં કર્યું હતું. પ્રોગ્રામની શરૂઆતમાં હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર દહેગામીએ શાદીની ગલત રસ્મો, નાચગાન, બેન્ડબાજા, ડી.જે. જેવાં હરામ કામોની ઝાટકણી કાઢી શરીઅતના હુકમો દર્શાવી ઈબ્રતનાક બયાન કર્યું હતું. મુબારકબાદ ! દુલ્હા–દુલ્હન તથા બંનેના કુટુંબીજનોને રબ્બે કરીમ બંને જહાનની બેહતરીન નેઅમતોથી નવાઝે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# અરબોની ઊંઘ

## કેટલા ગદાફીઓની વિદાય પછી ઉડશે?

રજૂકર્તા : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** *(સદરુલ મુદર્રિસીન : દારુલ બરકાતે ખ્વાજા—આમોદ)*

આફ્રિકન શેર તથા પશ્ચિમી સેનાઓની આંખમાં આંખ પરોવીને વાત કરનાર (લીબિયાના માજી રાષ્ટ્રપતિ) કર્નલ મોઅમ્મર ગદાફીને પશ્ચિમી મહાસત્તાઓની નાટો સેના તથા તેમના ચમચાઓ દ્વારા જે બેદર્દીની સાથે શહીદ કરવામાં આવ્યા છે, તેનાથી ફરી એકવાર મુસ્લિમોને ઝિલ્લત તથા બેઈજ્જતીનો સામનો કરવો પડયો છે. તેમની પ્રતિષ્ઠા, આત્મવિશ્વાસ તથા આત્મ સન્માનને ભારે આંચકો લાગ્યો છે. મુસ્લિમો ફરી એકવાર તે સમયથી પસાર થયા જ્યારે ઈરાકી રાષ્ટ્રપતિ સદ્દામ હુસૈનને ખાસ બકરા ઈદના દિવસે ૩૦ ડિસેમ્બર ૨૦૦૬માં ફાંસી આપવામાં આવી હતી. આ ખૂન તથા હત્યાના સંદર્ભમાં પશ્ચિમી સત્તાઓ એકી સાથે કેટલાયે સંદેશાઓ આપવા માંગે છે. ફાંસી કોઈને પણ થઈ શકે છે, કોઈપણ રાષ્ટ્રપતિ કે સત્તાધારીનું પતન થઈ શકે છે, પરંતુ ઝલીલ તથા બેઈજ્જત કરવાની જે પદ્ધતિ અપનાવવામાં આવે છે તે ન માત્ર દર્દનાક છે બલ્કે ઘણી અફસોસજનક તથા ધિક્કાર પાત્ર છે. આખરે મુસ્લિમ દેશોને જ કેમ આસાન શિકાર સમજવામાં આવે છે ? કેમ મુસ્લિમ સત્તાઓની ઈંટથી ઈંટ બજાવી દેવામાં આવે છે ? પશ્ચિમી સત્તાઓને અપરાધ તથા જુલ્મનો એહસાસ થવો તો ઘણા દૂરની વાત છે તેમના ચેહરા ઉપર કરચલી પણ નથી આવતી. એક સારા ખુશહાલ દેશને શા માટે તબાહ કરી દેવામાં આવે છે ? અને દુનિયામાં ખાસ કરીને મુસ્લિમ દેશો ચૂપ બેસીને તમાશો જોઈ રહ્યા છે ! અરબ લીગ તથા ઈસ્લામી કોન્ફન્સ સમિતિની સ્થાપ્નાનો મતલબ શું છે ? આજ સુધી આ સમિતિઓ તથા સંસ્થાઓએ અરબ દેશોના કયા હેતુઓની રક્ષા કરી છે ? કઈ સમસ્યાને હલ કરી છે ? હકીકત તો એ છે કે અરબ લીગ તથા ઈસ્લામી કોન્ફન્સ સમિતિ પોતાના દેશના મુખી એવા અમેરિકા તથા યૂરોપિયન દેશોના ગુલામ છે. અય્યાશી, આરામપરસ્તી તથા સત્તાની મહોબ્બતે તેઓને ક્યાંયના પણ રહેવા દીધા નથી. તેઓ માત્ર અમેરિકી તથા પશ્ચિમી દેશોના હેતુઓના સુરક્ષા કર્મી છે ! બીજા દેશોને કલ્યાણ કાર્યો માટે ચંદો (દાન) પણ અમેરિકા તથા પશ્ચિમના ઈશારાઓ પર આપે છે. દુનિયાભરમાં ફેલાયેલા ઈસ્લામી મદ્રસાઓને હવે અરબ દેશો દ્વારા ચંદો મુશ્કેલીથી મળે છે. કેમ કે અંકલ (બ્રિટન તથા અમેરિકા) એવુ નથી ચાહતા કે મદ્રસાઓની પ્રગતિ થાય. સઊદી અરબોએ પોતાની કૌમ માટે કશું જ નથી કર્યું ! ન ઉચ્ચ શિક્ષણનાં માધ્યમો સ્થાપ્યાં ન તો ટેકનિકલ ઈન્સ્ટીટયૂટની જાળ બિછાવી. આજે તેઓ દરેક ક્ષેત્રે બીજાઓના મોહતાજ છે. તેલની દૌલતથી માલામાલ આ દેશો પાસે પોતાનું કાંઈ પણ નથી. ન તો ઉદ્યોગો સ્થાપ્યા છે, ન તો ખેતી તથા પૈદાવારને વિકસિત કરી છે અને ન તો બીજા અન્ય આર્થિક આધારો ઊભા કર્યા છે. તેમણે તો તેલની દૌલતથી પશ્ચિમી દેશોની જ આર્થિક સ્થિતિને સદ્ધર બનાવી છે અને આજે એ સ્થિતિ આવી છે કે અરબો પોતાના પૈસા પણ ત્યાંથી નથી કાઢી અથવા કઢાવી શકતા. આનાથી બદ્તર ગુલામી શું હોય શકે ?! બહાદુરી તથા વીરતામાં પ્રખ્યાત કૌમ આજે પોતાની ફૌજ તથા સૈનાની તા'લીમ તથા અન્ય કેળવણી માટે ગૈરોની મોહતાજ છે. અબજો ડોલરનાં હથિયારો ખરીદવામાં આવી રહ્યાં છે, પરંતુ સવાલ એ છે કે તેનો ઉપયોગ કોણ કરશે ? શું અરબ દેશોનાં તા'લીમબદ્ધ તથા ટ્રેઈન્ડ યૌદ્ધાઓ ઉપસ્થિત છે કે પછી તે હથિયારોને ચલાવવા માટે પશ્ચિમ જગતથી

ભાડેથી સૈનિકો લાવવા પડશે ? અને શું સમય આવતાં તે ગૈર મુલ્કી સેના તેમનાં (અરબોનાં) જ હથિયારોને અરબો વિરુદ્ધ ઉપયોગ નહીં કરે ? અરબ દેશોને એકબીજાથી બીવડાવીને પશ્ચિમી દેશો જૂનાં કટાઈ ગયેલાં "આઉટ ઓફ ડેટ" હથિયારો વેચીને પોતાની તબાહ થયેલી આર્થિક સ્થિતિને સુધારવામાં પડયા છે.

લીબિયામાં કરાવવામાં આવેલ વિદ્રોહને ટયુનિસ તથા ઈજીપ્તના ક્રાંતિકાર પરિવર્તનોની સાથે જોડવામાં આવે છે, જે એકદમ ખોટુ છે. ટયુનિસમાં પરિવર્તન ત્યાંના નાગરિકો દ્વારા કરવામાં આવેલ ક્રાંતિકારી પરિર્વતન ન હતું તથા ઈજીપ્તમાં વરસોથી થતા જુલ્મો સિતમના કારણે તથા સ્વતંત્રતા, માનવ અધિકારો તથા પ્રાથમિક સુવિધાઓના અભાવના કારણે વિદ્રોહ થયો. અને તેમાં વિદેશી તત્વો સામેલ ન હતા, બલ્કે કેટલાયે દસકોથી અત્યાચાર તથા જુલ્મને વેઠી રહેલા તથા ઈજીપ્તને સ્વતંત્રતાની નેઅમતથી માલામાલ કરનાર અખ્વાનુલ મુસ્લિમીનના કાર્યકરો સામેલ હતા જેઓ વિના કોઈ હિંસાએ, શાંતિથી તેહરીર ચોક (સ્વતંત્રના ચોક) ઉપર પ્રદર્શન કરી રહ્યા હતા. આ લોકો ન તો પ્રજા ઉપર હુમ્લો કરતા હતા અને ન તો નિર્દોષ વિરોધીઓની જાન લઈ રહ્યા હતા. એટલા માટે જ આ બંનેવ આંદોલનો વિના કોઈ મોટા ખૂનખરાબાએ અંતિમ સીમા સુધી પહોંચ્યા.

પરંતુ લીબિયાનો વિદ્રોહ સંપૂર્ણપણે પૂર્વ આયોજીત વિદ્રોહ છે. આ આંદોલનમાં પ્રારંભથી જ વિદેશી તત્વો સામેલ હતા. પશ્ચિમી દેશો ખાસ કરીને બ્રિટન, ફ્રાંસ, અમેરિકા ખુલ્લેઆમ ડોલર તથા હથિયારો વડે સપોર્ટ કરતા હતા. ભલે અરબ લીગે પણ જૂની પરંપરા મુજબ પશ્ચિમી દેશોની તરફદારી કરી હતી પરંતુ તેણે એ વાતની સ્પષ્ટતા કરી હતી તેનો મતલબ નાટોની બોંબબારી નથી. શું અરબ લીગના પદાધિકારીઓ એટલા બધા નાદાન તથા ભોળા હતા કે તેઓ એ ન સમજતા હતા કે આવી તરફદારીનો શું મતલબ હોય શકે છે ?! અરબ લીગની તરફદારી તથા સંયુક્ત રાષ્ટ્ર સંઘની સુરક્ષા કાઉન્સિલની તરફદારીનો પરવાનો મળતાની સાથે જ નાટોના નેતૃત્વ હેઠળ ફ્રાંસના લડાકુ હવાઈ જહાઝો લીબિયા ઉપર તૂટી પડયાં. આખા લીબિયાને ખેદાન મેદાન કરી નાખ્યું. જેટલી પણ ઉચ્ચકક્ષાની ઈમારતો હતી, સરકારી કચેરીઓ હતી નાટો સેનાએ દરેક ઉપર બોમ્બ વર્ષા કરીને દરેકને તબાહ કરી નાખી. જેથી નવનિર્માણના નામે પશ્ચિમી દેશોની કંપનીઓને મોટી કિંમતે કોન્ટ્રાકટ મળી શકે અને પશ્ચિમની દમ તોડતી આર્થિક સ્થિતિને નવું જીવન મળે. સંયુક્ત રાષ્ટ્ર સલામતી કાઉન્સિલની ઈસ્લામ વિરોધી કારકિર્દી ફરી એકવાર ખુલીને સામે આવી ગઈ. તે માત્ર પશ્ચિમી હેતુઓ તથા ઈઝરાઈલની ચોકીદાર છે, બસ તેના સિવાય કાંઈ નહીં !

લીબિયાના વિદ્રોહને "તેલ કા ખેલ"ના સંદર્ભમાં જોવાની જરૂરત છે. આમ તો પશ્ચિમી દેશોની દખલગીરી અરબ દેશોમાં અને તેમાં પણ ખાસ કરીને તેલના ઉત્પાદક દેશોમાં આ જ નિય્યતથી સંબંધિત રહી છે પરંતુ લીબિયાનો મામલો કાંઈક અલગ જ છે. આ વિદ્રોહનો હેતુ તથા ગદાફીના ખાત્માનો મકસદ જેવી રીતે પશ્ચિમી દેશોનો પોતાના દુશ્મનનો ખાત્મો હતો તેવી જ રીતે આ સંદેશ પણ સ્પષ્ટ રીતે મળે છે કે અરબના અન્ય દેશો આ પ્રમાણે બેવકૂફી ન કરે જે બેવકૂફી મોઅમ્મર ગદાફીએ કરી હતી. તેઓ અરબ સંગઠનના જબરદસ્ત તરફદાર હતા. જ્યારે તે શક્ય ન બન્યું તો આફ્રિકન દેશોમાં ઈત્તેહાદ તથા સંગઠન પેદા કરવા માગતા હતા, જેથી અત્યાચાર તથા પોતાની આધુનિક શક્તિના નશામાં ચૂર થઈને બીજાઓની જમીનને પચાવી જનાર શક્તિઓનો અડગપણે મુકાબલો થઈ શકે. તેમણે સિત્તેરના દસકમાં અરબ જાતીવાદની ચળવળ ચલાવી. અને તેમણે લીબિયાને તે સમયના ઈજીપ્ત, સીરિયા તથા અર્દુનના લીડરો નેતાઓની સાથે કેટલાયે કરારોમાં બાંધી પણ દીધું, પરંતુ ઈ.સ. ૧૯૯૦ના દસકામાં ઈરાક, કુવૈત યુદ્ધ તથા અરબ સંગઠનોમાં તિરાડ પડવાથી, અને અરબ દેશોનું અમેરિકાને આમંત્રણ આપવાના કારણે કર્નલ ગદાફીનું સ્વપ્ન વેરવિખેર થઈ ગયું. ત્યારે આફ્રિકન દેશો તરફ ધ્યાન

કર્યું અને ત્યાં તેમણે પોતાનો અસર તથા પહોંચ વધારવાની કોશિશ કરી. આ હેતુને પ્રાપ્ત કરવા માટે તેમણે આફ્રિકન દેશોની રહેણી કરણી તથા સંસ્કૃતિથી મલતા જુલતા પોષાક પણ પહેરવાનું શરૂ કર્યું. કર્નલ ગદાફીએ દુનિયાભરમાં અલગ અલગ અંતિમવાદી સંગઠનોને પણ પીઠબળ પૂરુ પાડયું છે જેમાં પેલેસ્ટાઈન સ્વતંત્રના સંગઠન, આઈરશ રિપબ્લિકન આર્મી તેમજ આફ્રિકાની કેટલીયે ક્રાંતિકારી સંસ્થાઓ સામેલ છે. આ સંગઠનોની તરફદારી તથા સહાયતાનો હેતુ ઈસ્લામ દુશ્મન શક્તિઓ તથા તેમના સપોર્ટરો વચ્ચે અંતર પાડવાનો હતો.

કર્નલ ગદાફી ૧૯૪૨માં સિર્ત નજીકના એક વન વિસ્તારમાં પેદા થયા હતા. તેમનામાં અરબ જાતીવાદ સહાયતા કૂટી કૂટીને ભરી હતી. અને તેઓ જવાનીની શરૂઆતથી જ અરબ જાતીવાદના અલમબરદાર મિસરી રાષ્ટ્રપતિ જનાબ અબ્દુન્નાસિરના જબરદસ્ત પ્રશંસક હતા અને તેમને પોતાના આઈડિયલ ગણતા હતા. ૧૯૫૬ના સ્વિઝના રમખાણોમાં પશ્ચિમ તથા ઈઝરાયેલ વિરુદ્ધના પ્રદર્શનોમાં પણ આગળ આગળ હતા. તે જ વિરોધ પ્રદર્શનો દરમિયાન લીબિયામાં રાજાશાહી વિરુદ્ધ વિદ્રોહનો મનસૂબો તેમના દિમાગમાં આવ્યો જે તેમના સૈન્ય તા'લીમનું કારણ બન્યું. જયારે તેઓ ૧૯૬૯માં બ્રિટનથી સૈન્ય તા'લીમ પ્રાપ્ત કરીને આવ્યા ત્યારે તેમના દિમાગમાં ઉદ્ભવેલ મનસૂબાને અંતિમ સીમા સુધી પહોંચાડવાનો ખયાલ આવ્યો અને તેમણે બિન ગાઝી શહેરને તે વિચાર પૂરો કરવા માટે કેન્દ્ર બનાવ્યું. આ એક આશ્ચર્યજનક વાત છે કે મોઅમ્મર ગદાફીના ખાત્માનું કારણ પણ બિનગાઝી શહેરથી ઉદ્ભવેલ વિદ્રોહ જ બન્યું અને વિદ્રોહીએ એ પહેલાં આ જ શહેર ઉપર કબ્જો જમાવ્યો અને આ જ શહેરને કેન્દ્ર બનાવ્યું અને પોતાની કાર્યવાહી શરૂ કરી અને અહીંયાંથી જ વિદ્રોહ આખા લીબિયામાં ફેલાયો. મોઅમ્મર ગદાફીએ તે સમયના રાજા શાહ ઈદ્રીસને હોદ્દા પરથી વંચિત કરી પોતે તખ્ત ઉપર બેસી ગયા અને શાહ ઈદ્રીસને કતલ કરવાના બદલે દેશ નિકાલ કરી આપ્યા. જે કામ અત્યારે પણ વિદ્રોહીઓ પણ કરી શકતા હતા. જયારે તેમણે લીબિયાની સત્તાની દોર સંભાળી હતી ત્યારે તેલના પુરવઠા ઉપર પશ્ચિમી કંપનીઓનો કબ્જો હતો. તેમણે તે બધી જ કંપનીઓને દેશની બહાર કાઢીને તેલના જથ્થાઓ ઉપર લીબિયન પ્રજાને કબ્જો અપાવ્યો. તેમણે તેલ ઉત્પાદન કરવાના અધિકારો પોતાના ખાનદાન, પોતાના કુટુંબ તથા બીજા અન્ય ખાનદાનોમાં વિભાજીત કરી આપ્યા. આ પ્રમાણે લીબિયાની દૌલત લીબિયામાં રહી. લીબિયાએ આ દરમિયાન ઘણી પ્રગતિ કરી. કર્નલ ગદાફી લીબિયાનું બંધારણ પોતાના પુસ્તક ''ગ્રીન બુક''ના આધારે તૈયાર કરતા હતા તેમણે આ પુસ્તકમાં સોશ્યાલિઝમ, બિઝનેસ તથા ઈસ્લામના અમુક મદ્રસાઓને આ બંધારણમાં સામેલ કર્યા હતા. તેમણે પ્રજા સુવિધાના ક્ષેત્રે ઘણા કામો કર્યા. પરંતુ તેઓ પણ આ બીમારીથી ન બચી શક્યા જે હાલના અરબ સત્તાધીશોને લાગી છે. સ્વતંત્રતા તથા સ્વતંત્ર વિચારધારાનો અધિકાર તેમણે લીબિયન પ્રજાથી છીનવી લીધો. ૧૯૭૩માં જમાહિરિયાના નામથી એક એવો કાયદો ઘડયો જેમાં જાહેરમાં અધિકારો પ્રજાની બનેલી હજારો પિપલ્ઝ કમિટીઓના હાથમાં હતા, પરંતુ અમલી રીતે કર્નલ ગદાફીના જ હાથમાં તમામ અધિકારો હતા. તેમણે આખા શાસનકાળ દરમિયાન પોતાના વિરુદ્ધ કોઈપણ જાતનો વિરોધ દર્શાવતી ગતિવિધિઓને ઘણી સખતાઈથી કચડી નાખી હતી.

કર્નલ ગદાફીએ પ્રજાને તમામ સુવિધાઓ પહોંચાડી જે જીવન જરૂરિયાત માટે અનિવાર્ય હતી. લીબિયામાં બાળકના જન્મ પર માતાને તુરંત પાંચ હજાર ડોલર આપવામાં આવતા હતા, કાર વગરેની ખરીદીમાં પચાસ ટકા સબસિડી આપવામાં આવતી હતી. લગ્નગ્રંથીથી જોડાયેલ દંપતિને પચાસ હજાર ડોલર આપવામાં આવતા હતા. બેંકોના કરજો ઉપર કોઈપણ જાતનું વ્યાજ લેવામાં આવતુ ન હતું. તા'લીમી સુવિધા, મેડિકલ (ઉપચાર સંબંધિત) સહુલતો બલ્કે વિદેશમાં ઉપચાર માટેની સહુલતો બિલ્કુલ મફત પ્રાપ્ત થતી હતી. લીબિયામાં ૨૫%

લોકો યુનિવર્સિટીનું શિક્ષણ પામેલા છે, ૮૩% પ્રજા તા'લીમબદ્ધ છે. ખેતી માટે જમીન તથા તમામ ઓજારો તેમજ અન્ય સહુલતો પણ આપવામાં આવતી હતી. મોઅમ્મર ગદાફી સિંચાઈના મોટા પ્રોજેક્ટને પૂર્ણ કરવાના કારણે પણ જાણીતા થયા જેનાથી લીબિયન પ્રજામાં ખુશહાલી આવી. તેલના વેચાણથી પ્રાપ્ત થનારી આવકનો એક ભાગ લીબિયન પ્રજાના બેંક એકાઉન્ટમાં પહોંચી જતો હતો. નોકરી મળતા સુધી સરેરાશ પગાર બેરોજગારોને મળતો હતો. આ સિવાય પણ અન્ય સહુલતો લીબિયન પ્રજાને પ્રાપ્ત હતી જે પશ્ચિમી દેશોમાં પ્રજાને પ્રાપ્ત નથી. આમ છતાં પણ પ્રજામાં બેચૈની તથા રોષ ફેલાયો અને કર્નલ ગદાફી પોતે ક઼િસ્મત તથા તક઼દીરના લખાણને વાંચી ન શક્યા. એ ખયાલમાં રહ્યા કે તેઓ સ્થિતિને ક઼ાબૂમાં કરી લેશે, અને તેમ કરી પણ લેતા જો નાટો તથા પશ્ચિમી દેશોએ વિદ્રોહીઓનો સાથ ન આપ્યો હોત. લીબિયામાં ગદાફીના પતનનું કાઉન્ટ ડાઉન તે જ દિવસે થઈ ગયું હતું જ્યારે લીબિયાના અમુક પ્રાંતોને સંયુક્ત રાષ્ટ્ર સલામતી કાઉન્સિલ દ્વારા ગૈરઉડ્ડયન પ્રાંત ઠરાવવામાં આવ્યા હતા. જો ગદાફી તે જ સમયે પ્રજાને સ્વતંત્ર હક્ક઼ો આપી દેતા તો આવી અવદશા ન થાત.

સત્તાના પ્રારંભથી જ ગદાફીના સંબંધો પશ્ચિમી દેશોની સાથે તનાવયુક્ત રહ્યા હતા. ખાસ કરીને ફ્રાંસની સાથે જ્યારે ગદાફીએ ફ્રાંસિસીઓની એક મોટી સંખ્યાને લીબિયાથી ફ્રાંસ રવાના કરી આપી હતી. અમેરિકી રાષ્ટ્રપતિ રોનાલ્ડ રિગનના આદેશ પર અમેરિકી જહાઝોએ ૧૯૮૬માં યૂરોપિયન અમુક શહેરોમાં બોંબધડાકા કરવાના આરોપમાં (લીબિયાની) રાજધાની ટ્રીપોલી તથા બિનગાઝી શહેરો ઉપર બોંબ વર્ષા પણ કરી જેમાં કર્નલ ગદાફીની દત્તક લીધેલી પુત્રીનું મૃત્યુ થયું હતું. અમેરિકા અને બ્રિટને ડિસેમ્બર ૧૯૮૮માં સ્કોટલેન્ડના એક ટાઉન લાકરબી નજીક પીન અમેરિકનના પેસેન્જરવાહક વિમાનની તબાહીનો જવાબદાર મોઅમ્મર ગદાફીને ઠરાવતાં લીબિયા ઉપર સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા પ્રતિબંધો લાદયા હતા. ૨૦૦૩માં ઈરાકમાં સદ્દામ હુસૈનની સત્તાનો ખાત્મો તથા બગદાદના પડી ભાગ્યા બાદ કર્નલ ગદાફી એકલા પશ્ચિમના વિરોધી રહી ગયા હતા. તેઓ પોતાના પ્રત્યેના વિખવાદોને દૂર કરવા માટે પોતાના શહેરીઓને લાકરવીનો કેસ સ્કોટલેન્ડના ક઼ાઈદા મુજબ હોલેન્ડમાં ચલાવવા પર સહમત થઈ ગયા. અને બદલાના રૂપમાં અબજો ડોલર અદા કર્યા હતા જે આ વિશ્વમાં આપવામાં આવતો સૌથી મોટો બદલો (દંડ) હતો. તેની સાથે સાથે પોતાના ઝવેરી પ્રોગ્રામો પણ પશ્ચિમના હવાલે કરી આપ્યા, પરંતુ કહેવત છે કે સાપ કોઈનો દોસ્ત નથી થતો તે પોતાની આદતથી મજબૂર થઈને જરૂર દંશ મારે છે. કેમ કે તેની પ્રકૃતિમાં જ દંશ મારવું છે એ જ હાલ પશ્ચિમી દેશોનો છે. તેઓ દરેક સ્થિતિમાં દંશ મારશે ભલે તેમને કેટલુંયે દૂધ પીવડાવવામાં આવે. અન્ય અરબ દેશોએ હોશમાં આવવું જોઈએ, નહીં તો તેમનો પણ એ જ અંજામ થશે જે કર્નલ ગદાફીનો થયો.

લીબિયાના વિદ્રોહમાં "તેલ કા ખેલ"નો સૌથી મહત્વનો રોલ રહ્યો છે. માહિતગારોના બતાવ્યા મુજબ લીબિયામાં સર્વ આફ્રિકન દેશો કરતાં તેલનો જથ્થો વધારે છે. અને સૌથી અગત્યની વાત તો એ છે કે લીબિયામાં જે તેલનું (ઓઈલ) ઉત્પાદન કરવામાં આવે છે તેની ક્વોલિટી સૌથી શ્રેષ્ઠ હોય છે તથા તેમાં મહેનત પણ ઓછી લાગે છે. ભલે ગદાફીએ તમામ પશ્ચિમી દેશોનો લીબિયાથી બહાર કાઢી મૂક્યા હતા પરંતુ ગત ત્રણ ચાર વરસોથી ફ્રાંસ, ઈટાલી, બ્રિટનની અમુક કંપનીઓને તેલ ઉત્પાદનના અધિકારો આપ્યા હતા. ગદાફીનો મક઼સદ એટલો જ હતો કે તેના સંબંધો પશ્ચિમી દેશો સાથે સુધરી જાય. પરંતુ આમ છતાં પશ્ચિમી દેશોએ ન માત્ર તેની સત્તાનો ખાત્મો કર્યો બલ્કે તેની (ગદાફીની) જિંદગી પણ ખતમ કરી નાખી. સૌથી મોટો પ્રશ્ન એ છે કે હવે લીબિયામાં શું થશે ? શું હંગામી ક઼ૌમી કાઉન્સિલના અધિકારીઓ લીબિયાને સંભાળી શક્શે ? ત્યાં મોટી સંખ્યામાં વસતા કબાઈલીઓ કોઈ એકના હેઠળ એકમત થઈ જશે ? શું વધુ પેજ નં. ૧૮....પર

# મુસલમાનો ! ભલાઇ ચાહતા હોઉ તો.... મદ્રસાઓને જીવંત કરો !

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

આજે આપણી કૌમના કરોડો રૂપિયા મોટા ભાગે "મુસ્તહબ" કામો, પ્રદર્શનમય રસમો, જલસા જુલૂસ તથા કોઈ ચીજની સિલ્વર જ્યૂબિલી કે ગોલ્ડન જ્યૂબિલી પાછળ, તો ક્યાંક ઉલમાએ સ્પષ્ટ દર્શાવેલ નાજાઈઝ કામો તા'ઝીયાદારી તેમજ વાજિંત્રો સાથે કવ્વાલીઓના મુકાબલાઓ પાછળ ધૂમ ખર્ચાય છે. પણ મદ્રસા—મક્તબોની પઢાઈનું કાર્ય કે જેના પર નવી નસલની હિદાયતનો દારોમદાર છે તેના તરફ આપણુ જરાય ધ્યાન નથી. આપણા દુશ્મનો વહાબી, દેવબંદીઓ વગેરેએ સઘળુ જોર મદ્રસા તથા મક્તબો, કોલેજો પાછળ લગાડયું અને આપણી જ નવી પેઢીમાં કેટલાયે ગાબડાં તેમણે પાડયાં અને પાડી રહ્યા છે છતાં આપણી આંખો હજી ઉઘડતી નથી ! જેથી આ બાબતે ગંભીરતાથી આપણે સોચવું પડશે.

મદ્રસાઓનું મહત્વ સમજવા માટે આ એક દષ્ટાંત જ પૂરતુ થઈ પડશે જે રઈસુલ કલમ હઝરત અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہએ એક સ્થળે કાંઈક આ પ્રમાણે વર્ણવ્યું છે કે, "જ્યારે સ્પેન પર ઈસાઈઓએ કબજો જમાવ્યો અને મુસ્લિમોની ૬૦૦ વરસની સત્તાનો અંત આવ્યો તો **સૌ પ્રથમ કામ તેમણે એ કર્યું કે ઈસ્લામના દીની તા'લીમી કેન્દ્રો મદ્રસાઓને સદંતર બંધ કરાવી દીધા,** જેનું પરિણામ એ આવ્યું કે સો વરસની અંદર મુસ્લિમોનું અસ્તિત્વ લગભગ જાણે ખત્મ થઈ ગયું." અને જ્યાં પણ ઈસ્લામી શહેરો પર જ્યારે ઈસાઈઓએ કબજો જમાવ્યો તો તેમણે ઈસ્લામી લાયબ્રેરીઓને સૌ પ્રથમ નિશાન બનાવી તેની કિતાબોનો નાશ કર્યો છે. જે ઈસ્લામી ઈલ્મના ઝરણાં છે તેના મૂળોને જ બંધ કરવાં કરાવવાં એ કામ ઈસાઈ, યહૂદી ઈસ્લામના દુશ્મનોનું હમેશાંથી રહેલું છે. આ પરથી આપણે સમજવું જોઈએ કે જે ગામના કે શહેરના મક્તબો, મદ્રસા કમજોર હશે, કાયદા મુજબની તા'લીમ નહીં હોય તો તે સ્થળના મુસ્લિમો ઈસ્લામથી દૂર તથા જેહાલતમાં ડૂબતા જશે અને વિવિધ ગુમરાહીઓના શિકાર થતા જશે. જેથી મદ્રસાઓને ઉત્તેજન આપવું અને તેને જીવંત રાખવા એ દરેક મુસલમાનનો દીની ફરીઝો બને છે અને **આ બાતિલ ફિર્કાવાળાઓ સાથે હરીફાઈના યુગમાં સંચાલકોએ પણ નફ્સપરસ્તીથી નહીં પણ ખુદા પરસ્તી સાથે ખૌફે ખુદા સાથે ઈમાનદારીથી દીન તથા સુન્નિયતની ભલાઈ શામાં છે અને તા'લીમી કક્ષા કઈ રીતે ઊંચી થઈ શકે છે તેવાં પગલાં લેવાં જોઈએ.** આવો ! થોડીક ચર્ચા આ વિષયે કરી લઈએ જેનાથી નિઃસ્વાર્થપણે દીનના કામની પ્રેરણા જાગે.

### ★ સર્વ પ્રથમ ઈસ્લામી મદ્રસો ★

મસ્જિદે નબવીના સહેનમાં એક ચબૂતરો હતો જે રસૂલે કરીમ ﷺના એવા જાંનિષાર સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعیننું ઠેકાણુ અને બેઠક હતી જેમનું કોઈ ઘરબાર ન હતું, તેઓ જંગલથી લાકડીઓ કાપી તેનાથી પોતાનું ગુજરાન ચલાવતા, એમના ખાવા પીવાની વ્યવસ્થા અધિકતમ આપ ﷺ ફર્માવતા અને દા'વતોમાં પોતાની સાથે લઈ જતા, રાત્રે તેઓ

લખતાં વાંચતાં શીખતા અને રસૂલુલ્લાહ ﷺથી હદીષો સાંભળી યાદ કરતા, આસપાસના વિસ્તારોમાં તેમને તબ્લીગે દીન તથા દા'વતે ઈસ્લામ માટે મોકલવામાં આવતા, એમને અસ્હાબે સુફ્ફા કહેવામાં આવે છે. આ રીતે ઈસ્લામની સૌ પ્રથમ દર્સગાહ અને મદ્રસો મસ્જિદે નબવી શરીફ તથા તથા બારગાહે રિસાલત મઆબ ﷺ થઈ. અરબી ભાષામાં ચબૂતરાને "સુફ્ફા" કહેવાય છે. જેથી અસ્હાબે સુફ્ફાનો મતલબ થયો ચબૂતરા પર રહેવાવાળા. એમની સંખ્યા સિત્તેરથી અધિક ન હતી, કદી સિત્તેર તો કદી સિત્તેરથી ઓછી. દર્સગાહે નબવી ﷺમાં ઈલ્મે દીન પ્રાપ્ત કરતા. અમુક ખુશનસીબોનાં નામો વાંચી અસ્હાબે સુફ્ફાની મુકદ્દસ જમાઅતથી અઝમત તથા ઉચ્ચતાનું અનુમાન લગાડશો. હઝરત અબૂ હુરૈરહ્, હઝરત સલ્માન ફારસી, હઝરત અમ્માર બિન યાસિર, હઝરત સુહૈબ રૂમી, હઝરત બિલાલ... વગેરે. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین)

### ★ ઈસ્લામી મદ્રસાઓની કડી ★

મોઅલ્લિમે કાઈનાત, આલિમે મા કાન વમા યકૂન ﷺથી તા'લીમો તર્બિયત પામેલા એ જ અસ્હાબે સુફ્ફાની પવિત્ર જમાઅત સાથે ઈસ્લામી મદ્રસાઓની કડી જઈને મળે છે જ્યાંથી ઈલ્મો હિકમતની રોશની નબવી યુગમાં જ સર્વ ઈસ્લામી દેશોમાં ફેલાતી ગઈ, સમગ્ર વિશ્વમાં ચોતરફ મુસલમાનોના ઈલ્મી, અદબી (સાહિત્યિક) તથા ફિક્રી (ચિંતનાત્મક) કારનામાઓની છાપ બેસવા લાગી, ઈસ્લામી સંસ્કાર તથા સંસ્કૃતિ સમક્ષ તે સમયમાં દુનિયાની સૌથી મોટી સમજવામાં આવતી સંસ્કૃતિઓ ઝાંખી પડી ગઈ.

દુનિયાનો ઈતિહાસ એ સત્યને ભૂલાવી નહીં શકે જ્યારે ઈસ્લામી મદ્રસાઓમાં તર્બિયત પામેલા મુસલમાનો વિવિધ ઈલ્મો અને વિભિન્ન જ્ઞાનોથી તથા મહાન સભ્યતા અને ઉચ્ચ સંસ્કારોથી સુસજ્જ હતા, ત્યારે પશ્ચિમવાસીઓ (યૂરોપિયનો) માથાના વાળોથી લઈ પગોના તળિયા સુધી અભણતા અને અજ્ઞાનતામાં ડૂબેલા હતા. સમગ્ર યૂરોપ જહાલતના અંધકારમાં સપડાયેલું હતું. ઈલ્મ અને અખ્લાક઼ તથા જ્ઞાન અને સંસ્કારને માફ ન થઈ શકે એવો ગુનો સમજવામાં આવતો ! પરંતુ જ્યારે શામ (સીરિયા), ઉન્દુલુસ, તલીતા, બલ્રમા અને હિસ્પાનિયામાં ઈસ્લામનો પરચમ લહેરાયો તો ત્યાં ઈસ્લામી ઈલ્મો હિકમતનો પ્રકાશ ફેલાયો જેનાં નૂરાની કિરણોએ પશ્ચિમીઓનાં દિલો દિમાગને પોતાની તરફ આકર્ષી લીધાં. ઈસ્લામ અને મુસ્લિમો પ્રતિ અત્યંત નફરત અને દુશ્મનાવટ હોવા છતાં ઈસાઈઓ ઈસ્લામી જ્ઞાન તથા વિદ્યાઓને પ્રાપ્ત કરવા ઈસ્લામી મદ્રસાઓ તરફ આવવા લાગ્યા. ઈસાઈ ધર્મગુરૂઓ અરબી નામો, અરબી ભાષા તથા સાહિત્ય અને અરબી સંસ્કૃતિના એવા દીવાના થઈ ગયા કે વિવિધ અરબી કિતાબોનાં ભાષાંતર કરી પોતાના શિષ્યો તથા ઈસાઈઓમાં ફેલાવતા અને આ રીતે ઈસ્લામી તા'લીમાતની મદદ અને મુસલમાનોના માર્ગદર્શનથી પશ્ચિમવાસીઓ ઈલ્મો હિકમત અને તેહઝીબો તમદ્દુન (સંસ્કાર તથા સંસ્કૃતિ)ની એક નવી દુનિયાથી વાકેફ થયા.

### ★ મદ્રસાઓથી નફરત ન કરો કારણ કે.. ★

ઈસ્લામી મદ્રસાઓ જે ઈસ્લામી ધારાધોરણ અને ઈસ્લામી સંસ્કાર તથા સંસ્કૃતિના મહારક્ષક છે એની ગોદથી તર્બિયત મેળવીને સહાબાએ કિરામની મુકદ્દસ જમાઅતે દુનિયાથી પોતાની અઝમત તથા બુલંદીનો ખિરાજ વસૂલ કર્યો, સૈયદોના ગૌષે આ'ઝમ رحمۃ اللہ علیہએ ઈલ્મે દીન હાંસલ કરી દીનને જીવંત કર્યો અને મુહયુદ્દીન થયા, ખ્વાજા મોઈનુદ્દીન અજમેરી رحمۃ اللہ علیہએ એ જ ઈલ્મે દીન અને ઈસ્લામી અખ્લાક઼ો કિરદારથી એક લાખથી અધિક ગૈર મુસ્લિમોને ઈમાનની દૌલતથી માલમાલ કર્યા. એ જ ઈસ્લામી મદ્રસાઓના ફૈઝાનથી ઈમામ રાઝી رحمۃ اللہ علیہ અને ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ જેવા મહાન લોકો પેદા થયા. શાહે સિમ્નાં હઝરત મખ્દૂમ અશરફ સિમ્નાની

رحمۃ اللہ علیہ તારિકુસ્સલ્તનત થયા. મૌલાના જલાલુદ્દીન રૂમી رحمۃ اللہ علیہએ ઈલ્મે દીન મેળવી મષ્નવી શરીફ દ્વારા તસવ્વુફની દુનિયામાં ઈન્કેલાબ લાવી દીધો. (મૌલાના રૂમની મષ્નવી શરીફને વિશેષ રીતે યૂરોપિયનોમાં ખૂબ લોકપ્રિયતા પ્રાપ્ત થઈ અને આજે પણ આધ્યાત્મિક્તા (રૂહાનિયત)માં રસ ધરાવતા અંગ્રેજો એનો અભ્યાસ કરે છે.) એ જ મદ્રસાના ઈલ્મો હિક્મતના ઝવેરાતથી સુસજ્જ થઈ કાઈદે ઈન્કેલાબ મુજાહિદે આઝાદી અલ્લામા ફઝ્લે હક્ક ખૈરાબાદી (વિસાલ : ઈ.સ. ૧૮૬૧) رحمۃ اللہ علیہએ સૌ પ્રથમ અંગ્રેજો વિરુદ્ધ જેહાદનો ફત્વો આપી બ્રિટિશ સામ્રાજ્યથી હિંદુસ્તાનને મુક્ત કરાવવા આઝાદીની ચળવળ છેડી, ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ વિવિધ ઉલૂમો ફુનૂન પર પુષ્કળ લાજવાબ કિતાબો લખી કૌમો મિલ્લતની બહુમૂલ્ય સેવાઓ આપી, મખ્દૂમુલ મશાઈખ સરકાર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہએ વાઅઝ અને ઈલ્મી કારનામાઓ થકી મુસલમાનોના દીનો ઈમાનની હિફાઝત ફર્માવી. ઉસ્તાઝુલ ઉલ્મા સરકાર હાફિઝે મિલ્લત જલાલતુલ ઈલ્મ મુહદ્દિષે મુરાદાબાદી رحمۃ اللہ علیہએ અલ્ જામિઅતુલ અશરફિયા (મુબારકપુર)ની સ્થાપ્ના કરી મિલ્લતે ઈસ્લામિયાને એક મહાન દીની તથા ઈલ્મી કિલ્લો અપર્ણ કર્યો.

### ★ પરંતુ અફસોસ કે....... ★

એ જ ઈસ્લામી મદ્રસાઓ જેની ચાર દીવારીમાં તર્બિયત પામેલ ઉલમા અને બુઝુર્ગાને દીન (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) એ પોતાની પ્રભાવશાળી અને અસરકારક દા'વત તથા તબ્લીગ દ્વારા લાખો ભટકેલા લોકોને હિદાયતનો માર્ગ દેખાડયો, હજારો દિલોમાં ઈશ્કે રસૂલ صلی اللہ علیہ وسلمનો દીપ પ્રગટાવ્યો, અસંખ્ય લોકોને કુફ્રો શિર્કના અંધકારથી કાઢી હક્ક અને ઈમાનના નૂરથી મુનવ્વર કર્યા, જે મદ્રસાઓથી ઈસ્લામ અને પયગંબરે ઈસ્લામ صلی اللہ علیہ وسلم વિરુદ્ધ થતા ખોટા પ્રોપેગન્ડાનો જવાબ આપવામાં આવતો, જ્યાંથી ધાર્મિક, રાજનૈતિક, સામાજિક, આર્થિક દરેક રીતે મુસલમાનોનું માર્ગદર્શન કરવામાં આવતું, ઈલ્મ મેળવવા માટે દુશ્મનો પણ જ્યાં આવવા મજબૂર હતા, એ જ ઈસ્લામી મદ્રસાઓ પોતાનો મૂળ હેતુ ગુમાવી રહ્યા છે. પોતાની ગરીબી અને નાદારીના જાહેર પ્રદર્શનો અને પ્રચાર કરી ઈસ્લામી મદ્રસાઓના માન મર્યાદાનો જનાઝો કાઢી રહ્યા છે, જેનું પરિણામ એ આવ્યું કે મદ્રસાઓના તલ્બાને ત્રીજા, ચાલીસમા અને વરસીના પ્રસંગે માત્ર કુર્આનખ્વાની માટે જ યાદ કરવામાં આવે છે, કેવળ ફાતેહા, નમાઝે જનાઝા અને નિકાહ પઢાવવા માટે જ ઈમામને ઈમામ સમજવામાં આવે છે, કુર્આન, હદીષ તથા ઈલ્મેદીન માટે પોતાના જીવનનો અધિક્તમ ભાગ પસાર કરનાર મદ્રસાના તલ્બા પ્રતિ લોકોની એક જ વિચારધારા બની ગઈ છે કે પઢી લીધા પછી એમને પણ ચંદો કરવા સિવાય કોઈ ચારો નથી !

### ★ આનો જવાબદાર કોણ ?! ★

મદ્રસાઓના જિમ્મેદારો અલ્લાહનો ખૌફ રાખી વિચારે કે મદ્રસા અને તલ્બા પ્રતિ લોકોનું આવુ નકારાત્મક વલણ કોણે બનાવ્યું ? આપણે કદી વિચાર્યું કે મદ્રસાઓની આવી કપરી સ્થિતિ થવાના કારણો શું છે ? એ કયા પરિબળો છે જે મદ્રસાઓની મહત્વતાને ઘટાડી રહ્યા છે, મદ્રસાઓના અસ્તિત્વને નબળુ તથા મદ્રસાની જડોને ખોખરી કરી રહ્યા છે. અત્યાર સુધી તો ગૈર મુસ્લિમો પણ ઈસ્લામી વિદ્યાઓના શિક્ષણને પોતાના માટે ગર્વ સમાન સમજતા હતા. પરંતુ આજે પોતે મુસલમાન કહેવાતા લોકો જ મદ્રસા અને મદ્રસાના તલ્બાથી જાણે કે નફરત કરે છે, એમને તુચ્છતાની સાથે જુએ છે, આવું શા માટે આનો જવાબદાર કોણ ???

### ★ હવે શું કરવું જોઈએ ? ★

આવો ! ઈસ્લામી મદ્રસાઓની પડતીના કારણો, મદ્રસાઓની મહત્વતા અને ઉપયોગિતાનો ખાત્મો કરતા પરિબળો અને તેમના

નિવારણ વિશે ટૂંકમાં જાણીએ જેથી એને અપનાવીને આપણે મદ્રસાની મહાનતા તથા ઉચ્ચતા અને તેના હેતુઓ તથા ધ્યેયો પબ્લિકની સમક્ષ ફરીથી યોગ્ય રીતે રજૂ કરી શકીએ તથા તેમને ધ્યાનિત કરી શકીએ જેથી તેની મહાનતા તથા ઉચ્ચતાના સૌ સ્વીકારનાર બને.

★ મદ્રસાને સ્વાવલંબી બનાવવા માટે મદ્રસાની કમિટી અને કૌમના આગેવાનો તથા હમદર્દોએ ઈખ્લાસ અને નિઃસ્વાર્થપણે ભરપુર કોશિશ કરવી જોઈએ જેથી મદ્રસા આર્થિક રીતે મજબૂત બને અને દીનનું કામ સારી રીતે થઈ શકે.

★ પઢાઈના દિવસોમાં તલ્બા અને ઉસ્તાદોને ચંદા અને ઉઘરાણાં માટે મોકલવામાં ન આવે તથા પઢાઈમાં રુકાવટ બનતાં બીજાં કામો તેમનાથી ન લેવામાં આવે બલ્કે એમને સંપૂર્ણ રીતે તા'લીમનાં કાર્યોમાં વ્યસ્ત રહેવા દઈ મદ્રસાની માલી તથા આર્થિક જરૂરતો પૂરી કરવા માટે અલગ વિભાગ બનાવવામાં આવે.

★ દીની મદ્રસાઓ બનાવવાનો મક્સદ એ છે કે સર્વ બાબતોમાં મુલ્ક અને મિલ્લતને સાચુ માર્ગદર્શન આપી શકે એવા મહાન, દીનના દાઈ અને મુબલ્લિગો તૈયાર કરવામાં આવે, મદ્રસા સ્થાપવાનો હેતુ એ નથી કે આખુ વરસ કુર્આનખ્વાની કરાવી તલ્બાની તા'લીમ બર્બાદ કરવામાં આવે અને એના બદલામાં લોકોથી રમઝાનમાં ચંદો અને બકરા ઈદમાં ચામડાં વસૂલ કરવામાં આવે.

★ મદ્રસાના નામે લોકોથી ચંદો એકત્ર કરી અંગત જરૂરતો પૂરી કરવામાં ન આવે બલ્કે ઈમાનદારીની સાથે તલ્બાઓની સારી અને સંપૂર્ણ તા'લીમો તર્બિયત પેટે ખુદાનો ખૌફે રાખી ચંદાની રકમ ખર્ચ કરવામાં આવે, જેથી લોકોનો વિશ્વાસ સચવાઈ રહે અને એવી કોઈ શંકા ઊભી ન થઈ શકે.

★ લોકોની હમદર્દી તથા આર્થિક મદદ અને ચંદા માટે મદ્રસાના તલ્બા અને ઉસ્તાદોની ગરીબીના રોદણાં રડવા કરતાં મદ્રસાની તા'લીમ તથા તા'મીરી ગતિવિધિઓ અને ઉલમા, તાલિબે ઈલ્મ તથા ઈલ્મે દીનની ફઝીલતો અને આજના જમાનામાં ઈલ્મે દીનની જરૂરત તથા મહત્વતાને લોકો સમક્ષ રાખવામાં આવે જેથી લોકો મદ્રસાની સહાય કરવામાં ગર્વ અને સંતોષ અનુભવે.

★ લોકોને સમજાવવામાં આવે કે તલ્બાનું અસ્તિત્વ કૌમની આગેવાની માટે છે, લોકોના દીન અને દુનિયાને સંવારવા માટે છે, કેવળ ત્રીજીયા, ચાલીસમા અને વરસી વગેરે ખાવા માટે નથી.

★ બાળકોની તા'લીમો તર્બિયત, રહેણી કરણી અને સંસ્કાર તથા સભ્યતા પર ખાસ ધ્યાન આપી એમનું જીવન ઉજ્જવળ બનાવવા સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ કે મદ્રસાના બાળકોને જોઈને બીજા લોકો પણ પોતાની ઔલાદને મદ્રસામાં ખુશી ખુશી દાખલ કરવામાં સંકોચ ન અનુભવે.

★ મદ્રસાના તલ્બાને કુર્આનખ્વાની માટે મદ્રસાથી બહાર મોકલવામાં ન આવે અને બહાર જવાથી તલ્બાની તા'લીમ અને પઢાઈ પર થતાં નુકસાનોથી લોકોને આગાહ કરવામાં આવે, સમજદાર લોકો સારી રીતે સમજી શકે છે કે બાળકો સવારે અથવા બપોરે જ્યારે પણ મદ્રસાથી બહાર જશે તો એમનો ઘણો સમય બર્બાદ થશે અને એકવાર, બેવાર એમ કરી ઘણુ મોટુ તા'લીમી નુકસાન થશે જેની ભરપાઈ ફરી નહીં થઈ શકે.

★ કુર્આન ખ્વાની, ન્યાઝ, દા'વત વગેરે મદ્રસામાં જ કરાવવામાં આવે અને દરરોજ મદ્રસામાં જ ફજરની નમાઝ પછી કુર્આનખ્વાની રાખવી જોઈએ જેથી કોઈ સામાન્ય ગરીબ માણસ પણ ઈચ્છે તો કુર્આનખ્વાની કરાવી શકે. અને સર્વ સુન્ની મર્હૂમોને રોજ ઈસાલે સવાબ થઈ શકે.

- ★ ઉસ્તાદો અને તલ્બા ચુસ્તપણે મદ્રસાના ક઼ાયદા, ક઼ાનૂનનું પાલન કરે તેમજ મદ્રસાના જિમ્મેદારોએ પણ મદ્રસાના નીતિ નિયમોનું પાલન કરવું જોઈએ. ચાલુ વરસે કોઈ દાખલો લેવો જોઈએ, નાની નાની બાબતોમાં ખારજો કરવાથી બચવું જોઈએ જેથી મદ્રસાનું તંત્ર સારી રીતે ચાલતુ રહે.
- ★ ઉસ્તાદો તથા તલ્બાને તેમની જિમ્મેદારીનો એહસાસ અપાવવા માટે થોડા થોડા સમયે અનુભવી મુખ્લિસ ઉલ્માને વાઅઝ તથા નસીહત કરવા માટે બોલાવવામાં આવે.
- ★ સંબંધ અથવા ઓળખના લીધે લાગવગમાં નાઅહલ (ગૈરલાયક) ઉસ્તાદો હરગિઝ ન રાખવા જોઈએ ન એવા સંચાલકો નિમવા જોઈએ બલ્કે ઈમાનદાર, બાસલાહિય્યત (લાયકાતવાળા) મહેનતી ઉસ્તાદો રાખવા જોઈએ તથા સંચાલકો નિમવા જોઈએ અને તેમની સારી કારકિર્દીને બિરદાવવી જોઈએ. પ્રથમ પોઝિશન મેળવનાર તાલિબે ઈલ્મોને વરસમાં કમસે કમ એકવાર ઈનામ આપી એમના હોસલાને વેગ આપવો જોઈએ.
- ★ આધુનિક શિક્ષણ પદ્ધતિને ધ્યાનમાં રાખી દર્સે નિઝામી તથા તેમાં પઢાવવામાં આવતી કિતાબોને નવેસરથી આજની જરૂરતોને સામે રાખી સંપાદિત કરવી જોઈએ તથા દરેક મદ્રસામાં એક જ કોર્સ રાખવો જેથી બાળકો આમ તેમ ન જાય અને એક જ જગાએ દિલ લગાડીને પોતાની પઢાઈ સંપૂર્ણ કરે. (કુલ હિંદ તન્ઝીમુલ મદારિસ અલ્ જામિઅતુલ અશ્રફિયા મુબારકપુરે આધુનિક જરૂરતોને લક્ષમાં રાખી એક નિસાબ તૈયાર કર્યો છે તથા મજલિસે બરકાત અશ્રફિયા મુબારકપુરે સરળ તથા સરસ રીતે દર્સી કિતાબોના પ્રકાશનનું બીડુ ઝડપ્યું છે અને ઘણી કિતાબો અત્યાર સુધી પ્રકાશિત થઈ ચૂકી છે.
- ★ દરેક વિસ્તારમાં "જામેઆ" ખોલીને "દસ્તારે ફઝીલત" આપવા કરતાં ખામેસા, સાદેસા (પાંચમા, છઠ્ઠા કલાસ) સુધી જ મજબૂત અને સારી તા'લીમ આપવી જોઈએ અને ફઝીલત (દર્સે નિઝામીનું અંતિમ વર્ષ) તથા તખસ્સૂસ માટે જિલ્લા સ્તરે અથવા તો કમસે કમ રાજ્ય સ્તરે ઉચ્ચ કક્ષાના મદ્રસાઓની સ્થાપ્ના કરવી જોઈએ જેથી તલ્બામાં નવા ઈલ્મી તથા સ્પર્ધામય માહોલમાં વધુ કાંઈક કરવાનો ઉત્સાહ પેદા થાય.
- ★ ઉસ્તાદ તથા તાલિબે ઈલ્મ કિતાબોનો ગાઢ અભ્યાસ અને તૈયારી કરીને જ દર્સમાં બેસે તથા તાલિબે ઈલ્મ કોઈ સવાલ કરે તો હસતા મુખે જવાબ આપી સંતુષ્ઠ કરવાની કોશિશ કરવી અથવા તો બીજા સમયે જવાબ આપવાનો વાયદો કરવો.
- ★ કમિટી સભ્યો, સ્ટાફ અને બાળકોમાં તથા એક મદ્રસા અને સંસ્થાના, બીજા મદ્રસાઓ તથા સંસ્થાઓ સાથે સારા સંબંધો અને એકતા ઘણી જ અનિવાર્ય છે. પરસ્પર સારા સંબંધો વિકિસિત કરવા માટે શક્ય એવી કોશિશ કરવી જોઈએ. એકબીજા સાથે સલાહ મશ્વરો કરી ઈલ્મી પ્રગતિ માટે આયોજનો કરવાં જોઈએ.

આ સિવાય ઘણી બાબતો ધ્યાનપાત્ર છે. ઉલ્મા, અવામ, જિમ્મેદારો તથા ઈસ્લામ અને સુન્નિયતના સર્વ હમદર્દો દીની તા'લીમ અને ઈસ્લામી મદ્રસાઓ તરફ અલ્લાહ અને રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની રઝામંદી ખાતર જો ઉપરોક્ત વર્ણવેલ બાબતોને ધ્યાનમાં રાખી પોતપોતાની ફરજ બજાવે તો ઈન્શાઅલ્લાહ ! સારાં પરિણામો જોવા મળશે, મદ્રસાઓની અધોગતિ અને નિષ્ફળતા, પ્રગતિ અને સફળતામાં બદલાઈ જશે.

**યહ મદ્રસા હૈ તેરા મયકદા નહીં સાક઼ી**
**યહાં કી ખાક સે ઈન્સાં બનાએ જાતે હૈં**

## બરકાતે ખ્વાજાની ટપાલ...→→→→ કાર્યાલય

**★ જશ્ને શોહદાએ કર્બલા ★**

**જંબુસર** : થી તલાટી યુસુફ કે. મલેક જણાવે છે કે તા. ૧૦–૧૨–૨૦૧૧ શનિવારે ઈશાબાદ "જશ્ને શોહદાએ કર્બલા" હઝરત સૈયદ શૌકત અલીબાવા (ખલીફએ હઝરત નૂરાનીબાવા)ની સદારતમાં જનાબ હાફિઝો ક઼ારી અબ્દુલ ગફ્ફાર અશરફીની નિઝામત હેઠળ યોજાયો જેમાં હઝરત મૌલાના સાદિક઼ સાબરી સાહબ દહેગામીએ તેમજ હઝરત મૌલાના મુહમ્મદ ઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ પોત પોતાની આગવી અનોખી અદામાં અસરકારક બયાનો કર્યા હતા.

**★ ઈન્તેકાલ પુરમલાલ ! ★**

**કુરચણ** : મુક઼ામે હઝરત મૌલાના ઐયૂબ સાહબ કુરચણવીના વાલિદા મોહતરમા જનાબ મર્હૂમા હજીયાણી બીબી બેન તા ૪–૧૨–૨૦૧૧ મુતાબિક ૮ મોહર્રમુલ હરામ હિ.સ. ૧૪૩૩ અને રવિવારના રોજ અલ્લાહ તઆલાની રહમતમાં પહોંચી ગયાં છે. રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં મર્હૂમાની મગફિરત ફર્માવી જન્નતુલ ફિરદૌસમાં આ'લા મક઼ામ અતા ફર્માવે અને કુટુંબીજનોને સબ્રે જમીલ અતા ફર્માવે. (આમીન)

**સાંસરોદ** : હાજી યાકૂબ માસ્તર વલી કોકા તા. ૧૫–૧૨–૨૦૧૧ના રોજ ઈન્તેકાલ કરી ગયા છે. મર્હૂમ નેક સૂરત નેક સીરત તથા સખી દિલ હતા. દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ ખાતે તેમનો ભરપુર સહકાર રહ્યો છે. રબ્બે કરીમ તેના હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની મગફેરત ફર્માવી જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે. કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. સર્વ મર્હૂમો માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવી ઈસાલે સવાબ કરવામાં આવ્યો હતો.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


કિતાબ મંગાવો : **મેઅરાજુલ મોઅમેનીન નમાઝ** (પેજીસ : ૭૨) (હદિયો : ????)

સંપાદક : **મર્હૂમ હાજી અબ્દુલ ગફ્ફાર ચોલા**

પ્રકાશક : **"સુન્ની મિશન"** મુહમ્મદ અમીન એ. ચોલા (નૂરી), ચોલા સ્ટ્રીટ, લીંડી બજાર પાછળ, જામનગર, પીન : ૩૬૧ ૦૦૧, મો. ૯૮૨૪૮ ૩૬૫૦૦

આ કિતાબમાં કલમા, વુઝૂ, નમાઝનું વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે. સંસ્થાના મેમ્બર થનારને ફ્રીમાં મોકલશે. મોબાઈલ પર સંપર્ક કરશો.

**નઅત તથા બયાનની Memory card મંગાવો**

**૦૧** ૭૩માં એક કૌન ? (બયાન)
**૮૦** હઝરત મૌલાના શાકિર અલી નૂરી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)નાં બયાનો
**૪૦** હઝરત અલ્લામા કમરુઝ્ઝમાં આ'ઝમીનાં બયાનો
**૨૫૦** નઅત શરીફ (અલ્હાજ ક઼ારી રિઝવાન સાહબ વગેરે)
**૭૫** ઈસ્લામિક વોલ પેપર
**૨૨૨** દીની સવાલ–જવાબ : હઝરત અલ્લામા મુફતી નિઝામુદ્દીન રઝવી સાહબ

ફક્ત રૂા. ૩૫૦/–

રજૂકર્તા : **સુન્ની દા'વતે ઈસ્લામી–વડોદરા બ્રાન્ચ** મો. 09825979274 (સુલ્તાનભાઈ)

# બરકાતે ખ્વાજા એજ્યુકેશન સેન્ટર



દીની તા'લીમની સાથે દુનિયવી મોડર્ન એજ્યુકેશનના વર્ગો શરૂ કરવા પણ સમયની તાતી જરૂરત બની ગયેલ છે. જેને લક્ષમાં રાખીને **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ"** ખાતે સ્કૂલ માટે અમોએ જગાની ખરીદી કરી લીધી છે જેની રકમ હજી ચૂકવવામાં નાણા ખૂટી રહ્યાં છે તદ્ઉપરાંત તેના પર બાંધકામ કરવાનુ બાકી છે. જેથી કૌમના સખીદાતાઓને નમ્ર અપીલ છે કે સ્કૂલના બાંધકામમાં સહાય માટે આગળ આવે જેથી ઈસ્લામી તા'લીમ સાથે આપણી કૌમના નૌનિહાલો મોડર્ન એજ્યુકેશન મેળ વીને આગળ જતાં કૌમની ભલાઈના કામોમાં ભાગીદાર થઈ શકે.

**તમો કઈ રીતે સહકાર કરી શકો ?**

★ મર્હૂમ માબાપનાં ઈસાલે સવાબ અર્થે રૂમો બનાવી આપીને.

★ તમારા સર્કલમાં માલદાર સખીદાતાને સમજાવીને આ બાંધકામના કાર્યમાં સહાય કરાવીને.

★ ઈંટો, રેતી, કપચી, લોખંડ.....વગેરે કન્સ્ટ્રક્શનનું મટિરિયલ શક્તિ અનુસાર પહોંચાડીને.

★ તેમજ શક્ય તે રીતે આ સ્કૂલની સ્થાપ્નાના કાર્યમાં સલાહ મશ્વરા આપીને.

દુઆ છે કે રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં આ અગત્યના કામમાં સહાય કરનારાઓની બંનેવ દુનિયાને આબાદ કરે તથા તેમના મર્હૂમોની મગફેરત ફર્માવે. (આમીન)

✪ **પટેલ શબ્બીર અલી રઝવી (પ્રમુખ)** ✪ **હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાલા (નાઝિમે આ'લા)**

## ✪ દયાદરામાં ઉર્સે અઝીઝી મનાવાયો ✪

**દયાદરા :** ૭ મુહર્રમ શરીફના રોજ **હઝરત મૌલાના સૈયદ અબ્દુલ અઝીઝ તિર્મિઝી ઉર્ફે બડા સાહબ** رحمۃ اللہ علیہનો ઉર્સ મુબારક મનાવાયો જેમાં ઝહોર બાદ રાબેતા મુજબ જુલૂસ ગામમાં ફરીને દરગાહ શરીફ પહોંચ્યું જ્યાં ચાદર પોશી, ગુલપોશી તથા સલાતો સલામ તથા દુઆ હઝરત સૈયદ નૂરાનીબાવા તથા હઝરત સૈયદ ફરીદબાવાની હાજરીમાં થઈ. બીજા દિવસે દરગાહ પર સવારમાં કુર્આનખ્વાની બાદ સલાતો સલામ દુઆ થઈ હતી. બાદમાં ન્યાઝ જમાડવામાં આવી જેમાં ગ્રામ્યજનો તથા બહાર ગામના મુરીદો, અકીદતમંદોએ બહોળી સંખ્યામાં હાજરી આપી હતી.

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

૧. **સૈયદ યુવતી** : ઉમર : ૩૩ વર્ષ, ઊંચાઈ : ૫.'૪", એજ્યુ. : ડિપ્લોમા એમ. એલ.ટી, નિઃસંતાન ડિવોર્સી (જિ. ગાંધીનગર) મો. 9904740092 (સૈયદને પ્રથમ પસંદગી)

૨. **સૈયદ યુવાન** : ઉમર : ૨૮ વર્ષ, ઊંચાઈ : ૫'.૫" બિઝનેસમેન માટે. (જિ. ગાંધીનગર) મો. 9904740092 (સૈયદને પ્રથમ પસંદગી)

૨. **પટેલ યુવતી** : જ.તા. ૧૭–૬–૧૯૮૩, ઊંચાઈ : ૫'.૩", વજન : 52 kgs, કુંવારી, એજ્યુ. B.com L.L.B., M.S. Office, DTP, Tally, Internet

નોંધ : **સુન્ની (બરેલ્વી) સિવાય કોઈ અન્ય ફિર્કાવાળાએ સંપર્ક કરવો નહીં.**

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલયનો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

**સખીદાતાઓ ! એક નઝર ઈધર ભી !**

# દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ

ઠે. ચાર રસ્તા બસ સ્ટેન્ડ પાસે, મુ.તા. આમોદ, જિ. ભરૂચ
ફોન : (૦૨૬૪૨) ૨૪૬૧૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, ૯૪૨૬૮ ૪૦૨૭૭
**Web. :www.barkatekhwaja.net Email : anjuman2006@hotmail.com**

**પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો !** અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના ફઝલો કરમથી, સરકારે દો જહાં ﷺની નઝરે ઈનાયતથી, ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના ફયૂઝાને કરમથી આપણી પ્યારી સંસ્થા **"દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ"** ક્રમે ક્રમે તરક્કી કરી રહેલ છે. ઈ.સ. ૨૦૦૨થી સામાન્ય હોલમાં "હિફ્ઝ કલાસ" ઉમદા કારીની તા'લીમ હેઠળ પીરે તરીકત **હઝરત સૈયદ મુહમ્મદ યૂસુફ નૂરાનીબાવા પેટલાદી** (શાહઝાદાએ મોહસિને મિલ્લત હઝરત સૈયદ નૂરાનીબાબા رحمۃ اللہ علیہ)ની ભલી દુઆઓ સાથે અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી **હઝરત મૌલાના શાકિર અલી નૂરી રઝવી**ની નિગરાનીમાં શરૂ થયો અને **આજે તજવીદ સાથે સહીહ કુર્આન પઢવા બાબતે દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદના હાફિઝો તથા તલબા પોતાની એક આગવી ઓળખ ધરાવે છે. અલ્હમ્દુલિલ્લાહ !** પાંચ વરસ પર આલિમ કલાસની શરૂઆત કરી હતી આજે રાબેઆ જમાઅત સુધી તલબા પહોંચ્યા છે. દર વર્ષે એક જમાઅત આગળ વધે છે, જેમની પાછળ ઉમદા ઉસ્તાદો મહેનત કરી રહ્યા છે. અમામાની તથા સુન્નતોની પાબંદી સાથે સફેદ લિબાસમાં ડિસિપ્લીન સાથે તલબાને યોગ્ય તા'લીમ સાથોસાથ અંગ્રેજી તથા કોમ્પ્યુટરની તા'લીમના પિરિયડમાં દરેકને ફરજીયાત તા'લીમ અપાય છે તથા પરીક્ષા પણ એની લેવાય છે. તેમજ દીની ખિદમત કરવાની પ્રેરણા માટે સતત તર્બિયત ઉસ્તાદો થકી ડેઈલી થાય છે. આસપાસ ગામોમાં **નૂરી કાફલા** મોકલી તબ્લીગે દીન કરવામાં આવે છે. હાલ લગભગ ૭૦ તલબા ઉપરાંત ૫- મિસ્બાહી આલિમોમાં એક મુફતી સાહબ, ૨-કારી સાહબો તથા અન્ય થઈને ૧૦નો સ્ટાફ છે. ખર્ચ દિવસે દિવસે વધી રહ્યો છે જેને પહોંચી વળવુ કઠિન જણાય છે. માટે કેવળ અલ્લાહની રઝાને ખાતર આ તરફ સહાયનો હાથ લંબાવવા અપીલ છે.

### ✯ અમારી જરૂરતો પ્રતિ લક્ષ કરશો ! ✯

★ દારુલ ઉલૂમનો અનાજ-પાણી, પગાર વગેરેનો હાલ માસિક ખર્ચ લગભગ **રૂા. સવા લાખ છે.**

★ લાયબ્રેરી હોલ બનાવવો બાકી છે જેનો ખર્ચ લગભગ **રૂા. ૮ લાખ** થશે.

★ ફેમિલી ક્વાટર્સ સંપૂર્ણ કરવા **રૂા. ૩ લાખ ખર્ચ** થશે જેમાં બે ફેમિલી (૧ રૂમ રસોડુ) રહી શકશે.

★ ભવિષ્યમાં **કિર્અત તથા તજવીદ**ના **સ્પેશ્યલ કોર્સ** સાથે **"કારી કલાસ"** શરૂ કરવાની ખ્વાહિશ છે જેના માટે અધિક ઉમદા કારી રાખવામાં આવશે. (ઈન્શાઅલ્લાહ !)

આ ઉપરાંત અન્ય યોજનાઓ અનુકૂળતા પ્રમાણે અમલમાં આવશે તો આપનાથી ભરપુર સહકારની અપેક્ષા છે. તમારા થતા મર્હૂમોના સવાબ અર્થે બાંધકામમાં લિલ્લાહ તેમજ ખેરાત ઉપરાંત ઝકાત, સદકા, ન્યાઝ, કુર્બાનીની ખાલો વગેરેથી સહાય કરશો.

**✪ પટેલ શબ્બીર અલી રઝવી (પ્રમુખ)** **✪ હાફેઝ અબ્દુર્રહીમ ભોલાવવાલા (નાઝિમે આ'લા)**